بِسْمِ اللّٰہِ الرَّحْمٰنِ الرَّحِیْمِ

બફયૂઝે રૂહાની સુલ્તાનુલ હિંદ ખ્વાજા ગરીબ નવાઝ رحمۃ اللہ علیہ બયાદગારે ઈમામ અહમદ રઝા મુહદ્દિષે બરેલ્વી رحمۃ اللہ علیہ



**અહલે સુન્નત વ જમાઅત**

**એટલે**

**મસ્લકે આ'લા હઝરત**

**નું અજોડ મુખપત્ર**


# બરકાતે ખ્વાજા *(માસિક)*

**તા. ૦૧-ડિસેમ્બર-૨૦૧૫**

સફરુલ્ મુઝફ્ફર-રબીઉલ અવ્વલ શરીફ

હિજરી સન : ૧૪૩૭

વર્ષ : ૧૨, અંક : ૧૨, સળંગ અંક : ૧૪૪

સ્થાપક અને પ્રકાશક

**ઈસ્લામિક વેલ્ફેર મિશન-દયાદરા**



**પત્ર વ્યવહારનુ સરનામું**

**બરકાતે ખ્વાજા (માસિક)** C/o. ફયૂઝાને રઝા મંઝિલ, મુ.પો. **દયાદરા**, તા. જિ. : ભરૂચ, પિન. ૩૯૨૦૨૦ ફોન. : (૦૨૬૪૨) ૨૮૦૦૧૧, મો. : ૯૪૨૭૪૬૪૪૧૧

Web. :www.barkatekhwaja.net

Email : anjuman2006@hotmail.com


**★ લવાજમ ★**

| | | |
|---|---|---|
| છુટક નકલ | રૂા. | ૨૦/- |
| વાર્ષિક લવાજમ | રૂા. | ૧૮૦/- |
| વિદેશ માટે | રૂા. | ૧,૫૦૦/- |
| પેટ્રન ફી (૧૧ વર્ષ માટે) | રૂા. | ૨,૦૦૦/- |
| આજીવન | રૂા. | ૪,૫૦૦/- |
| વિદેશ માટે પેટ્રન | રૂા. | ૧૨,૦૦૦/- |
| વિદેશ માટે આજીવન | રૂા. | ૨૦,૦૦૦/- |


**માનદ તંત્રી**

**પટેલ શબ્બીર અલી રઝવી દયાદરવી**


## ● અનુક્રમણિકા ●


| | | |
|---|---|---|
| 01 | આવો ! વાદીએ નૂરની તરફ..... | 02 |
| 02 | વો ઘટાએં ઉસે મંઝૂર હે બળ્હાના તેરા ﷺ | 03 |
| 03 | કન્ઝુલ ઈમાન વ ખઝાઈનુલ ઈરફાન | 11 |
| 04 | (દર્સે હદીષ) મિર્આત (ઉર્દૂ) શર્હે મિશ્કાત | 14 |
| 05 | હદાઈકે બખ્શિશ | 16 |
| 06 | અસ્માઉલ હુસ્ના | 18 |
| 07 | હશ્ત બહિશ્ત : મલ્ફૂઝાતે ખ્વાજગાને ચિશ્ત | 20 |
| 08 | કાનૂને શરીઅત | 23 |
| 09 | ગલતફહમી તથા તેની સુધારણા | 27 |
| 10 | ફિક્હે હનફીમાં સમય તથા સંજોગોનો લેહાઝ | 30 |
| 11 | યહૂદી વિશ્વ પર કેમ છવાયેલા છે ? | 35 |
| 12 | તહ્કીક વિના કાંઈ પણ કહેવુ અકલમંદી નથી | 37 |
| 13 | દુનિયાની આફત તથા આખેરતની મુસીબત સંબંધે આપણો અભિગમ | 40 |
| 14 | ઈસ્લામમાં સિફારિશનું શું સ્થાન છે ? | 42 |
| 15 | બરકાતે ખ્વાજાની ટપાલ | 45 |


## જશ્ને મીલાદ હમ મનાએંગે...

જશ્ને મીલાદ હમ મનાએંગે
રબસે સદકા નબીકા પાએંગે
દૂર દિલકી સિયાહી કરનેકો
મેહફિલે નઅત હમ સજાએંગે
આજકી શબ હે રહમતોંકી શબ
રબકી રહમતમેં હમ નહાએંગે
માંગના હે તો મદીના માંગો
સદકએ મીલાદ વો બુલાએંગે
દેખકર કબ્રમેં હુઝૂરકો હમ
નઅતે સલ્લિ અલા સુનાએંગે
મુઝકો ઝાલિમ ન સમઝના બેબસ
મેરે આકા મુઝે બચાએંગે
અપની આંખોંકી હિફાઝત કરના
અપના જલ્વા તુમ્હેં દિખાએંગે
અપને કાનોંકી હિફાઝત કરના
મુઝદહ્ બખ્શિશકા વો સુનાએંગે
અપને હાથોંકી હિફાઝત કરના
જામ કૌષરકે વો પિલાએંગે
કાશ ! ફર્મા દે હશરમેં આકા
આ જા **'શાકિર'** તુઝે નિભાએંગે

**અઝ :** અતાએ મુફતીએ આ'ઝમ અમીરે સુન્ની દા'વતે ઈસ્લામી
**હઝરત મૌલાના મુહમ્મદશાકિર નૂરી રઝવી-મુંબઈ**

# આવો ! વાદીએ નૂરની તરફ.....

અત્યારે હું **Long Island New York America**માં છું. કાલે રાત્રે સંજોગોવસાત કેટલાક લોકો પોતાના અંગત મસાઈલના બારામાં મશ્વરા માટે મારી કયામગાહ પર આવ્યા. એમના મસ્અલાના હલ પછી અમેરીકાની હાલત પર વાતચીત થવા લાગી. વાતચીત દરમ્યાન એક સાથીને મેં પૂછયું કે, અહીંયાં યહૂદી અને ઈસાઈ ઈબાદતગાહો આબાદ છે કે વેરાન ? એમણે કહ્યું કે વિરાન છે. યહૂદી અને ઈસાઈનાં ચર્ચ વગેરે આબાદ ન હોવાને કારણે વેચાઈ રહ્યાં છે અને કેટલાંકને મુસલમાનોએ ખરીદીને મસ્જિદમાં બદલી નાખ્યાં. પછી મેં એમને મસ્જિદ વિશે પૂછયું તો એમણે ઘણો હકારાત્મક જવાબ આપ્યો, અને મેં જાતે અનુભવ કર્યો કે અલ્હમ્દુલિલ્લાહ ! અહીંયાની લગભગ બધી જ મસ્જિદોમાં નમાઝી મોટી સંખ્યામાં હોય છે.

એના પછી અમેરીકાના લોકોની જિંદગીના ઉપર વાતચીત થવા લાગી. મેં પૂછયું, અહીંયાંના લોકો ખૂશહાલ હશે ? તો એમને જવાબ આપ્યો કે જો તમે સૌથી વધારે માયૂસ અને ગમગીન લોકોને જોવા માંગતા હોવ તો અહીંયાંની પબ્લિકને જોઈ શકો છો. મેં પૂછયું, એનું કારણ શું છે ? બતાવવામાં આવ્યું કે **Depression** અને ગુનાહોમાં સુકૂન (શાંતિ) મેળવવાની તલાશ ! દરેક જ લોકો ભૌતિક વસ્તુઓને સુકૂનનો ઝરીયો સમજી રહ્યા છે, અને એટલા માટે વધુમાં વધુ ધન પ્રાપ્તિના માટે અને માલની અધિકતાના માટે વધારેમાં વધારે ગુનાહોમાં સપડાયેલા જોવા મળે છે.

મજલિસમાં આમ તેમની પણ વાતો થઈ અને પછી મહેમાન વિદાય થયા. મેં વિચાર્યું અમેરીકા જેવો પ્રગતિ પામેલ દેશ અને અહીંયાં ઉદાસીનું પુર ?! એનું ખાસ કારણ શું કોઈ શકે છે ?! વિચારતાં વિચારતાં એક વાત દિમાગમાં આવી કે **જ્યારે કોઈ કૌમનો સંબંધ અલ્લાહથી કમજોર થઈ જાય તો પછી તે પરેશાનીમાં પડી જાય છે.** આકાએ કરીમ ﷺની પેદાઈશ પહેલાં ખાસ કરીને અરબના કબીલાઓની હાલત જોવામાં આવે તો ત્યારનો માહોલ પણ અત્યારના પ્રગતિ પામેલા દેશોની જેમ જ હતો, પરંતુ મારા આકાએ કરીમ ﷺએ આયતે કરીમા اُدْعُ اِلٰی سَبِیْلِ رَبِّکَ بِالْحِکْمَۃِ وَ الْمَوْعِظَۃِ الْحَسَنَۃِ ની રોશનીમાં લા કાનૂનિયત અને ખુદા ફરામોશીમાં ડૂબેલા એ કબીલાઓને આ લા'નતથી કાઢીને અલ્લાહની તરફ વાળી દીધા જેના કારણે એમનો સમાજ સુકૂન અને શાંતિથી ભરાઈ ગયો અને એમને એવું સુકૂન અને સંતોષ મળ્યો કે જમાનો એનું દૃષ્ટાંત રજૂ નથી કરી શકતો.

સાચી વાત છે કે સુકૂન (શાંતિ) અને સંતોષ ફકત અને ફકત અલ્લાહના ઝિક્રથી મળે છે, એના સિવાય બીજી કોઈ વસ્તુ શાંતિ અને સુકૂન નથી આપી શકતી.

આજે જરૂરત છે કે તૌહીદ તથા રિસાલતના અકીદાને સારી રીતે દિમાગમાં બેસાડી લેવામાં આવે. આપણા રબની શાન અને એની તાકત તથા શક્તિ અને કબજા તથા ઈખ્તિયારના બારામાં જાણવામાં આવે. અને એ જ પ્રમાણે રહમતે આલમ ﷺની અઝમત તથા શાનને સમજવામાં આવે કે જેથી આપણે કદી ઉદાસીની ચુંગાલમાં ન ફસાઈ જઈએ. દરેક જગાએ દરેક કદમ પર આપણે અલ્લાહ ﷻ પર હોસલો, ભરોસો અને તવક્કુલ રાખીએ. ખુદાની બારગાહમાં શરીરને ઝુકાવવાની સાથોસાથ મનને પણ ખુદા વ રસૂલની મહોબ્બતથી તરબોળ કરીએ. ડો. ઈકબાલે સાચુ લખ્યું છે :

**ઝબાં સે કેહ ભી દિયા લા ઈલાહ તો ક્યા હાસિલ**
**દિલો નિગાહ મુસલમાં નહીં તો કુછ ભી નહીં**

અલ્લાહ તઆલાની શાન એ છે કે یَعْلَمُ خَآئِنَۃَ الْاَعْیُنِ وَمَا تُخْفِی الصُّدُوْر એ નિગાહો અને દિલોમાં છુપાયેલ વાતોને પણ જાણે છે. આપણો ફકત દેખાવ મુસલમાન હોય તો તેનો કોઈ ફાયદો નથી, જ્યાં સુધી અંતર પણ મુસલમાન ન થઈ જાય.

પશ્ચિમી દુનિયાની દરો દીવાર તો રોશન છે, પરંતુ દિલમાં અંધકાર છે ! ઈસ્લામ દિલને મુનવ્વર કરવાની તા'લીમ આપે છે. દિલ અલ્લાહ અને એના રસૂલની મહોબ્બતથી મુનવ્વર હશે તો બેચૈની પણ દૂર થશે અને દિલોનું સુકૂન આપણી જિંદગીમાં દાખલ થશે. દિલોને મુનવ્વર કરવા અને ખુદાની મઅરેફતની દોલતથી માલામાલ થવા માટે થોડાક કદમો ચાલો અને વાદીએ નૂર આઝાદ મેદાન, મુંબઈમાં થનારા **"સુન્ની દા'વતે ઈસ્લામી"**ના સુન્ની ઈજતેમા (૧૧,૧૨,૧૩, ડિસેમ્બર–૨૦૧૫)માં હાજરી આપો ! આ એ મેહફિલો છે કે જેમાં આવ્યા બાદ મુર્દા દિલ ઝિંદા થાય છે અને નેકીઓથી મહોબ્બત અને ગુનાહોથી નફરત થાય છે, અને દિલ મુનવ્વર થાય છે. *(૪ નવેમ્બર–બુધ, મુ. : લોંગ આઈસલેન્ડ, ન્યુયોર્ક–અમેરીકા)*

*–(સુન્ની દા'વતે ઈસ્લામી મંથલી, ડિસે.–૨૦૧૫)*

અઝ : હઝરત મૌલાના મુહમ્મદશાકિર નૂરી રઝવી *(અમીરે સુન્ની દા'વતે ઈસ્લામી)*

અનુવાદક : હાફિઝ મુહમ્મદસજ્જાદ પટેલ–દયાદરા

# વો ઘટાએં ઉસે મંઝૂર હૈ બઢાના તેરા ﷺ

તંત્રી લેખ

**તેરે ખુલ્ક કો હક્કને અઝીમ કહા-તેરી ખલ્ક કો હક્કને જમીલ કિયા**
**કોઈ તુઝસા હુવા હૈ ન હોગા શહા-તેરે ખાલિકે હુસ્નો અદાકી કસમ** *-(આ'લા હઝરત)*

હદીષે પાકમાં છે, અલ્લાહના રસૂલ ﷺ ફર્માવે છે કે : તમારામાંથી કોઈ ઈમાનવાળો થશે નહીં જ્યાં સુધી હું તેને તેના મા બાપ, ઔલાદ તથા **"તમામ લોકો કરતાં વધારે પ્રિય"** ન થઈ જાઉં. *(બુખારી, વ મુસ્લિમ, રાવી : અનસ બિન માલિક رضی اللہ عنہ)*

એક હદીષમાં છે : તમારામાંથી કદીય કોઈ મો'મિન થશે નહીં જ્યાં સુધી હું તેને તેના **"પ્રાણ કરતાં વધારે પ્યારો"** ન થઈ જાઉં. *(બુખારી, રાવી : હઝરત અબૂહુરૈરહ رضی اللہ عنہ, નુઝહતુલ કારી, ભાગ-૧)*

વિચારો ! મુસલમાનો ! જ્યાં સુધી અલ્લાહના પ્યારા મહબૂબ ﷺની મહોબ્બત આપણા દિલમાં જગતભરના સર્વ લોકો બલ્કે મા બાપ કરતાં પણ, બલ્કે આપણી જાન કરતાં પણ વધારે નથી તો આપણે મો'મિન નથી. સારાંશ કે રસૂલે પાક ﷺની મહોબ્બતને ખાતર સર્વ લોકો તથા મા બાપ છોડવાં પડે તો છોડી દેવાં પણ રસૂલે પાક ﷺની મહોબ્બત ન છૂટે. બલ્કે મહબ્બતે રસૂલમાં જાન પણ કુર્બાન કરવાનો વારો આવે તો તે પણ કુર્બાન કરે તે સાચો મો'મિન ગણાશે, નહીં તો ફક્ત દલીલ વિનાનો દાવેદાર જ રહેશે !

**★ જેની સાથે જાન કરતાં અધિક મહોબ્બત હોય તેના પ્રત્યે કેવું વર્તન થશે ?! ★**

જેના પ્રત્યે ઈન્સાનને મહોબ્બત હોય છે તો તેના ચહીતા પાત્રમાં તેને ખૂબીઓ અને ખૂબીઓ જ નજર આવે છે, તેના અયબ સંબંધે તો વાત સાંભળવા પણ તૈયાર નથી હોતો, આ મહોબ્બતનો તકાઝો છે. અને જેને જાનથીય પ્રિય ગણે તેના કોઈ અયબ કાઢે, તેની પ્રતિભા કે શાનને ઘટાડવા કોઈ ઉતરતા શબ્દો બોલે તો તેને તે સહન કરી શકતો નથી, બલ્કે પોતાના પ્રિય પાત્ર માટે સહેજ ઘસાતુ બોલનારને તે દુશ્મન સમજે છે. આ તો સામાન્ય માણસની અન્ય માણસ પ્રત્યેની મહોબ્બતમાં આ વર્તન તથા લગાવ તેના ચાહનારને હોય છે કે તેના ખરેખર અયબને પણ અયબ માનવા તે તૈયાર થશે નહીં. જ્યારે કે **અલ્લાહના પ્યારા મહબૂબ ﷺ કે જેમને અલ્લાહ તઆલાએ બેઅયબ પેદા કર્યા છે, તેમનામાં કોઈ અયબ બતાવે અથવા તેમની શાનને ઉતારી પાડતા શબ્દો બોલે કે લખે કે એવો અકીદો ધરાવે તો તે કયા મોઢે પોતાને રસૂલુલ્લાહ ﷺને ચાહનારો કહી શકે છે ?!** યકીનન ! તે નબી પાક ﷺનો ગુસ્તાખ પુરવાર થશે અને ઈસ્લામના વર્તુળથી બહાર નીકળી જનારો સાબિત થશે.

તમે વિચારશો કે અરે ! અલ્લાહ ﷻએ જેમને પોતાના રસૂલ બનાવ્યા, બલ્કે અંબિયાઓના સરદાર બનાવ્યા તેમના વિશે ઉતરતી કક્ષાના શબ્દો બોલવાની હિંમત કોણ કરી શકે છે ?! પણ હા ! આ પૃથ્વીના પટ પર એવા પણ બદબખ્ત લોકો છે અને કેટલાય પૃથ્વીના પટ નીચે દટાઈ ગયા કે જેમણે અલ્લાહના બેમિષાલ શાનવાળા નબી માટે હલકા શબ્દો ઉચ્ચાર્યા તથા લખ્યા અને પોતે જહન્નમને વહાલા થઈ ગયા ! (અલ્લાહની પનાહ !)

**★ તે કોણ લોકો છે અને શાને મુસ્તફામાં કેવાક નીચ શબ્દો કહ્યા ?! ★**

અખંડ ભારતમાં એક સાથે બે ગુમરાહ ફિર્કાઓ (૧) ગૈર મુકલ્લિદ કહેવાતા **અહલે હદીષ** (૨) **દેવબંદી-જમાતી**ના સ્થાપક જન્મદાતા મોલ્વી ઈસ્માઈલ દહેલ્વીએ પોતાની કિતાબ **"તકવિયતુલ ઈમાન"**માં નબી પાક ﷺની શાન ઘટાડતાં તૌહીદને આડ બનાવીને લખ્યું છે કે :-

**૧.** જેનું નામ મુહમ્મદ (સલ.)★ કે **અલી (રદી.)** છે તે **કોઈ ચીજના માલિક અને મુખ્તાર નથી.** *(પેજ-૧૨૩)*

**૨.** લખે છે : આવું બોલવું ન જોઈએ કે, "અલ્લાહ અને રસૂલ (સલ.) ચાહશે તો ફલાણુ કામ થઈ જશે !" કારણ કે આખા જગતનો વહિવટ અલ્લાહ તઆલાની ઈચ્છાથી જ પાર પડે છે. **"રસૂલ (સલ.)ના ઈચ્છવાથી કશું થતું નથી."** *(પેજ-૧૬૬)*

**૩.** અવલિયા, અંબિયા, ઈમામ, ઈમામ પુત્રો, પીરો, શહીદો વગેરે જેટલાય અલ્લાહના મુકર્રબ બંદાઓ છે તે સઘળા ઈન્સાનો જ છે અને **અલ્લાહના વિવશ (લાચાર) બંદાઓ** તથા **આપણા ભાઈઓ** છે, પરંતુ અલ્લાહ તઆલાએ એમને મોટાઈ અર્પણ કરેલી છે, એટલે તેઓ **"આપણા મોટાભાઈ" ઠર્યા** એ કારણે આપણ સૌને એમની પેરવી કરવાનો હુકમ થયેલો છે. **આપણે એમના નાના (ભાઈઓ) છીએ,** એટલે આપણે એમનું સન્માન કરવું જોઈએ, પણ આ સન્માન (તાઝીમ) ઈન્સાનો જેવું હોવું જોઈએ, ખુદા જેવું નહિ. *(પેજ-૧૬૬)*

**૪.** દરેક મખ્લૂક **ચાહે તે નાનો હોય કે મોટો** (નબી, વલી) અલ્લાહની શાનની સામે **"ઢેડ ચમાર"થી પણ અપમાનિત (નીચ)** છે. *(પેજ-૪૯ તથા ૫૧)*

**૫.** (મોલ્વી ઈસ્માઈલ દહેલ્વી એક હદીષનો ભાવાર્થ સમજાવતાં લખે છે :) એટલે કે કોઈ બુઝુર્ગની શાનમાં જોઈ વિચારીને અને જીભ સંભાળીને બોલતા રહો અને જે તારીફ **માનવીને છાજતી હોય તેવી જ તારીફ કરો અને એમાં પણ યથાશક્તિ વાતને ટૂંકાણમાં જ પતાવતા રહો...**(પેજ-૧૯૪) એટલે **માનવીને છાજે એવી તારીફમાં પણ કમી કરો !**

**૬.** અલ્લાહ તઆલાએ આપને જ આ હુકમ ફર્માવ્યો કે **લોકોની સામે પોતાની વિસાત (હૈસિયત) વર્ણવી દો** કે મને કાંઈ જ કુદરત પ્રાપ્ત નથી, અને હું ગૈબ પણ જાણતો નથી. મારી કુદરતનો અંદાજો આટલેથી જ લગાડી લો કે **હું સ્વજાત માટે ય નફા-નુકસાનનો માલિક નથી તો બીજાઓને તો શું લાભ-નુકસાન પહોંચાડી શકવાનો હતો ?...***(પેજ-૭૪)*

★ હુઝૂર ﷺના નામ સાથે (સલ.) વગેરે ટૂંકાણમાં લખવું હરામ છે પણ આ ગુસ્તાખી કરવાનો અંદાજ છે કે જાણીબુઝીને દેવબંદી વહાબીઓ એવું જ લખે છે. *-તંત્રી : બરકાતે ખ્વાજા (માસિક)*

૭. **(એક જગાએ લખ્યું છે)** : અલ્લાહ તઆલા પોતાના બંદાઓની સાથે દુનિયામાં યા ક઼બરમાં કે આખેરતમાં જે વર્તાવ કરશે એની હક઼ીક઼ત અલ્લાહ તઆલા સિવાય કોઈ જાણતું નથી, **ન કોઈ નબી અને ન તો કોઈ વલી–બુઝુર્ગ આ હક઼ીક઼ત જાણે છે. તેઓ જ્યારે પોતાની હાલત જાણતા નથી તો બીજાઓની હાલત કેવી રીતે જાણી શકવાના હતા ?....** *(પેજ–૮૦)*

*(ઉપરોક્ત સાત અક઼ીદાની વાતો ઉર્દૂમાં દેવબંદી મોલ્વી ઈસ્માઈલ દહેલ્વીની લખેલી કિતાબ ''તક઼્વિયતુલ ઈમાન''માં લખેલી છે. ગુજરાતી અનુવાદક : હસન ભડકોદ્રવી, પ્રકાશન નં. ૯૬, આવૃત્તિ–પાંચમી, પ્રકાશક : દારૂલ ઉલૂમ ભરૂચ–કંથારીયા)*

## ★ શું કુર્આન હદીષની રૂએ ઉપર દર્શાવ્યા એ જ અક઼ીદા મુસલમાનના હોવા જોઈએ ?! ★

**હે મુસલમાન ભાઈઓ ! બહેનો !** નબી પાક ﷺની શાનમાં ઉપરોક્ત લખાણને ફરી વાંચો અને દિલ પર હાથ રાખીને કહો કે શું આવા અક઼ીદાવાળો પણ મુસલમાન કહેવાય ?! શું અલ્લાહ તઆલાએ જેમને નબીઓના રસૂલોના સરદાર સૈયદુલ અંબિયા બનાવીને મોકલ્યા તેમને કોઈ જ અધિકાર કોઈ જ કમાલો નથી આપ્યા ?! એ પણ યાદ રાખશો કે એ જ કિતાબમાં **હુઝૂર ﷺના ઈલ્મને કે ઈખ્તિયારને ''અલ્લાહના આપવાથી માનીએ તો પણ'' શિર્ક ગણાશે, અને એ રીતે પણ નબીને ઈલ્મવાળા કે ઈખ્તિયારવાળા માનીએ તો આપણે મુશ્રિક થઈ જઈએ !** એવું સ્પષ્ટ લખેલું છે. *(જુઓ એ જ ગુજરાતી કિતાબનાં પેજ નં. ૩૮, ૩૯)*

આવો ! દોસ્તો ! હવે આપણે જોઈએ કે કુર્આન હદીષમાં નબી પાક ﷺની શું શાન દર્શાવી છે તથા સહાબાએ કિરામનો આપ ﷺની શાનના બારામાં શું અક઼ીદો હતો.

**ઈમામ તિર્મિઝીએ** હઝરત અનસ ઈબ્ને માલિક رضی اللہ عنہથી રિવાયત કરી કે શબે અસ્રા (મેઅરાજ)માં નબી કરીમ ﷺની પાસે લગામ અને ઝીન સહિત બુરાક઼ લાવવામાં આવ્યું જે સવારીના સમયે ઉછળવા લાગ્યું તો **જિબ્રઈલ** علیہ السلام**એ ફર્માવ્યું** કે તું સરવરે કાઈનાત ﷺની સમક્ષ આવી હરકત કરે છે ! જ્યારે કે **આનાથી પહેલાં તારા ઉપર કોઈ એવો શખ્સ સવાર નથી થયો જે ''અલ્લાહ તઆલાની નજીક સૌથી વધારે ઈજ્જતવાળો'' હોય.** આ સાંભળીને બુરાક઼ પસીનો પસીનો થઈ ગયું. *(જવાહિરુલ બિહાર ફી ફઝાઈલિન્નબિય્યિલ મુખ્તાર, પેજ–૩૦, લેખક : અલ્લામા મુહમ્મદ યૂસુફ નબ્હાની علیہ الرحمہ, હિ.સ. ૧૨૬૫–૧૩૫૦, પેજ–૩૦)*

**વિચારો !** હઝરત જિબ્રઈલ علیہ السلام તો કહે છે કે આપણા નબી ﷺ અલ્લાહ તઆલાની નજીક સૌથી વધારે ઈજ્જતવાળા છે, જ્યારે દેવબંદી વહાબી કહે છે કે, **એમની ''મોટાભાઈ'' જેટલી જ ઈજ્જત કરવી, અલ્લાહની શાન સામે ''ઢેડ ચમાર''થી પણ અપમાનિત (નીચ) છે, (સામાન્ય) માણસ જેટલી એમની તારીફ કરો બલ્કે એમાં પણ કટિંગ કરો !** તો હવે તમે કોની વાત માનશો ?! આ ગુસ્તાખે નબી દેવબંદી વહાબીની કે માસૂમ ફરિશ્તાઓના સરદાર હઝરત જિબ્રઈલ علیہ السلامની ?!

વળી કુર્આને પાકમાં અલ્લાહ તઆલા ખુદ ફર્માવે છે : وَمَآ اَرْسَلْنٰكَ اِلَّا رَحْمَةً لِّلْعٰلَمِيْنَ ''અને અમે

તમને નથી મોકલ્યા પણ રહમત સર્વ જહાનો માટે." *(સૂ. અંબિયા–૧૦૭)*

ઈમામ સમરકંદી رحمۃ اللہ علیہએ ફર્માવ્યું કે, **"આપ જિન્નો તથા ઈન્સાનોના માટે રહમત છે."** કેટલાય બુઝુર્ગોને દીન ફર્માવે છે કે, **"આપ સમગ્ર મખ્લૂક઼ના માટે રહમત છે."** હવે દેવબંદી અક઼ીદા પર વિચાર કરો કે **જે સર્વ મખ્લૂક઼ માટે રહમત હોય તેની તાઝીમ કેવળ "મોટાભાઈ" જેટલી જ કરવામાં આવે ?! શું આ જ જાનથી વધારે પ્યારા નબી ﷺની મહોબ્બતનો તકાઝો છે ?!**

એ જ આયત હેઠળ છે કે હઝરત અબૂ સઈદ ખુદરી رضی اللہ عنہથી રિવાયત છે કે નબી અકરમ ﷺએ ફર્માવ્યું, જિબ્રઈલ علیہ السلامએ મારી પાસે હાજર થઈને અર્ઝ કરી કે યા રસૂલલ્લાહ ! ﷺ મારો તથા તમારો રબ ફર્માવે છે કે શું તમે જાણો છો કે આપના ઝિક્રને કેવી રીતે બુલંદ કરવામાં આવ્યું છે ? આપે ફર્માવ્યું, અલ્લાહ તઆલા જ બેહતર જાણે છે. જિબ્રઈલ علیہ السلامએ અર્ઝ કરી, **"ખુદાનો ઈર્શાદ છે કે જ્યાં મારું ઝિક્ર થશે ત્યાં તમારું પણ ઝિક્ર થશે."** એટલે કે પરવરદિગારે આલમે પોતાના ઝિક્રની સાથે આપના ઝિક્રને, પોતાની ઈતાઅત (આજ્ઞાપાલન)ની સાથે આપના આજ્ઞાપાલનને, અને પોતાના નામની સાથે આપના નામ મુબારકને મિલાવ્યું છે. જેમ કે ઈર્શાદે ખુદાવંદી છે : **يَآاَيُّهَا الَّذِيۡنَ اٰمَنُوۡا اَطِيۡعُوا اللّٰهَ وَ اَطِيۡعُوا الرَّسُوۡلَ** "અલ્લાહનો હુકમ માનો અને તેના રસૂલનો હુકમ માનો." *(મુહમ્મદ–૩૩)* તથા ફર્માવ્યું : **يَآاَيُّهَا الَّذِيۡنَ اٰمَنُوۡا اٰمِنُوۡا بِاللّٰهِ وَ رَسُوۡلِهٖ** "અને ઈમાન રાખો અલ્લાહ અને અલ્લાહના રસૂલ પર." *(સૂ.નિસાઅ–૧૩૬) વગેરે. (હવાલો : જવાહિરુલ બિહાર, ભાગ–૧, પેજ–૩૦ થી ૩૫)*

એક આયતમાં છે : **وَرَفَعۡنَا لَكَ ذِكۡرَكَ** "અને અમે તમારા માટે તમારા ઝિક્રને બુલંદ કર્યું." *(સૂ. નશ્રહ–૪)* એટલે નબી કરીમ ﷺના ઝિક્રને સવાલ કર્યા વિના બુલંદ કર્યું.

અલ્લાહ આપ ﷺના ઝિક્રને બુલંદ કરે છે છતાં તમે "મોટાભાઈ" જેટલી જ તાઝીમ કરશો ?! હજી પણ કહેશો કે "મોટાભાઈ" જેટલી જ તાઝીમ કરવામાં આવે ?! **કુર્આન હદીષમાં ક્યાંક "મોટાભાઈ" જેટલી તાઝીમનો હુકમ આવ્યો છે ?!** અને કોઈ પણ સહાબીને ભલે તેમનો મર્તબો જાહેર કરવા સન્માનતાં રસૂલે પાક ﷺએ ભાઈ કહ્યા હોય તો શું તે **સહાબીએ રસૂલુલ્લાહ ﷺને ભાઈ કે મોટાભાઈ કહ્યા છે કે હમેશાં "યા રસૂલુલ્લાહ"થી જ સંબોધ્યા છે ?** જો કોઈ સહાબીએ "હે ભાઈ !" કહીને રસૂલુલ્લાહ ﷺને નથી સંબોધ્યા, તો તમે **"મોટાભાઈ"ની બિદઅત** કાઢી બિદઅતી શા માટે બનો છો ?! અને શા માટે મુસલમાનોને ગુમરાહ કરો છો ?!

વળી "તક઼વિયતુલ ઈમાન"માં છે કે, **અલ્લાહ ને જ માન ! એ સિવાય કોઈને ન માન !"** જ્યારે કુર્આનમાં તો ઉપર જણાવ્યું તેમ રસૂલ પર ઈમાન લાવવા રબ ફર્માવે છે ! તો કોનું માનશો ?!

## ★ આવો ! જુઓ રસૂલુલ્લાહ ﷺએ પોતાની શું શાન વર્ણવી છે ?! ★

હઝરત અનસ رضی اللہ عنہની રિવાયત છે કે, **"હું આદમ علیہ السلامની સર્વ ઓલાદમાં મુકર્રમ (ઈજ્જતવાળો)** છું અને આ કેવળ ફખ્ર (ગર્વ)ના રૂપે નથી કહેતો . હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને અબ્બાસ رضی اللہ عنہماની રિવાયતમાં છે કે **હું સર્વ અવ્વલીન તથા આખરીન કરતાં વધુ બુઝુર્ગ (મહાન) છું,**

અને આ ગર્વરૂપે નથી કહેતો. અને હઝરત આઈશા رضی اللہ عنہا રિવાયત કરે છે કે ફર્માવ્યું રસૂલુલ્લાહ ﷺએ કે, એકવાર **જિબ્રઈલ** علیہ السلام**એ મારી બારગાહમાં હાજર થઈને કહ્યું,** હુઝૂર ! મેં જમીનના પૂર્વ તથા પશ્ચિમ અને ઉત્તર તથા દક્ષિણ સુધી દરેક ખૂણાઓમાં છાનબીન કરી પરંતુ **આપનાથી અફઝલ કોઈને ન પામ્યો** અને બની હાશિમથી બેહતર કોઈ ઔલાદને ન પામી. *(હવાલો : જવાહિરુલ બિહાર, ભાગ–૧, પેજ–૧૦૫)*

આવો ! વધુ એક હદીષે પાક વાંચો જેમાં છે કે હઝરત આદમ علیہ السلامએ પોતાની લગઝિશના વખતે બારગાહે ખુદાવંદીમાં દુઆ કરી, હે બારી તઆલા ! મુહમ્મદ ﷺના વસીલાથી મારી ગલતીને માફ ફર્માવી દે ! ઈર્શાદે બારી તઆલા થયો, હે આદમ ! તમે મુહમ્મદ ﷺને કેવી રીતે ઓળખ્યા ?! અર્ઝ કરી, જન્નતમાં દરેક જગાએ આ જ લખેલું જોયું કે **લાઈલાહ ઈલ્લલ્લાહ મુહમ્મદુર્રસૂલુલ્લાહ** ﷺ એને જોવાથી મને યકીન થઈ ગયું કે તે **અલ્લાહના સૌથી મોઅઝ્ઝઝ્ અને મુકર્રમ (ચહીતા, ઈજ્જતવાળા) બંદા છે.** અલ્લાહ તઆલાએ આદમ علیہ السلامની તૌબા કબૂલ ફર્માવી અને તેમને બખ્શી આપ્યા. *(હવાલો : જવાહિરુલ બિહાર, ભાગ–૧, પેજ–૧/૧૧૧)*

જે જેટલો મહાન હોય એટલી એની તાઝીમ કરવામાં આવે છે, હવે જ્યારે નબી ﷺ ખુદ શું ફર્માવે છે તે ફરી વાંચો અને કહો કે શું **આપણે રસૂલુલ્લાહ ﷺનું માનીએ કે દેવબંદી વહાબીનું માનીએ ?!** દેવબંદી વહાબી અકીદા પ્રમાણે તેમની "મોટાભાઈ" જેટલી કે ગામના "ચૌધરી" જેટલી ઈજ્જત કરીએ કે મખ્લૂકમાં સૌથી મહાન નબી ﷺ રૂપે ઈજ્જત કરીએ ?!

બુખારી કિતાબુશ્શરૂતમાં રિવાયત છે કે ઉરવા બિન મસ્ઊદ બારગાહે રિસાલતમાં હાજર થયો અને તેણે સહાબીઓ નબી કરીમ ﷺની કેવી મહોબ્બત તથા તાઝીમ કરે છે તેનો ચિતાર પોતાની કૌમમાં રજૂ કર્યો કે :

"હે કૌમ ! અલ્લાહની કસમ ! હું બાદશાહોના દરબારોમાં પ્રતિનિધિમંડળ લઈને ગયો છું. મેં કૈસર તથા કિસ્રા અને નજાશીના દરબારમાં હાજરી આપી છે, પણ ખુદાની કસમ ! મેં કોઈ બાદશાહ એવો નથી જોયો કે તેના સાથી તેની એવી તાઝીમ કરતા હોય જેવી રીતે મુહમ્મદ ﷺના સાથી તેમની તાઝીમ કરે છે. ખુદાની કસમ ! જ્યારે તે થૂકે છે તો તેમનું થૂક મુબારક કોઈ ન કોઈ સહાબીની હથેળી પર જ પડે છે જેને તે પોતાના ચહેરા તથા શરીર પર ઘસી લે છે. જ્યારે તે હુકમ આપે છે તો તુરંત પાલન થાય છે. જ્યારે વુઝૂ કરે છે તો એવું મેહસૂસ થાય છે કે લોકો વુઝૂનુ ધોવાણ હાંસલ કરવા એકબીજા સાથે લડવા મરવા તૈયાર થઈ જશે. તે લોકો પોતાના અવાજોને તેમની બારગાહમાં પસ્ત રાખે છે અને તાઝીમના કારણે પોતાની આંખો નીચી રાખે છે." *(બુખારી શરીફ, કિતાબુશ્શરૂત)*

જ્યારે સહાબાએ કિરામ નબી ﷺની આટલી હદે તાઝીમ કરતા હતા તો પછી આ વહાબી દેવબંદીઓ "મોટાભાઈ" જેટલી કે ગામના "ચૌધરી" જેટલી કે (સામાન્ય) માનવી જેટલી તાઝીમ કરવાનો કાયદો લાવ્યા ક્યાંથી ?! શું સહાબીઓનો અમલ આપણા માટે હિદાયતનો તથા અનુસરણનો સબબ નથી ? બતાવો ! મુસલમાનો ! તમે હવે સહાબીઓની વાત પર ચાલશો કે વહાબી દેવબંદીઓની ?!

**★ વળી આ હદીષે તો દેવબંદી વહાબીના ગુસ્તાખે નબી હોવા પર મોહર જ મારી દીધી ! સાંભળો ! ★**

હઝરત ઉક્બા બિન આમિર رضی اللہ عنہથી રિવાયત છે કે રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું : **"હું તમારા માટે હૌઝે કૌષર પર આગળ જનારો છું અને તમારા ઉપર ગવાહ છું. ખુદાની ક્સમ ! મારા હૌઝને અત્યારે પણ જોઈ રહ્યો છું.** જમીનના ખજાનાઓની કૂંચીઓ મને અતા કરી દેવામાં આવી છે..." *(હવાલો : જવાહિરુલ બિહાર, ૧/૧૦૭)*

**હે હુઝૂર ﷺને "મોટાભાઈ" કહેનારા "નાનાભાઈઓ !" દેવબંદી વહાબીઓ ! શું આ ઈલ્મે ગયબ નથી ? આ ઈખ્તિયાર નથી ?!** નબી ﷺ દાવો કરી રહ્યા છે કે **હું હૌઝે કૌષર પર તમને સૈરાબ કરવા તમારા પહેલાં જનારો છું !** અને તમારા પર ગવાહ છું. એટલું જ નહીં દુનિયામાં રહીને હૌઝે કૌષર જોઈ રહયાનો દાવો કરી રહ્યા છે ! અને જમીનના ખજાનાઓ આપને સોંપી દેવામાં આવ્યા છે. **અલ્લાહ તેના મહબૂબ ﷺને અતા કરે છે અને તમે શા માટે સળગી મરો છો ?!** મતલબ એ છે કે તમારા દિલોમાં રસૂલે ખુદા ﷺથી મહોબ્બત નહીં અદાવત ભરેલી છે એટલે ! બતાવો ! હુઝૂર ﷺ સાચા કે તમે હુઝૂરને **"મોટાભાઈ"** તથા **"ચૌધરી"** કહેનારા સાચા ?!

**★ શું આ ઈલ્મે ગયબનો દાવો હુઝૂર ﷺએ જૂઠો કર્યો છે ?! ★**

હુઝૂર ﷺને "મોટાભાઈ" કહેનારા "નાનાભાઈઓ !" શું આવી હદીષો તમે નથી જોતા ?! સાંભળો ! હુઝૈફા رضی اللہ عنہ રિવાયત કરે છે કે ફખ્રે દો આલમ ﷺએ ફર્માવ્યું કે બારી તઆલા શાનહૂએ મને ખુશખબરી સંભળાવી છે કે સૌ પ્રથમ મારી ઉમ્મતના **જે શખ્સો મારી સાથે જન્નતમાં દાખલ થશે તેમની સંખ્યા સિત્તેર હજાર હશે. તેમનામાંથી દરેક હજારની સાથે સિત્તેર હજાર અધિક હશે,** એમનામાંથી **કોઈનો હિસાબ નહીં લેવામાં આવે..** *(હવાલો : જવાહિરુલ બિહાર, ૧/૧૦૮)*

ઈમાનની નજરે આ હદીષ પાકને વારંવાર વાંચો અને "નાનાભાઈઓ ! વહાબી દેવબંદીઓ"ને પૂછો કે **"અલ્લાહના આપવાથી આ ઈલ્મે ગયબ રસૂલે પાક ﷺને છે કે નહીં ?**

**★ "રસૂલના ચાહવાથી કાંઈ નથી થતું !" શું આ ઈસ્લામી માન્યતા છે ?! ★**

ઉપરના લખાણમાં દેવબંદીઓનો અક્રીદો તમે વાંચી ગયા કે, "રસૂલ ﷺના ચાહવાથી કશું થતુ નથી." આવો ! કુર્આન હદીષમાં એવું કાંઈ છે તે જોઈએ. રબ તઆલા ફર્માવે છે :—

**وَلَوْ اَنَّهُمْ اِذْ ظَّلَمُوْا اَنْفُسَهُمْ جَآءُوْكَ فَاسْتَغْفَرُ وْاللّٰهَ وَاسْتَغْفَرَ لَهُمُ الرَّسُوْلُ لَوَجَدُ واللّٰهَ تَوَّا بًا رَّحِيْمًا**

"અને જો તેઓ પોતાની જાનો પર જુલ્મ (ગુનાહો) કરે **તો હે મહબૂબ ! તમારી પાસે હાજર થાય, પછી અલ્લાહથી માફી ચાહે** અને **રસૂલ તેમની શફાઅત ફર્માવે તો** જરૂર અલ્લાહને ઘણો જ તૌબા કુબૂલ કરનારો મહેરબાન પામશે." *(સૂરએ નિસાઅ, આ. ૬૪)*

મુફ્તી અહમદ યારખાં رحمۃ اللہ علیہ એની તફસીરમાં ફર્માવે છે કે એનાથી જાણવા મળ્યું કે **અલ્લાહ**

**તઆલા તૌબા કૂબૂલ કરનાર તથા રહીમ તેના માટે છે જે હુઝૂર ﷺની બારગાહમાં હાજર થાય અને હુઝૂર તેના માટે દુઆ ફર્માવે,** નહીં તો કહ્હાર તથા જબ્બાર છે. *(નૂરુલ ઈર્ફાન, પેજ : ૧૩૯)*

ક્યાં ગયા તે "નાના ભાઈ !" જે એવું કહે છે કે રસૂલના ચાહવાથી કાંઈ નથી થતું ?! અલ્લાહ ફર્માવે છે કે હુઝૂર ﷺની બારગાહમાં આવે અને હુઝૂર તેમના માટે ભલામણ તથા દુઆ કરી આપે તો જ તેની માફી થશે. જોયું ?! હુઝૂર ﷺના ચાહવાથી એક ગુનેહગારને જન્નત મળી શકે છે અથવા જહન્નમ ! આથી વધુ શું ઈખ્તિયાર જોઈએ ? આવી તો અનેક આયતો હુઝૂરે પાક ﷺના અધિકારને પ્રદર્શિત કરતી છે પણ દિલના આંધળાઓને નથી દેખાઈ શકતી.

રસૂલ ﷺના ઈખ્તિયાર સંબંધે હદીષે પાક જુઓ. ફર્માવ્યું : **મને અધિકાર આપવામાં આવ્યો** કે, "શફાઅત" લઈ લઉં અથવા અડધી ઉમ્મત જન્નતમાં લઈ જાઉં. તો મેં શફાઅત અપનાવી અને તે અધિક કામ આવનારી છે. શું તમે એવું સમજો છો કે હું પાકીઝા લોકોના માટે શફાઅત કરીશ ? નહીં ! બલ્કે ગુનેહગારો અને ખતાકારોના માટે શફાઅત કરીશ." *(મુસ્નદે ઈમામ અહમદ, ઈબ્ને માજહ શરીફ)*

## ★ શું "હુઝૂર ﷺને દિવાલ પાછળની ખબર નથી" એ ઈસ્લામી અકીદો છે ?! ★

બીજી એક હદીષે પાકમાં છે. હઝરત સહલ બિન સઅદ رضی اللہ عنہથી રિવાયત છે કે ગઝવએ ખૈબરમાં હુઝૂર ﷺએ ફર્માવ્યું : (કેટલા દિવસથી કિલ્લો ફતહ થતો ન હતો) "કાલે આ ઝંડો હું એવા શખ્સને આપીશ કે **અલ્લાહ તઆલા તેના હાથ પર ફતહ અતા કરશે.** તે અલ્લાહ વ રસૂલથી મહોબ્બત કરે છે અને અલ્લાહ વ રસૂલ તેનાથી મહોબ્બત કરે છે." તમામ સહાબાએ બેચેનીમાં રાત પસાર કરી કે જોઈએ આ સદ્ભાગ્ય કાલે કોને મળે છે ?! સવારે આપ ﷺએ હઝરત અલી رضی اللہ عنہને બોલાવ્યા. તે વખતે તેમની આંખો દુ:ખતી હતી. (તે જંગ કરવાને પાત્ર જ ન હતા પણ) આપ ﷺએ થૂક મુબારક લગાડીને આંખો ઠીક કરી આપી અને ઈસ્લામનો પરચમ તેમના હાથમાં આપી દીધો. *(બુખારી શરીફ)*

એક અન્ય હદીષમાં છે. હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને અબ્બાસ رضی اللہ عنہماથી રિવાયત છે કે હુઝૂરે અક્દસ ﷺએ હઝરત ઝયદ, જઅફર તથા ઈબ્ને રવાહા رضوان اللہ تعالیٰ علیہم اجمعینના સંબંધે એઓની શહાદતની ખબર આવતાં પહેલાં જ લોકોને બતાવી આપ્યું હતું. ફર્માવ્યું : (જાણે લાઈવ જંગ જોઈ રહ્યા છે) હવે ઝંડો ઝયદે સંભાળ્યો, અને તે શહીદ થઈ ગયા. હવે જઅફરે ઉઠાવી લીધો અને એ પણ શહીદ થઈ ગયા. હવે ઈબ્ને રવાહાએ પકડયો અને તે પણ શહીદ થઈ ગયા. એ વખતે આપની આંખો અશ્રુમય હતી, ત્યાં સુધી કે ઝંડો અલ્લાહની તલ્વારોમાંથી એક તલ્વાર ખાલિદ ઈબ્ને વલીદ رضی اللہ عنہએ પકડયો અને અલ્લાહે કામયાબી અતા કરી. *(બુખારી શરીફ, કિતાબુલ મનાકિબ)*

બીજી એક હદીષમાં છે કે હુઝૂર ﷺ બે કબ્રો પાસેથી પસાર થયા તો આપે ફર્માવ્યું, **"આ બંનેવ પર અઝાબ થઈ રહ્યો છે,** કોઈ મોટા ગુનાહના કારણે નહીં, બલ્કે એમાંનો એક પેશાબના (છાંટાઓ)થી બચતો ન હતો અને બીજો ચુગલખોર હતો. પછી આપે લીલી ડાળી લીધી અને બે ટુકડા કરીને એક એક કબ્ર પર રાખી દીધી. પૂછવા પર ફર્માવ્યું, જ્યાં સુધી આ લીલી (તર) રહેશે અઝાબમાં કમી થશે." *(બુખારી શરીફ, કિતાબુલ જનાઈઝ)*

## ★ સાવધાન ! મુસલમાનો સાવધાન ! બદ્અક઼ીદાઓથી દૂર થઈ જાવ ! ★

હે નબી પાક ﷺનો કલ્મો પઢનારા ભાઈઓ ! બહેનો ! આ હદીષો તો દર્શાવી રહી છે કે હુઝૂરે અક઼્દસ ﷺને અલ્લાહ તઆલાએ અદ્ભૂત ઈખ્તિયારો પણ આપેલા છે અને અજબનો ગયબનો ઈલ્મ પણ, કે મદીનામાં રહીને માઈલો દૂર લડતા મુસલમાનોના હાલાત લાઈવ જોઈ રહ્યા છે ! ન તો કોઈ ટેલીવિઝન પર કે ન મોબાઈલ પર ! બલ્કે પોતાની મુબારક આંખો ડાયરેક્ટ એ નજારો જોઈ રહી છે ! વળી ક઼બ્રો પાસેથી પસાર થાય તો તેની અંદરવાળાની દુનિયવી હાલત શું હતી તથા અંદર શું હાલત છે તે જણાવી દે ! શું આ અધિકાર નથી ?! ક્યાં છે તેઓ જે કહે છે કે રસૂલ ﷺને પોતાના આખેરતમાં થનારા અંજામની પણ ખબર નથી ?! તો **હજીય એવા અક઼ીદાવાળાઓ તૌબા નહીં કરે કે, "હુઝૂર ﷺને દીવાલ પાછળનો ઈલ્મ ન હતો !"** વળી **"રસૂલના ચાહવાથી કાંઈ થતુ નથી !"** તથા એ અક઼ીદાથી તૌબા નહીં કરે કે, **તેઓ (નબી વલી) જ્યારે પોતાની હાલત જાણતા નથી તો બીજાઓની કેવી રીતે જાણી શકવાના હતા ?!** શું આ બદ્અક઼ીદાઓથી એઓ તૌબા નહીં કરે ?! ભાઈઓ ! બહેનો ! જો એઓ તૌબા ન કરે તો સમજી લો કે એમના મુક઼દ્દરમાં જહન્નમ નિશ્ચિત થઈ ચૂકી છે, એમને એમના હાલ પર છોડી દો, પણ તમે એવા ગંદા અક઼ીદાવાળાઓથી અલગ થઈ જાવ અને નબી પાક ﷺના માટે ઉપરોક્ત લખાણમાં કુર્આન હદીષની રૂએ જે અધિકાર દર્શાવતા, ઈલ્મે ગયબ હોવાનું દર્શાવતા, આપના ચાહવાથી શું શું થઈ શકે છે એ દર્શાવતા, દુનિયામાં, ક઼બ્ર, ક઼યામતમાં પોતાના તસર્રુફના અધિકારો જે અલ્લાહે આપને અર્પણ કર્યા છે તેને દર્શાવતાં ફ઼ર્માનો વાંચી સાવધાન થઈ જાવ અને તેવાઓ સાથે દોસ્તી, શાદી સગાઈ વગેરે ઉઠક બેઠકના સંબંધો ખત્મ કરી લો અને તમારી આખેરતને તમારી ઔલાદની આખેરતને મહેફ઼ૂઝ કરી લો. રોજ ઉઠીને સાંભળીએ છીએ કે ફલાણાએ છોકરી કે છોકરો દેવબંદી વહાબીમાં પરણાવ્યો ! હવે તો એને બંધ કરો !

આજકાલ કેટલાક નાદાન સુન્નીઓ પણ એક ચર્બ ઝબાન ગુસ્તાખે નબી, **મોલ્વી તારીક જમીલનાં** બયાનો સાંભળે છે તેઓ જાણી લે કે તે પણ આ જ દેવબંદી, વહાબી, જમાતી અક઼ીદાવાળો છે, તો પોતાની આખેરત બચાવવી હોય તો એવાઓનાં બયાનોથી દૂર રહો. આ બદ્બખ્ત એવા અંદાજમાં અલ્લાહ વ રસૂલની ગુસ્તાખી કરી જાય છે કે જાહિલ અવામને ખબર પણ નથી પડતી ! એની રદમાં અગાઉ તંત્રી લેખ (જાન્યુઆરી–૨૦૧૫)માં લખેલો છે તેને વાંચો.

હે પ્યારા સુન્ની ભાઈઓ ! બહેનો ! સ્થળ સંકોચને કારણે અમુક જ આયતો હદીષો રજૂ કરી છે, નહીં તો અનેક આયતો હદીષો શાને મુસ્તફ઼ામાં આવેલી છે. તમો પણ તથા તમારી ઔલાદને આ કિતાબો વંચાવો જેમાં અનેક આયતો, હદીષો, બુઝુર્ગોનાં કથનો તથા વાક઼િઆ ભરપુર ભરેલા છે જે તમારા તથા તમારી ઔલાદના સીનામાં ઈશ્કે રસૂલ, મહબ્બતે રસૂલ, તા'ઝીમે રસૂલ (ﷺ) જગાડશે અને બદ્અક઼ીદાઓના કુફ઼્રી અક઼ીદા ફેલાવતા ગંદા સાહિત્યથી પાક રાખશે, સલામત રાખશે. જેમ કે, **"અલ્લાહના હબીબ ﷺની શાન, બુઝુર્ગોના અક઼ીદાઓ, સહાબાનો ઈશ્કે રસૂલ, જાઅલ હક્ક઼, રહનુમાએ હક્ક઼, હક્ક઼ તથા નાહક્ક઼ની પેહચાન વગેરે."** એના માટે અમારા કાર્યાલયનો સંપર્ક કરશો.

કુર્આને પાકની તફસીર

# કન્ઝુલ ઈમાન વ ખઝાઇનુલ ઇરફાન

અઝ : આ'લા હઝરત
ઈમામ અહમદ રઝા رحمۃ اللہ علیہ

અનુવાદક : મૌલાના હસન
આદમ કોલવનવી رحمۃ اللہ علیہ

## સૂરએ બક્રહની તફસીર

સૂરએ બક્રહ મદીનામાં ઉતરેલી અને
એમાં ૨૮૬ આયતો અને ૪૦ રૂકુઅ છે.

اَلشَّهْرُ الْحَرَامُ بِالشَّهْرِ
الْحَرَامِ وَالْحُرُمٰتُ قِصَاصٌ ؕ فَمَنِ اعْتَدٰی عَلَیْكُمْ
فَاعْتَدُوْا عَلَیْهِ بِمِثْلِ مَا اعْتَدٰی عَلَیْكُمْ ۪
وَاتَّقُوا اللّٰهَ وَاعْلَمُوْۤا اَنَّ اللّٰهَ مَعَ الْمُتَّقِیْنَ ﴿۱۹۴﴾
وَاَنْفِقُوْا فِیْ سَبِیْلِ اللّٰهِ وَلَا تُلْقُوْا بِاَیْدِیْكُمْ اِلَى
التَّهْلُكَةِ ۛۚ وَاَحْسِنُوْا ۚۛ اِنَّ اللّٰهَ یُحِبُّ الْمُحْسِنِیْنَ ﴿۱۹۵﴾
وَاَتِمُّوا الْحَجَّ وَالْعُمْرَةَ لِلّٰهِ ؕ فَاِنْ اُحْصِرْتُمْ فَمَا
اسْتَیْسَرَ مِنَ الْهَدْیِ ۚ وَلَا تَحْلِقُوْا رُءُوْسَكُمْ حَتّٰى
یَبْلُغَ الْهَدْیُ مَحِلَّهٗ ؕ فَمَنْ كَانَ مِنْكُمْ مَّرِیْضًا
اَوْ بِهٖۤ اَذًى مِّنْ رَّاْسِهٖ فَفِدْیَةٌ مِّنْ صِیَامٍ اَوْ
صَدَقَةٍ اَوْ نُسُكٍ ۚ فَاِذَاۤ اَمِنْتُمْ ٚ فَمَنْ تَمَتَّعَ بِالْعُمْرَةِ
اِلَى الْحَجِّ فَمَا اسْتَیْسَرَ مِنَ الْهَدْیِ ۚ فَمَنْ لَّمْ
یَجِدْ فَصِیَامُ ثَلٰثَةِ اَیَّامٍ فِی الْحَجِّ وَ سَبْعَةٍ اِذَا
رَجَعْتُمْ ؕ تِلْكَ عَشَرَةٌ كَامِلَةٌ ؕ ذٰلِكَ لِمَنْ لَّمْ یَكُنْ
اَهْلُهٗ حَاضِرِی الْمَسْجِدِ الْحَرَامِ ؕ وَاتَّقُوا اللّٰهَ
وَاعْلَمُوْۤا اَنَّ اللّٰهَ شَدِیْدُ الْعِقَابِ ﴿۱۹۶﴾

હરામ મહિનાના બદલે હરામ મહિનો અને અદબના બદલે અદબ છે[૧૦૫] જે તમારા પર હદ વટાવે તેના પર હદ વટાવો એટલી જ જેટલી તેણે કરી અને અલ્લાહથી બીતા રહો અને જાણી રાખો કે અલ્લાહ બીનારાઓની સાથે છે (૧૯૪) અને અલ્લાહના માર્ગમાં ખર્ચ કરો[૧૦૬] અને પોતાના હાથે બરબાદીમાં ન પડો[૧૦૭] અને ભલાઈવાળા બની જાવ, બેશક ! ભલાઈવાળા અલ્લાહના પ્રિય છે (૧૯૫) અને હજ અને ઉમરો અલ્લાહ માટે પૂરો કરો[૧૦૮] પછી જો તમને રોકવામાં આવે[૧૦૯] તો કુર્બાની મોકલો સરળતા મુજબ[૧૧૦] અને પોતાનાં માથાં ન મુંડાવો જ્યાં સુધી કુર્બાની પોતાના ઠેકાણે ન પહોંચી જાય[૧૧૧] પછી જે તમારામાં બીમાર હોય અથવા તેના માથામાં કંઈક તકલીફ છે[૧૧૨] તો બદલો આપે રોઝા[૧૧૩] અથવા ખૈરાત[૧૧૪] અથવા કુર્બાની (દ્વારા) પછી જ્યારે તમે શાંતિમાં હોવ તો જે હજ સાથે ઉમરો મેળવવાનો ફાયદો ઉઠાવે[૧૧૫] તેના પર કુર્બાની છે સરળતા મુજબ[૧૧૬] પછી જેને શક્તિ ન હોય તો ત્રણ રોઝા હજના દિવસોમાં રાખે[૧૧૭] અને સાત જ્યારે પોતાના ઘરે પરત આવો (ત્યારે) આ પૂરા દસ થયા, આ હુકમ તેના માટે છે જે મક્કાનો રહીશ ન હોય[૧૧૮] અને અલ્લાહથી બ્હીતા રહો અને જાણી રાખો કે અલ્લાહનો અઝાબ સખ્ત છે (૧૯૬)

## :: સમજૂતી ::

**૧૦૫.** જ્યારે ગત વર્ષે ઝિલક઼અદ હિ.સ. ૬માં અરબ મુશ્રિકોએ હરામ મહિનાની હુરમત અને ઈજ્જતનો ખ્યાલ ન કર્યો અને તમને ઉમરો કરવાથી રોક્યા તો આ બેઈજ્જતી તેમનાથી થઈ અને એના બદલે અલ્લાહની તૌફીક઼થી હિ.સ. ૭ના ઝિલક઼અદમાં તમે ક઼ઝા ઉમરાને અદા કરો.

**૧૦૬.** આમાં તમામ ધાર્મિક કાર્યોમાં અલ્લાહની તાબેદારી અને ખુશી ખાતર ખર્ચ કરવાનો મતલબ છે. જિહાદના કાર્યમાં ખર્ચ કરવાનું હોય કે બીજા નેક કામોમાં.

**૧૦૭.** અલ્લાહના માર્ગમાં ખર્ચ કરવાનું છોડી દેવું એ પણ બરબાદીનું કારણ બને છે અને અસ્થાને ખર્ચ કરવું પણ હલાકતને નોંતરે છે. એવી જ રીતે બીજી પણ જે બાબતો હલાકત અને બરબાદીનું કારણ બનતી હોય તેનાથી બચવાનો હુકમ છે. એટલા સુધી કે હથિયાર વગર જિહાદના મેદાનમાં જવું, ઝેર ખાવું અથવા બીજી કોઈ પણ રીતે આત્મહત્યા કરવી જાઈઝ નથી.

**મસ્અલો** : ઉલમાએ આનાથી એ મસઅલો પણ સાબિત કર્યો છે કે જે સ્થળે પ્લેગ ચાલતો હોય ત્યાં જવું નહીં, જો કે ત્યાં રહેનાર લોકોને ત્યાંથી નાસવાની મનાઈ છે.

**૧૦૮.** અને એ બંનેને એમના ફર્ઝો આ શર્તો સહિત ખાસ અલ્લાહ માટે સુસ્તી અને નુકસાન વગર પરિપૂર્ણ કરો. હજ નામ છે નવમી ઝીલ્હજના દિવસે એહરામ સાથે અરફ઼ાતના મેદાનમાં મુક઼ામ કરવાનું અને કાબા શરીફના તવાફ કરવાનું, એના માટે સમય નક્કી કરાયેલો છે, તે સમયમાં આ કાર્યો કરવામાં આવે તો એ હજ છે.

**મસ્અલો** : અખત્યાર કરાએલા મંતવ્ય અનુસાર હજ હિ.સ. ૯માં ફર્ઝ થઈ, એની ફરઝિયત ક઼તઈ છે. હજના ફર્ઝ આ છે : (૧) એહરામ (૨) અરફ઼ાતમાં મુક઼ામ (૩) તવાફે ઝિયારત. હજના વાજિબ આ છે : (૧) મુઝદલેફામાં મુકામ (૨) સફા મરવાની સઈ (૩) કાંકરા મારવા (૪) બહારથી જનાર માટે તવાફે રૂજૂઅ (૫) વાળ મુંડાવવા કે કતરાવવા, ઉમરાના અરકાન તવાફ અને સઈ છે અને એની શરતો એહરામ અને વાળ મુંડાવવા છે.

હજ અને ઉમરાની ચાર રીતો છે : (૧) ઈફરાદ બિલ હજ (માત્ર હજ) અને તે એ કે હજના મહિનાઓમાં અથવા એનાથી પહેલાં મીકાત (એહરામ બાંધવાની હદ)થી અથવા તે આવે ત્યાર અગાઉથી હજનો એહરામ બાંધે, અને દિલથી એની નિય્યત કરે. ભલે પછી તલબિયામાં એનું નામ લે કે ન લે (૨) ઈફરાદ બિલ ઉમરા (માત્ર ઉમરા) અને તે એ કે મીકાત કે તે અગાઉથી હજના મહિનાઓમાં કે એથી પહેલાં ઉમરાનો એહરામ બાંધે અને દિલથી એનો ઈરાદો કરે, ભલે પછી તલબિયહ સમયે જબાનથી એનું નામ લે કે ન લે અને એના માટે હજના મહિનાઓમાં કે તે પહેલાં તવાફ કરે, ભલે પછી તે આ વરસે હજ કરે કે ન કરે, પણ હજ અને ઉમરાની વચ્ચે ઈત્મામે સહીહ (પૂર્ણ વિરામ) કરે, એ રીતે કે પોતાના બાલબચ્ચાં તરફ હલાલ થઈને (એહરામ છોડીને) પાછો આવે. (૩) **કિરાન** અને તે એ છે કે હજ અને ઉમરા બંનેને એક જ એહરામમાં એકત્ર કરે, તે એહરામ મીકાતથી બાંધ્યો હોય કે તે અગાઉથી હજના મહીનાઓમાં હોય કે ત્યાર પહેલાં. પ્રથમથી જ હજ્જ અને ઉમરા બંનેની નિય્યત હોય, ભલે તલબિયહ સમયે જબાનથી બંનેનું નામ લે કે ન લે, પ્રથમ ઉમરાનાં કાર્યો પૂર્ણ કરે પછી હજનાં. (૪) **તમત્તુઅ** : તે આ મુજબ છે કે મીકાતથી કે તે અગાઉથી હજના મહિનાઓમાં કે ત્યાર પહેલાં ઉમરાનાં એહરામ બાંધે. અને હજના મહિનાઓમાં ઉમરા કરે અથવા તેના વધારે તવાફ હજના મહિનાઓમાં હોવા જોઈએ. પછી હલાલ થઈને હજનો એહરામ બાંધે અને તે જ વરસે હજ કરે અને હજ તથા ઉમરાની વચમાં પોતાના બાલબચ્ચાં સાથે વિરામ ન કરે. *(મિસ્કીન, ફ઼ત્હ)*

**મસ્અલો** : આ આયતથી ઉલમાએ "કિ઼રાન" સાબિત કર્યું છે.

**૧૦૯.** હજ અથવા ઉમરો શરૂ કર્યા પછી અથવા ઘેરથી નીકળી જઈ એહરામ બાંધી લીધા પછી તમને હજ તથા ઉમેરો અદા કરવામાં કંઈક રૂકાવટ નડે, પછી તે દુશ્મનની બીક હોય કે બીમારી એવી સ્થિતિમાં તમે એહરામમાંથી નીકળી જાવ.

**૧૧૦.** ઊંટ અથવા ગાય અથવા બકરી. અને આ કુર્બાની મોકલવી વાજિબ છે.

**૧૧૧.** એટલે હરમમાં જ્યાં એને ઝબહ કરવાનો હુકમ છે.

**મસ્અલો** : આ કુર્બાની હરમની બહાર થઈ શક્તી નથી

**૧૧૨.** જેનાથી તે માથુ મુંડાવવા માટે લાચાર બની જઈ માથુ મુંડાવી નાખે.

**૧૧૩.** ત્રણ દિવસ સુધી.

**૧૧૪.** ૬ મિસ્કીનોનું જમણ, દરેક મિસ્કીન માટે પોણા બશેર ઘઉં.

**૧૧૫.** એટલે કે તમત્તુઅ કર.

**૧૧૬.** આ કુર્બાની તમત્તુઅની છે, હજના શુક્રમાં વાજિબ થઈ. ભલે પછી તમત્તુઅ કરનાર ફકીર (ગરીબ) હોય, આ ઈદુદુહાની કુર્બાની નથી જે ગરીબ અને મુસાફર પર વાજિબ થતી નથી.

**૧૧૭.** અર્થાત ૧ લી શવ્વાલથી ૯ મી ઝિલ્હજ સુધી એહરામ બાંધ્યા પછી, આ દરમ્યાન જ્યારે ઈચ્છે ત્યારે રાખી લે, એકી સાથે અથવા થોડા દિવસોના અંતરે, બેહતર એ છે કે ૭,૮,૯ ઝિલ્હજના રાખે.

**૧૧૮. મસ્અલો** : મક્કાવાસીઓ માટે ન તમત્તુઅ છે ન કિરાન (જેનું બયાન પાછળ ગયુ) અને મીકા઼તની અંદર રહેનારાઓ પણ મક્કાવાસીઓમાં ગણાય છે. મીકા઼ત (એહરામ જ્યાંથી બાંધવામાં આવે છે તે સ્થળ) પાંચ છે (૧) ઝુલહલીફા (૨) ઝાત ઈર્ક (૩) હજફા (૪) કિર્ન (૫) યલમલમ.

## મૂએ મુબારકની તાઝીમ અને સહાબાએ કિરામ

હઝરત ખાલિદ ઈબ્ને વલીદ સહાબી رضی اللہ عنہની ટોપી મુબારક જ્યારે જંગે યમામહ્માં પડી ગઈ તો આપે ખૂબ જ ઝડપભેર પાછા ફરીને તેને હાંસલ કરી અને એ વાતની પરવા ન કરી કે એવું કરવાથી ઘણા લોકો શહીદ થઈ જશે. કેમ કે તે ટોપી મુબારકમાં હુઝૂર સૈયદે આલમ ﷺના મૂએ મુબારક હતા.

ઈમામે અજલ કા઼ઝી અયાઝ رحمۃ اللہ علیہ **શિફા શરીફ**માં ફર્માવે છે, (અર્થ) : એટલે કે હઝરત ખાલિદ ઈબ્ને વલીદ સહાબી رضی اللہ عنہની ટોપી મુબારકમાં હુઝૂર સૈયદે આલમ ﷺના મૂએ મુબારક હતા. એક ઘમસાણની લડાઈ ચાલુ હતી, તેમાં ટોપી પડી ગઈ. તો આપે ખૂબ જ ઝડપથી હુમલો કરીને તેને પ્રાપ્ત કરી. સહાબાએ કિરામે આ મામલામાં વધુ માણસો શહીદ થવાના કારણે વાંધો લીધો તો આપે ફર્માવ્યું : આ કામ મેં ટોપીના લીધે નથી કર્યું, બલ્કે તેની અંદર હુઝૂર સૈયદે આલમ ﷺના મૂએ મુબારક હતા એટલા માટે મેં આ પ્રમાણે કર્યું કે હું તે મૂએ મુબારકની બરકતથી વંચિત ન રહી જાઉં અને તે કાફિરોના હાથ ન લાગે. *(નસીમુર્રિયાઝ, ભાગ–૩, પેજ–૪૩૪)*

અલ્લામા અહમદ શહાબુદ્દીન ખફ્ફાજી رضی اللہ عنہ શરહે શિફામાં ફર્માવે છે : (અર્થ) : **તેની બરકતથી વંચિત થવાનો ભય એવી મોટી અગત્યની વાત છે કે જેના માટે જાનોને ખતરામાં નાખવામાં આવી શકે છે.** (નસીમુર્રિયાઝ, ભાગ–૩, પેજ–૪૩૪)

**સિરાતુન્નબવિય્યહ્**માં છે : (અર્થ) હઝરત ખાલિદ رضی اللہ عنہથી મરવી છે કે રસૂલે કરીમ ﷺએ ઉમરો અદા કર્યા બાદ અને લગભગ તે ઉમરાએ જઅરાનહ્ હતો, સર મુબારકના વાળ ઉતરાવ્યા. સહાબાએ કિરામે મૂએ મુબારક હાંસલ કરવા માટે ઘણી કોશિશ અને પડાપડી કરી અને હું તેઓમાં અગ્રિમતા લઈ ગયો અને પેશાનીના મૂએ મુબારક હાંસલ કરી લીધા અને તેને મારી ટોપીમાં રાખી લીધાં. તેની એ બરકત થઈ કે જ્યારે હું કોઈ જંગમાં શરીક થયો અને આ ટોપી મારી સાથે હોતી તો ચોક્કસ ઉજ્જવળ ફતહ (જીત) હાંસલ થતી. અબૂ યઅ્લાની રિવાયતમાં એ પ્રમાણે છે કે જ્યારે કોઈ દિશામાં હુમલો કર્યો (આક્રમણ કર્યું) તો જરૂર જીત થતી.

**હદીષ : પાણીઓના હુકમો વિશે**[૧] : (પ્રથમ વિભાગ) હઝરત અબૂ હુરૈરહ્ رضي الله عنهથી રિવાયત છે. ફર્માવે છે કે રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું કે તમારામાંથી કોઈ થીજેલા પાણીમાં જે વહેતુ ન હોય કદાપિ પેશાબ ન કરે કે પછી એમાં ગુસ્લ કરશે[૨]. *(મુસ્લિમ, બુખારી)* અને મુસ્લિમની રિવાયતમાં છે કે ફર્માવ્યું, તમારામાંથી કોઈ જનાબતની હાલતમાં થીજેલા પાણીમાં ગુસ્લ ન કરે. લોકોએ કહ્યું કે હે અબૂ હુરૈરહ્ ! رضي الله عنه પછી શું કરીએ ? ફર્માવ્યું, એમાંથી લઈ લો[૩].

હઝરત જાબિર رضي الله عنهથી રિવાયત છે. ફર્માવે છે, રસૂલુલ્લાહ ﷺએ મના ફર્માવ્યું કે થીજેલા પાણીમાં પેશાબ કરવામાં આવે[૪]. *(મુસ્લિમ)*

હઝરત સાઈબ ઈબ્ને યઝીદ[૫]થી રિવાયત છે. ફર્માવ્યું, મને મારાં માસી નબી ﷺની ખિદમતમાં લઈ ગયાં. અર્ઝ કરી, યા રસૂલલ્લાહ ! ﷺ મારો ભાણીયો બીમાર છે. આપે મારા માથા પર હાથ ફેરવ્યો અને મારા માટે બરકતની દુઆ કરી[૬]. પછી વુઝૂ કર્યુ, મેં વુઝૂનું પાણી પીધું[૭]. પછી હું આપની પીઠ પાછળ ઉભો રહ્યો તો મેં મોહરે નબુવ્વત જોઈ જે આપના ખભાઓની વચ્ચે મસ્હરી (છત્તર પલંગ)ની ગુંદીની જેમ હતી[૮]. *(મુસ્લિમ, બુખારી)*

## -:: સ....મ....જૂ....તી.... ::-

**૧.** કેમ કે પાણી ઘણા પ્રકારનાં છે. વરસાદનું પાણી, ઝરણાનું પાણી, કૂવા, તળાવ વગેરેનું પાણી, વહેતુ અને સ્થિર, મુસ્તઅમલ ગૈર મુસ્તઅમલ (વપરાયેલું, વણવપરાયેલું), પ્રાણીઓનું એંઠુ, તડકા વગેરેથી ગરમ થયેલું પાણી. અને એ પાણીઓના અહકામ (હુકમો) જુદા જુદા છે એટલા માટે પાણીઓમાં પણ જમઅ (બહુવચન) લાવ્યા અને એહકામ પણ.

**૨.** એટલે કે થીજેલા થોડા પાણીમાં પેશાબ કરવો હરગિઝ જાઈઝ નથી, કેમ કે એનાથી પાણી નાપાક થઈને ગુસ્લ તથા વુઝૂ વગેરેના લાયક રહેશે નહીં. જેનાથી એને પણ તકલીફ થશે અને અન્ય લોકોને પણ. અને ઘણા બધા થીજેલા પાણીમાં પેશાબ કરવો યોગ્ય નથી, કે જો કે તે નાપાક તો ન થશે પરંતુ એના પીવા તથા વુઝૂ કરવાથી દિલ કરાહત કરશે. પ્રથમ સ્થિતિમાં મનાઈ તેહરીમી છે અને બીજી સ્થિતિમાં તન્ઝીહી છે. આ હદીષ હનફીઓની મજબૂત દલીલ છે કે બે નાના કૂજા (જેટલુ) પાણી નજાસત (નાપાકી) પડવાથી નાપાક થઈ જાય છે. જો નાપાક ન થાત તો આ મનાઈ આટલી તાકીદની સાથે ન કરવામાં આવતી. એની તેહકીક ઈન્શાઅલ્લાહ ! આગળ આવશે.

**૩.** એટલે કે નાના હોજ અથવા ખાડામાં જે પાણી ભરેલું હોય એમાં પડીને જુનુબી ન નહાય, બલ્કે ખોબાઓમાં કે વાસણથી લઈને અલગ નહાય. આ પરથી બે મસ્અલા માલૂમ પડયા, એક એ કે થોડુ પાણી જુનુબીના ઘુસી જવાથી મુસ્તઅમલ (વપરાયેલ) બની જાય છે. એટલા માટે જુનુબી તથા વુઝૂ વિહોણો જો કૂવામાં પડે તો પાણી મુસ્તઅમલ થઈ ગયું. બીજુ એ કે નાપાક માણસ જરૂરતના સમયે મોટા કુંડા અથવા નાના હોજમાંથી ખોબો ભરી શકે

છે, એનાથી પાણી મુસ્તઅમલ થશે નહીં.

**૪.** થીજેલું પાણી ભલે બે નાના કૂજા (જેટલુ) હોય અથવા એનાથી ઓછુ વત્તુ એમાં પેશાબ તથા જાજરૂ કરવું મના છે, બલ્કે એમાં થૂક તથા લીંટ નાખવું પણ બુરુ છે. ફક઼ીહો ફર્માવે છે કે રાત્રે થીજેલા પાણીમાં પેશાબ કદાપિ કદાપિ ન કરે કે એ સમયે ત્યાં જિન્નાત રહેતા હોય છે અને એઓ તકલીફ પહોંચાડશે. હા ! તળાવ વગેરેનો એ હુકમ નથી. તળાવ તે છે કે જો એના એક કિનારેથી પાણી હલાવવામાં આવે તો બીજા કિનારાનું પાણી ન હાલે. એટલે સો હાથની સપાટીવાળુ પાણી, એને આબે કષીર પણ કહે છે.

**૫.** આપ અઝદી છે. ખઝલી. હિ.સ. ૨માં પેદા થયા. પોતાના પિતાની સાથે હજ્જતુલ વિદાઅમાં શરીક થયા, એ વખતે સાત વરસના હતા. ઓછી વયના સહાબી છે. ફારૂક઼ી યુગમાં મદીનાના બજારના હાકિમ હતા.

**૬.** લગભગ આપના માથામાં દર્દ હતું જે હુઝૂર ﷺના હાથ મુબારકની બરકતથી જતું રહ્યું. એ હાથની બરકત એ થઈ કે હઝરત સાઈબની ઉમર ૧૦૦ વરસની હતી થઈ પરંતું ન કોઈ વાળ સફેદ થયો અને દાંત પડયો. (મિર્કાત) આ પરથી જાણવા મળ્યું કે **બીમારોને બુઝુર્ગોની પાસે દમ તથા દુરૂદ માટે લઈ જવાં અને બુઝુર્ગોનું તકલીફની જગાએ હાથ ફેરવવું સુન્નતથી સાબિત છે.**

**૭.** ફઝાલા શરીફ (બચેલું પાણી) અથવા ધોવણ શરીફ. બીજો અર્થ અધિક જાહેર છે. સહાબાએ કિરામ આ ધોવણ શરીફને હાંસલ કરવાના માટે લડતા હતા. યાદ રાખશો કે ઈમામે આ'ઝમ رحمۃ اللہ علیہની નજીક વુઝૂ કે ગુસ્લનું ધોવણ નાપાક છે પણ આપણુ ધોવણ નાપાક છે ન કે હુઝૂર ﷺનું. તે તો તબર્રુક તથા નૂર છે, ત્યાં સુધી કે હુઝૂર ﷺના ફુઝલાત શરીફ ઉમ્મતના માટે પાક છે. (મિર્ક઼ાત)

**૮.** મોહરે નબુવ્વત હુઝૂર ﷺની ગરદનની નીચે બે ખભાઓની વચ્ચે એક ગોશ્તનો ટુકડો હતો જેના પર કેટલાક તલ હતા. કબૂતરીના ઈંડાં કે છત્તર પલંગની ગુંદી (બટન)ના બરાબર ગોશ્તનો ટુકડો ખૂબ જ ચમકતો અને નૂરાની હતો. કાળો તલ, આસપાસ વાળ એના સમૂહથી આ જગા ખૂબ જ ભલી જણાતી હતી. નીચેથી જુઓ તો પઢવામાં આવતુ હતું : **اَللّٰہُ وَحۡدَہٗ لَاشَرِیۡکَ لَہٗ "અલ્લાહુ વહદહૂ લાશરીક લહૂ."** ઉપરથી જુઓ તો પઢવામાં આવતુ હતું : **تَوَجَّہۡ حَیۡثُ کُنۡتَ فَاِنَّکَ مَنۡصُوۡرٌ "તવજ્જત હૈષુ કુન્ત ફઈન્નક મન્સૂર."** એને મોહરે નબુવ્વત એટલા માટે કહેતા હતા કે આગલી આસ્માની કિતાબોમાં આ મોહરને હુઝૂર ﷺના આખરી નબી હોવાની નિશાની ઠરાવવામાં આવેલી હતી. વફાતના સમયે એ મોહર શરીફ ગાયબ થઈ ગઈ હતી. એમાં મતભેદ છે કે જન્મ મુબારકના સમયે મૌજૂદ હતી કે નહીં. અમુકે ફર્માવ્યું કે શક્કે સદરના પછી ફરિશ્તાઓએ જે ટાંકા લગાડયા હતા એનાથી એ મોહર પેદા થઈ ગઈ હતી. સહીહ એ છે કે જન્મ મુબારકના સમયે અસલ મોહર મૌજૂદ હતી, પણ તેનો ઉભાર એ ટાંકાઓ પછી થયો. ઈન્શાઅલ્લાહ ! એની અધિક તેહક઼ીક઼ કિતાબના છેવટમાં હુઝૂર ﷺના ફઝાઈલના બયાનમાં કરવામાં આવશે.

## ક઼બ્રમાં પણ મૂએ મુબારકથી બરકત હાંસલ કરવાની તમન્ના

**હઝરત અમીર મુઆવિયહ** رضی اللہ عنہની પાસે સૈયદે આલમ ﷺના મૂએ મુબારક અને નાખૂન મુબારક હતાં. જેને તેમણે ઘણી કોશિશ વડે મેળવ્યા હતા અને જાનથી પણ અધિક તેને પ્રિય સમજતા હતા અને વિસાલ બાદ તેની દૂરી મંઝૂર ન હતી અને ક઼બરમાં પણ તેનાથી બરકત હાંસલ કરવાની તમન્ના હતી, એટલા માટે તેમણે એ વસિય્યત કરી હતી કે તબર્રુકોમાંથી કેટલાક તો તેમના મુખ મુબારકમાં અને કેટલાક આંખો પર રાખી દેવામાં આવે. અને તેને આપ રહમતે ઈલાહીથી ફૈઝયાબ થવાનો વસીલો સમજતા હતા. –*(ઝિક્રુસ્સિયૂતી ફી તારીખિલ્ખુલફા)*

## હદાઇકે બખ્શિશ

અઝ
આ'લા હઝરત ઈમામ અહમદ રઝા
મુહદ્દિષે બરેલ્વી رحمۃ اللہ علیہ

અનુવાદક તથા સંપાદક
પટેલ શબ્બીર અલી રઝવી

**કયા હી ઝૌક અફઝા શફાઅત હૈ તુમ્હારી વાહ ! વાહ !**
**કર્ઝ લેતી હૈ ગુનાહ પરહેઝગારી વાહ ! વાહ !**

*(ઝૌક અફઝા = ઉમંગ શોખમાં વધારો કરનારી, કર્ઝ = ઉધાર, ગુનાહ = ગુનો, પરહેઝગારી = તકવો)*

**અર્થાત** : વાહ ! વાહ ! સુબ્હાનલ્લાહ ! કુર્બાન જાઉં ! હે મારા શફાઅતવાળા આકા ! આપની બાબરકત શફાઅતની તો વાત જ શું કરીએ ? એટલા પ્રમાણમાં ઝૌક તથા શૌક અને લિજ્જત તથા ખુશીમાં વધારો કરી રહી છે કે પરહેઝગારી પણ કેટલાક ગુનાહ કોઈ ગુનેહગારથી કરજ રૂપે લેવા ચાલી નીકળી છે.

એટલે કે જ્યારે મુત્તકી તથા પરહેઝગાર લોકો કયામતના દિવસે હુઝૂર ﷺને ગુનેહગારોની શફાઅત કરતા જોશે તો તમન્ના કરશે કે જાતે પોતે પોતાની પરહેઝગારીથી જન્નતમાં જવા કરતાં તો સારું થાત કે હુઝૂર ﷺની શફાઅતથી જન્નતમાં જાત ! પછી એ સઆદત (સદ્ભાગ્ય) હાંસલ કરવા માટે તે કોઈ ગુનેહગારને કહેશે, યાર ! થોડા ગુનાહ અમને પણ કરજ રૂપે આપો જેથી અમે પણ હુઝૂર ﷺની શફાઅતની મજા પામીને જન્નતમાં જઈએ !

શફાઅતની ભીખ માંગનારાઓમાં કેવળ આપણા જેવા ગુનેહગારો જ નથી બલ્કે અતાએ રસૂલ, હિંદલ વલી, ગરીબ નવાઝ, ખ્વાજાએ ખ્વાજગાન, નવ્વાણુ લાખ કાફિરોને કલ્મો પઢાવનારા હઝરત ખ્વાજા મોઈનુદ્દીન હસન સંજરી ચિશ્તી અજમેરી رحمۃ اللہ علیہ જેવા પણ સામેલ છે. આપ અર્ઝ કરે છે : (અર્થ) : "યા રસૂલલ્લાહ ! ﷺ સેંકડો જુર્મો હોવા છતાં કયામતના દિવસે આપનાથી હું શફાઅતની ઉમ્મીદ રાખુ છું."

અને એ જ તડપનું પ્રદર્શન આ'લા હઝરત رحمۃ اللہ علیہના બિરાદર ઉસ્તાદે ઝમન હઝરત મૌલાના હસન રઝાખાં رحمۃ اللہ علیہ આ શબ્દો કરે છે :–

*મેહશરમેં કિસીને ભી મેરી બાત ન પૂછી–હામી નઝર આયા તો બસ ઈક તૂ નઝર આયા*
*બાઝારે કયામતમેં જિન્હેં કોઈ ન પૂછે–ઐસોં કા ખરીદાર હમેં તૂ નઝર આયા*

**ખામાએ કુદરત કા હુસ્ન દસ્તકારી વાહ ! વાહ !**
**કયા હી તસ્વીર અપને પ્યારે કી સંવારી વાહ ! વાહ !**

*(ખામાએ કુદરત = અલ્લાહની કુદરતનો કલમ, દસ્તકારી = કારીગરી)*

**અર્થાત** : હે મારા રબ ! તારી કારીગરી અને તારા કલમની શક્તિ, સર્જનની કળા પર કુર્બાન જાઉં ! તેં તારા પ્યારા મહબૂબ ﷺની સૂરત કેવી અનુપમ, લાજવાબ અને બાકમાલ બનાવી છે કે તેને જોઈને કહેવું પડે છે :–

*તેરી સૂરતસે નહીં મિલતી કિસી કી સૂરત–હમ જહાંમેં તેરી તસ્વીર લિએ ફિરતે હૈં*

**અર્થાત :** હઝરત જિબ્રઈલ علیہ السلام એ હુઝૂર ﷺની બારગાહમાં અર્ઝ કરી જેને હઝરત ઈબ્ને મસઊદ رضی اللہ عنہ એ રિવાયત કર્યું કે અલ્લાહ ફર્માવે છે : હઝરત યૂસુફ علیہ السلام ને મેં કુર્સીના નૂરનું હુસ્ન આપ્યું અને હે મહબૂબ ! તારા ચહેરાને મેં મારા અર્શનું નૂર પહેરાવી દીધું. *(નુસ્રતુલ વાઈઝીન)*

**અશ્ક શબભર ઈન્તેઝારે અફ્વે ઉમ્મતમેં બહેં**
**મૈં ફિદા ચાંદ ઔર યૂં અખ્તર શુમારી વાહ ! વાહ !**

*(અશ્ક = આસૂં, શબભર = રાતભર, અફ્વ = માફી, અખ્તર શુમારી = તારાઓની ગણત્રી)*

**અર્થાત :** હે પૂરી રાત ઉમ્મતના ગુનાહોની બખ્શિશ માટે રડનાર માહતાબે આસ્માને નબુવ્વત ! હું આપના કદમો પર કુર્બાન થઈ જાઉં કે આપે અમ ગુનેહગારોના માટે કઈ રીતે જાગી જાગીને અને તારાઓ ગણી ગણીને રાતો ગુજારી છે.

**ઉંગ્લિયાં હૈં ફૈઝ પર ટૂટે હૈં પ્યાસે ઝુમકર**
**નદ્દિયાં પંજાબે રહમત કી હૈં જારી વાહ ! વાહ !**

**અર્થાત :** સુલહે હુદૈબિયહ તથા અન્ય કેટલાયે મોકાઓ પર જ્યારે પાણી ખત્મ થઈ ગયું તો સરકારે મદીના ﷺએ પોતાનો દસ્તે અતા વાસણમાં રાખ્યો તો પાણીની નહેરો વહેતી થઈ ગઈ. હજારથી અધિક સહાબાએ કિરામે પાણી પીધું, વુઝૂ કર્યું, ગુસ્લ કર્યું, સવારીઓને પીવડાવ્યું અને અન્ય જગાઓ પર પણ ઉપયોગમાં લીધું, પણ પાણી છે કે ખત્મ થવાનું નામ જ નથી લેતું ! અને સહાબાને જ્યારે પૂછવામાં આવ્યું કે તમે કેટલા હતા ? તો તેમણે તરત જવાબ આપ્યો કે ૧૪૦૦ હતા, પણ જો એક લાખ પણ હોત તો પણ પાણી ખત્મ ન થાત. આ વાત એટલા માટે જણાવી દીધી કે સવાલ કરનારો એવું ન સમજે કે કદાચ એના પછી થોડુક જ બચ્યું હશે. ઓછુ કેવી રીતે થઈ શકે છે કે કેમ કે હૌઝે કૌષરના ખાલિકે, કૌષરના માલિકની આંગળીઓનું કનેકશન હૌઝે કૌષર સાથે કરી આપ્યું હતું. ત્યારે તો આ'લા હઝરત رضی اللہ عنہ એ એને પંજાબે રહમત કહ્યું કે રહમતના પાંચ દરિયા અને નહેરો હતી જે વહી રહી હતી. આપની ફયઝ પહોંચાડનારી આંગળીઓએથી જ્યારે પાંચ નહેરો જારી થઈ તો હુઝૂરના આશિક સહાબાએ કિરામ પોતાની તરસ બુઝાવવા માટે વજ્દ કરતા દોડયા કે એ પાણીમાં યકીનન હૌઝે કૌષરની લિજ્જત હશે, પીવાની મજા તો આજે આવશે કે એ પાણી વજૂદે મુસ્તફાની ખુશબુથી મોઅત્તર છે.

**નૂર કી ખયરાત લેને દોળતે હૈં મહરો માહ**
**ઉઠતી હે કિસ શાનસે ગર્દે સવારી વાહ ! વાહ !**

**અર્થાત :** શબે મેઅરાજ સરકાર ﷺની સવારી કાંઈક એવી સજીધજીને, આન બાન તથા શૌનો શૌકતથી ચાલી અને આપના ચહેરાનું નૂર અંધારી રાતને એ પ્રમાણે રોશન કરી રહ્યું હતું અને પોતાનો પૂરો શબાબ તથા જોબન દેખાડી રહ્યું હતું કે સવારીની ઉઠતી નૂરાની ધૂળમાં જ ચાંદ તથા સૂરજ આપનાથી નૂરની ખૈરાત લેવા માટે ભીખ પાત્ર લઈને દોડી પડયા, અને દરેક અર્ઝ કરવા લાગ્યા કે :–

*મૈં ગદા તૂ બાદશાહ ભર દે પિયાલા નૂર કા–નૂર દિન દૂના તેરા દે ડાલ સદકા નૂર કા*

અને આસમાનમાં સૈર કરતા દરેકને (તારાઓને) આ પણ કહેતા સાંભળવામાં આવ્યા કે :–

*ભીક લે સરકાર સે લા જલ્દ કાશા નૂર કા–માહે નવ તયબહમેં બટતા હૈ મહીના નૂર કા* વધુ પેજ નં. ૧૯....પર

અલ્લાહના મુબારક નામોની ફઝીલત તથા બરકત

# અસ્માઉલ હુસ્ના

લેખક : **મૌલાના ઈફ્તેખાર અહમદ કાદરી**

*(દારુલ ઉલૂમ કાદરિયા ગરીબનવાઝ, લેડીસ્મિથ, સા. આફ્રિકા)*

અનુવાદક : **મૌલાના મુહમ્મદતૌસીફ હલદરવી**

## અલ્ માજિદ اَلْمَاجِدُ

**(બુઝુર્ગી, ઈજ્જતવાળો)**

**સમજૂતી** : જેમ અલ્લાહ તબારક વ તઆલાનું એક સિફ્તી નામ ''મજીદ'' છે તેમ ''માજિદ'' પણ છે. હકીકતમાં બુઝુર્ગી અને ઈજ્જત તથા કરામતવાળુ કોઈ છે તો રબ عزوجل છે. જે શખ્સિયતમાં જાતી બુઝુર્ગી સાથે ફઆલિયત (કાર્ય, આમાલ)ની ખૂબસૂરતી ભેગી થઈ જાય તેને ''માજિદ'' કહેવામાં આવે છે.

**દર્સ તથા સબક** : નામ મુબારક اَلْمَاجِدُ **''અલ્ માજિદ''**માં બંદાનો હિસ્સો એ છે કે તે પોતાના ઈરાદાઓ તથા મકસદોમાં તમામ મખ્લૂકથી બુલંદ થઈ હકીકતોથી માહિતગાર થઈ જાય. આમ ઈરાદાઓની બુલંદી અને હકીકતોથી તઅલ્લુકના કારણે તે ''માજિદ'' થઈ જશે.

**ફાયદાઓ તથા ખાસિયતો** : اَلْمَاجِدُ **''અલ્ માજિદ''**નો ઝિક્ર કરવાથી ઝિક્ર કરવાવાળાની હાલતમાં ઘણી જ તબ્દીલી (બદલાવ) જોવા મળે છે. અને તેનું દિલ રોશન થાય છે.

## અલ્ વાહિદ اَلْوَاحِدُ

**(એક, અજોડ)**

**સમજૂતી** : તે સૂરજની જેમ એવો બેમિષાલ છે કે તેની કોઈ મિષાલ નથી. તે એવો યક્તા (એક) છે કે તેના અંગોનો ખ્યાલ પણ અશક્ય છે. સૂરજની કોઈ મિષાલ મૌજૂદ છે જ નથી પણ અક્કલમાં ધારી શકાય છે. એટલા માટે અરબી લુગતની કિતાબોમાં શમ્સનું બહુવચન **شموس** ''શુમસુન'' જેમ કે **قمر** ''કમર'' નું બહુવચન અકમારુન **اقمار** વર્ણન કરેલ છે.

આ એ વાહિદ છે જે અઝલ અને અબદમાં પણ એક અને બેમિષાલ છે. બંદાઓ કોઈપણ પોતાના હમ જમાના (સમકાલિન) બીજા શખ્સથી અમુક લક્ષણોમાં બેમિષાલ થઈ શકે છે. પરંતુ જાહેર છે કે આ બેમિષાલી મહદૂદ (સીમિત) અંદાજની જ હશે.

**દર્સ તથા સબક** : બંદાએ ઈસ્મ મુબારક اَلْوَاحِدُ **''અલ્ વાહિદ''**થી સબક લેવો જોઈએ કે તે અલ્લાહની ઈબાદત અને પોતાની અબ્દિયતમાં બીજાઓના મુકાબલે બેમિષ્લ (અજોડ) થઈ જાય.

**ફાયદાઓ તથા ખાસિયતો** : આ નામની ખુસૂસિયત એ છે કે **તેનું ઝિક્ર કરવાવાળાના દિલમાંથી થાક અને સુસ્તી દૂર થઈ જાય છે. જે શખ્સ એક હજારવાર આ નામનું ઝિક્ર કરશે તેનું દિલ મજબૂત થઈ તેમાંથી મખ્લૂકનો ખૌફ જતો રહેશે.** મખ્લૂકનો ખૌફ જ દુનિયા અને આખેરતની દરેક મુસીબત તથા બલાની જડ અને પાયો છે. હદીષે પાકમાં છે. નબી ﷺએ એક શખ્સને આ કલેમાત સાથે દુઆ કરતો સાંભળ્યો :–

اَللّٰهُمَّ اِنِّى اَسْـأَلُكَ بِـأَنَّكَ أَنْتَ اللّٰهُ الوَاحِدُ الْاَحَدُ الصَّمَدُ الَّذِى لَمْ يَلِدْ وَلَمْ يُولَدْ وَلَمْ يَكُنْ لَهُ كُفُواً أَحَد

**"અલ્લાહુમ્મ ઈન્ની અસ્અલુક બિઅન્નક અન્તલ્લાહુલ્ વાહિદુલ્ અહદુસ્સમદુલ્લઝી લમ્ યલિદ્ વલમ્ યૂલદ્ વલમ્ યકુલ્લહુ કુફૂવન્ અહ્દ."** તો હુઝૂર ﷺએ ફર્માવ્યું, આ બંદાએ અલ્લાહના ઈસ્મે આ'ઝમ સાથે દુઆ કરેલ છે. અને જ્યારે ઈસ્મે આ'ઝમની સાથે દુઆ કરવામાં આવે તો ક઼બૂલ થાય છે, સવાલ કરવામાં આવે તો અતા કરવામાં આવે છે. અરબઈને ઈદરીસિયામાં શૈખ સુહરવર્દી رحمۃ اللہ علیہ ફર્માવે છે કે :– يَاوَاحِدُ البَاقِى أَوَّلَ كُلِّ شَىْءٍ وَآخِرَهُ **"યા વાહિદુલ્ બાકિ઼યુ અવ્વલ કુલ્લિ શયઈન્ વઆખિરહુ"**ને એવો શખ્સ જે જુદા જુદા બુરા ખયાલો તથા ફિક્રમાં સપડાયેલ હોય તે આ કલેમાતનો વિર્દ કરશે તો ફાસિદ ખયાલથી છૂટકારો પામશે, બાદશાહથી ડરી ગયેલ કોઈ માણસ ઝોહરની નમાઝ બાદ ૫૦૦ વાર આ ઈસ્મનો વિર્દ કરશે તો અમાન પામશે અને તેનો ગમ તથા બેચૈની દૂર થશે અને તેના દુશ્મન દોસ્ત બની જશે. (વલ્લાહુ તઆલા અઅ્લમ)

## અલ્ અહદ اَلْاَحَدُ

**(એક, સૌથી અલગ)**

**સમજૂતી :** વાહિદ એ એતેબારથી કે તે તરકીબ અને માત્રા (માપ)થી પાક સાફ છે. અને અહદ એ એતેબારથી કે તેની કોઈ મિષાલ (દષ્ટાંત) નથી. તેની જાતમાં ભાગીદારી તથા વધારો અશક્ય છે. તે પોતાની યકતાઈમાં બેમિષાલ (અજોડ) છે.

**ફાયદાઓ તથા ખાસિયતો :** નામ મુબારક اَلْاَحَدُ **"અલ્ અહદ"**ની ખાસિયત એ છે કે જે કોઈ પણ તેનું વિર્દ કરશે તેના માટે કુદરતની અજીબો ગરીબ નિશાનીઓ જાહેર થશે. જો કોઈ એકાંતમાં વુઝૂ કરી ૧૦૦૦ વાર يَا اَحَدُ **"યા અહદુ"**નો વિર્દ કરશે તો તેની સલાહિયતો (ક્ષમતાઓ) પ્રમાણે તેના માટે કુદરતના અજાઈબ જાહેર થશે. *(સઆદતુદ્દારૈન, પેજ–૫૨૧)*

પેજ નં. ૧૭ નું ચાલુ...

**નીમ જલ્વે કી ન તાબ આએ ક઼મર સાં તો સહી**
**મહર ઔર તલ્વોં કી આઈનાદારી વાહ ! વાહ !**

*(નીમ = અડધુ, તાબ = સહન કરવું, ક઼મર સાં = ચાંદ જેમ, મહર = સૂરજ, તલ્વોં = પગનાં તળિયાં, આઈનાદારી = ચમક)*

**અર્થાત :** જેમના તળિયાઓનું ધોવણ આબે હયાત, અને જે જમીન પર તે તળિયાં સ્પર્શે તેની કુર્આન ક઼સમો ઉઠાવતું હોય, અને જે ક્યારેક તાઈફના બજારોમાં લોહીલુહાણ થતા હોય તો કદીક અર્શ પર જલ્વાગર થાય, તો ભલા ચાંદ તથા સૂરજમાં એ તળિયાંઓના જલ્વામાંથી અડધા જલ્વાની આઈનાદારીની તાબ પણ ક્યાંથી હોય શકે છે ?!

*ઉનકા દર ચુમને કા સિલા મિલ ગયા–સર ઉઠાયા તો મુઝકો ખુદા મિલ ગયા*
*કુછ ન પૂછ કે મૈં કૈસે 'બેકલ' હુવા–મુઝકો કમલીમેં નૂરે ખુદા મિલ ગયા*

**નફ્સ પે કયા ઝુલમ હૈ જબ દેખો તાઝા જુર્મ હૈ**
**નાતવાં કે સરપે ઈતના બોજ ભારી વાહ ! વાહ !**

*(નાતવાં = અશકત)*

**અર્થાત :** હે બુરા નફ્સ ! નફ્સે અમ્મારા ! આ શું જુલ્મ છે અને તું કેવો જાલિમ છે કે દરેક ક્ષણે તું એક નવો જુર્મ કરીને મારા કમજોર ખભાઓ પર આટલો બોજ નાખતો જઈ રહ્યો છે ?! (અમારા આક઼ા ! ﷺ માફ કરાવવાના પર લાગેલા છે અને તું છે કે જુર્મ પર જુર્મ કર્યે જાય છે ! તને શરમ આવવી જોઈએ અને અલ્લાહના નબી ﷺને ગુનાહો કરીને પેરશાન ન કરવા જોઈએ.)

*સરકાર કી રહમતસે માયૂસ નહીં હૂં–હૈં ગરચે ગુનાહ મેરે સમંદર કે બરાબર ....(ક્રમશઃ)*

راحتہ القلوب

## રાહતુલ કુલૂબ



# હશ્ત બહિશ્ત

## મલ્ફૂઝાતે ખ્વાજગાને ચિશ્ત

રહમતુલ્લાહિ તઆલા અલૈહિમ અજમઈન

અનુવાદક : **પટેલ શબ્બીર અલી રઝવી** –*તંત્રી : બરકાતે ખ્વાજા (માસિક)*

**મલ્ફૂઝાતે હઝરત ખ્વાજા ફરીદુદ્દીન ગંજ શકર** رحمۃ اللہ علیہ

સંપાદક : **મહબૂબે ઈલાહી**

**હઝરત નિઝામુદ્દીન અવલિયા** رحمۃ اللہ علیہ

### ★ દુનિયાની મહોબ્બત વિશે ★

સોમવારના દિવસે ૨૦ તારીખે હિ.સ. ૬૫૫ના રોજ કદમબોસીનો શરફ હાંસલ થયો. કાઝી હમીદુદ્દીન નાગોરીના ફરઝંદે અર્જમંદ મૌલાના નાસિહુદ્દીન નાગોરથી આવ્યા હતા, અને મૌલાના શમ્સુદ્દીન બુરહાન ખિદમતમાં હાજર હતા. દુનિયાના બારામાં ચર્ચા થઈ રહી હતી. ઝબાન મુબારકથી ફર્માવ્યું કે રસૂલુલ્લાહ ﷺ ફર્માવે છે : **حب الدنیا رأس کل "દુનિયાની મહોબ્બત તમામ ગુનાહોની જડ છે."** પછી ફર્માવ્યું : મઅરેફતવાળાઓનો કૌલ છે કે જેણે દુનિયાને છોડી દીધી તે બાદશાહ બની ગયો અને જેણે એને લીધી તે હલાક થઈ ગયો. શયખ અબ્દુલ્લાહ તુસ્તરી ફર્માવે છે કે દુનિયા બંદા તથા મૌલાની વચ્ચે સૌથી મોટો પડદો છે, એટલા માટે કે જેટલા પ્રમાણમાં બંદો એમાં મશ્ગૂલ થાય છે એટલા પ્રમાણમાં હક્ક તઆલાથી દૂર રહે છે.

પછી ફર્માવ્યું કે જો મુરીદ પોતાની પીઠની તરફ જોવા ચાહે તો એટલામાં જ દિલની સામે હિજાબ (પર્દો) આવી જાય છે. તો લોકોએ જોઈએ કે કોઈ હાલતમાં દુનિયામાં મશ્ગૂલ ન થાય, કેમ કે જેટલા પ્રમાણમાં દુનિયામાં મશ્ગૂલ થશે એટલા જ પ્રમાણમાં હક્કથી દૂર રહેશે.

પછી ફર્માવ્યું, મેં શયખુલ ઈસ્લામ કુત્બુદ્દીન બખ્તિયાર કાકી قُدِّسَ سِرُّهُ الْعَزِیْز ની ઝબાની સાંભળ્યું છે અને તેમણે પોતાના ઉસ્તાદની ઝબાની રિવાયત કરી કે જ્યાં સુધી માણસ દુનિયાવી મહોબ્બતના કાટને પોતાના દિલથી દૂર નથી કરતો અને ફિક્રે હક્કથી લગાવ નથી કરતો અને ગૈરની હસ્તીને વચ્ચેથી નથી હટાવી દેતો ત્યાં સુધી તે કદી ખુદાથી નિકટ નથી થતો. જ્યાં સુધી તે આ સર્વ વાતો નથી કરી લેતો ત્યાં સુધી કદાપિ ખુદા રશીદા નથી થતો. ત્યારબાદ ફર્માવ્યું કે તોહફતુલ આરિફીનમાં ખ્વાજા શિબ્લી رحمۃ اللہ علیہ લખે છે કે સલાહિયત (સુધારવા)નો પાયો માણસમાં હોય છે અને તે દિલની સલાહિયતથી સંબંધિત હોય છે. જ્યારે દિલ સલાહિયત પકડી લે છે તો તે માણસની સુધારણા થઈ જાય છે.

પછી ફર્માવ્યું કે દિલ મુર્દા પણ હોય છે અને ઝિંદા પણ હોય છે. જેમ કે કલામુલ્લાહમાં લખ્યું છે : **اومن کان میتًا "દુનિયવી કામોની અતિ વ્યસ્તતાથી દિલ મરી જાય છે."** **فاحیاة بذکر المولٰی "તો એને ઝિક્રે ઈલાહી વડે જીવંત કરો."** પછી ફર્માવ્યું : જ્યારે દિલ દુનિયવી લિજ્જતો અને વાસનાઓ, તથા ખાવા પીવાની

ચીજોમાં મશગૂલ થઈ જાય છે તો ગફલતની એના પર અસર થાય છે અને મનેચ્છાઓ એના પર સવાર થઈ જાય છે અને ઈચ્છા એના પર ગાલિબ આવે છે. ચોતરફ દિલમાં વસવસા આવવા શરૂ થઈ જાય છે જે દિલને સિયાહ (કાળુ) કરે છે, કેવળ હક્ક તઆલાનો ખયાલ દિલને સિયાહ નથી કરતો. જ્યારે દિલ કાળુ થઈ જાય છે તો જાણે મુર્દા થઈ જાય છે. જેમ કે જે જમીનમાં ક્ષાર વધુ થઈ જાય તે બીજનો સ્વીકાર નથી કરતી, અને કહેવાય છે કે આ જમીન મુર્દા છે. એ જ રીતે જે દિલથી ઝિક્ર ચાલ્યુ જાય તો એના પર શૈતાન સવાર થઈ જાય છે, પછી જે દિલ શૈતાનની બેઠક બની જાય છે તે મુર્દા છે. એટલા માટે કે ઝિક્રે હક્ક હક્ક છે અને જે કાંઈ એના સિવાય છે તે ગલત તથા શર્મિંદગી છે. જરૂરી છે કે હક્કના સિવાય કાંઈ ન સાંભળે, કેમ કે સાંભળવું ઝિંદાઓનું કામ છે ન કે મુર્દાઓનું. પરંતુ જે વખતે માણસના દિલથી દુનિયવી સંબંધ દૂર થઈ જાય છે અને મનની વાસનાઓ તેનામાંથી જતી રહે છે તે વખતે એ ઝાકિર બને છે, એવું દિલ ઝિક્રના નૂરથી ઝિંદા થાય છે.

### ★ તે દુરવેશ નથી બલ્કે તરીકૃતનો મુર્તદ છે ! ★

ત્યારબાદ ફર્માવ્યું કે જુનેદ બગદાદી رحمۃ اللہ علیہના ઉમદામાં લખ્યું છે કે આ રાહનો ઉસૂલ દિલની સલાહિયત (સુધારણા) છે અને એ સલાહિયત એ વખતે હાંસલ થાય છે જ્યારે કે બાતિનને તમામ બુરી બાબતો કીના તથા અદાવત, હસદ તથા ઘમંડ અને લાલચ તથા કંજૂસાઈથી પાક કરે અને દિલની બુરાઈને એનાથી સાફ કરે, એ કામની વાત છે અને દુરવેશીનું જૌહર પણ એ મકામ પર જાહેર થાય છે.

ત્યારબાદ શૈખુલ ઈસ્લામે અશ્રુમય આંખે ફર્માવ્યું કે જે દુરવેશે દુનિયાનું કામ શરૂ કર્યું અને માલ તથા મર્તબો અને તરક્કી ચાહી છે તે દુરવેશ નથી બલ્કે **તરીકૃતનો મુર્તદ** છે, એટલા માટે કે દુનિયાથી વિમુખ થવાનું નામ ફકીરી છે.

ત્યારબાદ એ મોકા પર ફર્માવ્યું કે એકવાર હું બગદાદમાં ખ્વાજાએ અજલ સંજરી رحمۃ اللہ علیہની ખિદમતમાં હતો, અને દુરવેશોના બારામાં ચર્ચા ચાલી રહી હતી. ખ્વાજા સંજરીએ ફર્માવ્યું કે ખ્વાજા જુનેદ رحمۃ اللہ علیہના ઉમદામાં લખેલું જોયું છે કે તમામ મઝહબોમાં ફકીરે દુનિયાદારો સાથે સંપર્ક રાખવો અને બાદશાહો તથા અમીરોની પાસે આવવું જવું હરામ છે.

પછી એ મોકા પર ફર્માવ્યું કે હરાઈકમાં લખ્યું છે કે એકવાર ઈરાકનો શાહ ત્રણ વરસ સુધી બીમાર રહ્યો. ખ્વાજા શહાબુદ્દીન તુસ્તરીને બોલાવ્યા કે જેથી દુઆ કરે. જ્યારે આપ આવ્યા તો તેના ચહેરા પર હાથ ફેરવ્યો જેનાથી તેની બીમારી દૂર થઈ ગઈ અને આપ પરત ચાલ્યા આવ્યા. એક ઘડી જે બાદશાહની પાસે ખર્ચ થઈ તેના કફ્ફારામાં સાત વરસો સુધી દુનિયાવાળાઓ સાથે મેલજોલ ત્યજી દીધો. અને એ પણ ફર્માવ્યું કે એના બારામાં મશાઈખે તરીકૃત કહે છે કે ફકીરોના માટે દુનિયાની સોહબત કાતિલ ઝહેર છે. એનાથી એ પરિણામ નીકળે છે કે માલદાર માણસોથી જેટલા પ્રમાણમાં પરહેઝ કરવામાં આવે એટલા પ્રમાણમાં ખુદાની નિકટતા હાંસલ થાય છે. દુનિયાદારોની મહોબ્બત જેટલા પ્રમાણમાં એમના દિલમાં હશે એટલા પ્રમાણમાં નુકસાન થશે. એટલા માટે કે ફક્ર, તકર્રુબ અને તરીકૃતનો મઝહબ એ છે કે દુરવેશના દિલમાં રજમાત્ર પણ દુનિયાવાળાઓની મહોબ્બત ન રહે, અને ગફલતની કબૂલિયત દુરવેશના દિલમાં લેશમાત્ર ન હોય.

ત્યારબાદ ઝિક્રના બારામાં ચર્ચા શરૂ થઈ તો ઝબાન મુબારકથી ફર્માવ્યું કે દુરવેશે ઝિક્રમાં એવા ફર્દ હોવું જોઈએ કે તેના બદનનો દરેક વાળ જમીન બની જાય. જેમ કે અસ્રારુલ આરિફીનમાં લખેલું જોયું કે એકવાર બાતિની હુઝૂરીથી ખ્વાજા સઈદ અબુલ ખૈર ઝિક્રમાં મશગૂલ હતા. આપના દરેક નસ્કોરાથી લોહી વહેવા લાગ્યું. તેમજ કહે છે કે મુરીદોમાંથી કોઈકે લાકડાનો પ્યાલો શયખ સાહબના બાવડા નીચે રાખી દીધો, જ્યારે પ્યાલો ભરાય ગયો તો પી લીધો. *(આ જઝ્બની હાલતનો બનાવ છે, સામાન્ય હાલતનો નથી. –અનુવાદક)*

## ★ સૂફીપણાની ગોદડીને પાત્ર કોણ ? ★

ત્યારબાદ શયખુલ ઈસ્લામે મારી તરફ સંબોધન કરતાં ફર્માવ્યું કે **આ રાહમાં મોટો ઉસૂલ દિલની હુઝૂરી છે. અને દિલની હુઝૂરી હલાલ લુક્મો ખાધા વિના, દુનિયાવાળાઓથી પરહેઝ કર્યા વિના નથી હાંસલ થઈ શકતી.** કેમ કે મશાઈખ ફર્માવે છે કે જે શખ્સ હરામનો લુકમો ખાય અને દુનિયાવાળઓ અને બાદશાહોની મજલિસથી દૂર ન રહે તેના માટે ગોદડી પહેરવી જાઈઝ નથી, કેમ કે સૂફીપણાની ગોદડી પહેરવી અંબિયા, અબ્દાલ તથા અવતાદનું કામ છે. ગોદડીની કદર તથા મર્તબો હઝરત મૂસા કલીમુલ્લાહ, હઝરત ઈબ્રાહીમ ખલીલુલ્લાહ તથા હઝરત મુહમ્મદ મુસ્તફા હબીબે ખુદા ﷺના સિવાય કોઈ નથી જાણતું.

ત્યારબાદ એ જ મોકા પર ફર્માવ્યું કે મેં શયખુલ ઈસ્લામ કુત્બુદીન બખ્તિયાર કાકી قُدِّسَ سِرَّهُ الْعَزِيْز ની ઝબાની સાંભળ્યું છે કે એકવાર ચિશતમાં ખ્વાજા મૌદૂદ ચિશતી رحمۃ اللہ علیہની ખિદમતમાં દસ વરસ રહ્યો, પરંતુ કદી ન જોયું કે આપ કોઈ બાદશાહ અથવા અમીરને ત્યાં ગયા હોય, જુમ્આની નમાઝ સિવાય.

ત્યારબાદ તેમનાથી જ સાંભળ્યું કે જ્યારે દુરવેશ બાદશાહોની પાસે જાય તો એની પાસેથી ગોદડી લઈ લેવી જોઈએ, અને દુરવેશીની સામગ્રી જે એની પાસે હોય તે છીનવી લેવી જોઈએ. અને તેને ઈજાઝત આપવી જોઈએ કે પોતે પોતાને દુરવેશી ખારિજ (બહાર) કરે. જો ખારિજ ન કરો તો તેનો ગોદડી અને જામો આગમાં સળગાવી દેવાં જોઈએ. એટલા માટે કે જ્યારે દુરવેશ દુનિયાવાળાઓથી મેલજોલ કરે તો સમજો કે તે દુરવેશ નથી, પણ તે જૂઠો દાવેદાર છે. એટલા માટે કે મેં અમુક તરીકતના મશાઈખને જોયા છે કે જ્યારે તેમને કોઈ જરૂરત ઉભી થાય છે તો સૌફ (સૂફીપણા)ની ગોદડી અને ગરદનમાં જંજીર પહેરીને તેને દુઆમાં શફીઅ બનાવે છે જેની બરકતથી અલ્લાહ તઆલા તેમની હાજતો પૂર્ણ કરે છે.

ત્યારબાદ એ મોકા પર શયખુલ ઈસ્લામે મને સંબોધીને ફર્માવ્યું કે જે સૌફ (સૂફીપણાની ગોદડી) પહેરે તેણે ચર્બ તથા મધુર લુકમો ન ખાવો જોઈએ, અને ન તો દુનિયાવાળાઓથી મેલજોલ રાખવી જોઈએ. જ્યારે એવું ન કરે તો જાણે તે અવલિયા સાથે સુલૂકના (સૂફીપણાના) લિબાસમાં ખયાનત કરે છે.

ત્યારબાદ એ જ મોકા પર ફર્માવ્યું કે અસ્રારુલ આરિફીનમાં લખેલું જોયું છે કે જ્યારે ખ્વાજા ઝુન્નૂન મિસ્રી رحمۃ اللہ علیہનો એક મુરીદ બાદશાહને ત્યાં મોટાભાગે આવજા કર્યા કરતો હતો અને ત્યાં તેને કેવળ પર્દો ઢાંકવા માટે કાંઈક મળી જતુ હતું. ખ્વાજાએ તેને બોલાવીને ગોદડી વગેરે છીનવી લીધી અને સળગાવી દીધી અને સખત નારાજ થઈને ફર્માવ્યું, શું તું અંબિયા તથા અવલિયાના લિબાસને ખબીષ આદમીઓમાં ફેરવે છે અને ચાહે છે કે આ જ લિબાસ પહેરીને અલ્લાહ તઆલાના ત્યાં પણ આવે ?!

ત્યારબાદ એ મોકા પર ફર્માવ્યું, કહેવાય છે કે ઈમામ માલિક رحمۃ اللہ علیہ ત્રણ કુર્તા પહેરતા હતા. જ્યારે નમાઝનો સમય થતો તો બે ઉતારી દેતા, અને વચ્ચેના કુર્તા વડે નમાઝ અદા કરતા. કારણ પૂછવામાં આવ્યું તો ફર્માવ્યું કે જાહેરી પહેરણ રિયા તથા રસ્મના કારણે ઉતારવામાં આવેલ છે, અને આંત્રિક પહેરણમાં લાલચ, હસદ, કંજૂસી તથા ફિસ્કની બુરાઈ છે, પરંતુ દરમિયાની પહેરણ એ બંનેવથી ખાલી છે જેથી એના વડે નમાઝ અદા કરવી બેહતર છે.

પછી શયખુલ ઈસ્લામે અશ્રુમય આંખે ફર્માવ્યું કે મુતકદ્દિમીન (આગલા બુઝુર્ગો) આવું જ કરતા આવ્યા છે જેના સબબે તેમણે મર્તબાઓ હાંસલ કર્યા છે. પછી નમાઝનો સમય થયો તો નમાઝમાં મશગૂલ થઈ ગયા અને લોકો તથા દુઆગો પાછા ચાલ્યા આવ્યા. اَلْحَمْدُ لِلّٰهِ عَلٰى ذٰلِكَ

## દરેક મુસ્લિમે જાણવો જરૂરી ઈલ્મ



# કાનૂને શરીઅત

**લેખક : અલ્લામા શમ્સુદ્દીન જોનપૂરી** رحمۃ اللہ علیہ
**અનુવાદક : જનાબ ઈબ્રાહીમ માસ્તર વેમી ઝંઘારવી**

## ઉમરહનું બયાન

એહરામ બાંધીને તવાફ તથા સઈ કરે. પછીથી માથાના વાળ મૂંડાવવા અથવા કતરાવવા બાદ એહરામ ખોલવાને ઉમરહ કહેવાય છે. એહરામ શર્તે અદા તથા બાલ બનાવવા શર્તે ખુરૂજ છે. (જૌહરા) ઉમરહ સુન્નત છે, વાજિબ નથી. વર્ષમાં ગમે તેટલી વખત કરી શકાય છે. એનો વખત આખું વર્ષ છે. ફકત પાંચ દિવસો સિવાય. (૯મી ઝિલ્હજજથી ૧૩મી ઝિલ્હજજ)

ઉમરહમાં ફકત તવાફ ફર્ઝ છે, સઈ વાજિબ છે અને માથુ મૂંડાવવું તેમજ બાલ કતરાવવા. જે હજની શરતો છે તે જ શરતો ઉમરહની છે. ફકત વખતની પાબંદી સિવાય. એની રીત અને અદબ પણ તે જ છે જે હજ માટેની છે. તવાફના ચાર ફેરા પૂરા કરતા પહેલાં ઔરતની સોહબત કરવાથી ઉમરહ ફાસિદ થઈ જાય છે.

### ★ ઉમરહની રીત ★

જે ફક્ત ઉમરહ કરવાનો ઈરાદો રાખતા હોય તેમણે મિકાતથી અથવા મિકાતની આગળથી કોઈ પણ જગ્યાએથી એહરામ બાંધવું અને ઉમરહની નિયત આ રીતે કરે કે પ્રથમ બે રકાત નમાઝ એહરામની નિયતથી પઢે અને સલામ ફેરવ્યા બાદ :–

**اَللّٰھُمَّ اِنِّیۡ اُرِیۡدُ الۡعُمۡرَۃَ فَیَسِّرۡ ھَالِیۡ وَتَقَبَّلۡھَا مِنِّیۡ نُوَیۡتُ الۡعُمۡرَۃَ وَاَحۡرَمۡتُ بِھَا مُخۡلِصاً اللّٰہِ تَعَالیٰ۔**

ત્યાર પછી મોટેથી લબ્બૈક પુકારે, દુરૂદ શરીફ પઢે પછી દુઆ માંગે. એક દુઆ આ મુજબની છે :–

**اَللّٰھُمَّ اِنِّیۡ اَسۡئَلُكَ رِضَاكَ وَاَعُوۡذُ بِكَ مِنۡ غَضَبِكَ وَالنَّارِ۔**

ત્યાર બાદ તે તમામ ચીજોથી બચવું જેનાથી હજનું એહરામ બાંધનાર બચે છે. પછી તવાફ કરવો. તવાફ પછી સઈ કરવી. આ તવાફ અને સઈ તે પ્રમાણે કરે જે પ્રમાણે હજ કરવાવાળા કરે છે. મક્કાની હાજરી વગેરેમાં પણ તે જ પ્રમાણે અદબ, એહતેરામ કરે જે પ્રમાણે હજ કરવાવાળા કરે છે. તવાફ અને સઈ કર્યા બાદ બાલ બનાવવા. આ રીતે ઉમરહ પૂરો થશે. ઉમરહનું એહરામ ખોલી નાખવું. ઉમરહમાં તવાફ શરૂ કરતી વખતે હજરે અસ્વદને ચૂમતાં જ લબ્બૈક બોલવાનું બંધ કરવું.

## :: હજ્જના ત્રણ પ્રકારો ::

## કિરાન અને તમત્તુઅનું બયાન

હજ ત્રણ પ્રકારની થાય છે :–

**(૧)** એક તે જે ફક્ત હજ કરે એને **ઈફરાદ** કહે છે અને હાજીને મુફરિદ કહે છે. એમાં સલામ બાદ આ પ્રમાણેની નિયત કરે :–

**اَللّٰھُمَّ اِنِّیۡ اُرِیۡدُ الۡحَجَّ فَیَسِّرۡہُ لِیۡ وَتَقَبَّلۡ مِنِّیۡ نُوَیۡتُ الۡحَجَّ وَاَحۡرَمۡتُ بِہٖ مُخۡلِصاً لِلّٰہِ تَعَلیٰ۔**

**(૨)** બીજો પ્રકાર એ કે જેમાં ફક્ત ઉમરહની નિયત કરીને એહરામ બાંધે અને મક્કા મોઅઝ્ઝમામાં હજનો એહરામ બાંધે. એને **તમત્તુઅ** અને હાજીને મુતમત્તેઅ કહે છે. એમાં સલામ ફેરવ્યા પછી આ પ્રમાણેની નિયત કરે :

اَللّٰهُمَّ اِنِّىۡ اُرِيۡدُ الۡعُمۡرَةَ فَيَسِّرۡ هَالِىۡ وَتَقَبَّلۡهَا مِنِّىۡ نُوَيۡتُ الۡعُمۡرَةَ وَاَحۡرَمۡتُ بِهَا مُخۡلِصاً لِّلّٰهِ تَعَلىٰ۔

**(૩)** ત્રીજો પ્રકાર એ કે જેમાં હજ અને ઉમરહ બન્નેની નિયત કરે એને **કિરાન** કહે છે. એ સૌથી અફઝલ છે. એ હાજીને કારિન કહે છે. એમાં સલામ ફેરવ્યા પછી આ પ્રમાણેની નિયત કરે :–

اَللّٰهُمَّ اِنِّىۡ اُرِيۡدُ الۡعُمۡرَةَ وَالۡحَجَّ فَيَسِّرۡ هُمَالِىۡ وَتَقَبَّلۡهُمَا مِنِّىۡ نَوَيۡتُ الۡعُمۡرَةَ وَالۡحَجَّ وَاَحۡرَمۡتُ بِهِمَا مُخۡلِصاً لِّلّٰهِ تَعَلىٰ۔

દરેક વખતે (ત્રણે પ્રકારમાં) નિયત પછી મોટેથી લબ્બૈક કહેવું.

## ★ કિરાનની રીત ★

કિરાન પ્રકારની હજનો ઈરાદો કરો તો એહરામની તૈયારી તે પ્રમાણેની કરો જેવી તૈયારી મુફરિદ કરે છે. વુઝૂ અથવા ગુસ્લ કરીને બે રકાત એહરામની નિયતથી પઢવી અને સલામ ફેરવ્યા બાદ કિરાનની આ મુજબની નિયત કરવી :–

اَللّٰهُمَّ اِنِّىۡ اُرِيۡدُ الۡعُمۡرَةَ وَالۡحَجَّ فَيَسِّرۡ هُمَالِىۡ وَتَقَبَّلۡهُمَا مِنِّىۡ نَوَيۡتُ الۡعُمۡرَةَ وَالۡحَجَّ وَاَحۡرَمۡتُ بِهِمَا مُخۡلِصاً لِّلّٰهِ تَعَلىٰ۔

પછી લબ્બૈક બોલવું (પુકારવું). હજ અને ઉમરહ બન્નેને એક સાથે અદા કરવાની નિયતથી દુરૂદ શરીફ પઢવું. દુઆ માંગવી, પછી ઉમરહ્‌નું કામ (વિધિ) શરૂ કરી દે. જેમ કે જ્યારે મક્કા શરીફ પહોંચે કે ખાનએ કા'બાનો તવાફ સાત ચક્કર ઉમરહ્‌ના લગાડે જે રીતે મુફરિદ તવાફ કરે છે. ત્યાર બાદ સફા અને મરવાની સઈ કરવી. આ ઉમરહની વિધિ થઈ. પરંતુ માથુ મૂંડાવવું નહીં તેમજ એહરામ ખોલવું નહીં. બલ્કે (ત્યાર બાદ) હજ માટેનો તવાફે કુદૂમ કરે અને સઈ કરે તેમજ બાકીની તમામ વિધિ હજની કરે જેવી રીતે મુફરિદ હાજી કરે છે.

**મસ્અલા** : કારિનને જો કુરબાની મયસ્સર ન થાય એટલે કે એની પાસે જરૂરતથી વધારે માલ ન રહેવા પામે, ન એટલું સાધન હોય કે જેને વેચીને કુર્બાનીનું જાનવર ખરીદી શકાય તો દસ દિવસના રોઝા રાખે. એમાં ત્રણ તો ત્યાં જ એટલે પહેલી શવ્વાલથી નવમી ઝિલ્હજ સુધીમાં એહરામ બાંધ્યા બાદ રાખવા. ખાસ કરીને સાતમી, આઠમી, નવમીના રાખે અથવા એના પહેલાં રાખે. બેહતર એ છે કે નવમી પહેલાં પૂરા કરે. અલગ અલગ (રોઝા) પણ રાખી શકે છે. ત્રણે (રોઝા) એક સાથે રાખવા જરૂરી નથી. સાત રોઝા હજનો સમય પૂરો થયા પછી એટલે કે ૧૩મી પછીથી રાખે. તેરમીએ અથવા એના પહેલાં રાખી શકાશે નહીં. આ સાત રોઝા ત્યાં રાખે અથવા ઘેર પાછા ફરીને પણ રાખી શકે છે. ઘેર પાછા ફર્યા બાદ રાખવા બેહતર છે. આ દસ રોઝામાં રાતના જ નિયત કરી લેવી જરૂરી છે. *(આલમગીરી, દુર્રે મુખ્તાર, રદ્દુલ્ મુહ્‌તાર, બહાર)*

**મસ્અલા** : જો પહેલા ત્રણ રોઝા નવમી સુધીમાં ન રાખ્યા તો એ પૂરતા ન ગણાશે બલ્કે દમ આપવો વાજિબ થશે. દમ આપીને એહરામથી બહાર થઈ જવું (એહરામ ખોલવું). જો દમ આપવા શકિતમાન ન હોય તો માથુ મૂંડાવવું યા કતરાવી એહરામ ખોલે. હવે બે દમ આપવા વાજિબ થશે. *(દુર્રે મુખ્તાર, બહાર)*

## ★ તમત્તુઅની રીત ★

મિકાત અથવા તો એની આગળથી ઉમરહનો એહરામ બાંધવો. મક્કા પહોંચ્યા પછી ઉમરહ માટેનો તવાફ કરે. ત્યાર બાદ સઈ કરવી. સઈ કર્યા પછી માથુ મૂંડાવવું અથવા ખાલી બાલ કતરાવવા. હવે ઉમરહથી પાક થઈ ગયા. એટલે ઉમરહ પૂરો થઈ ગયો. એહરામ ખોલી નાખવું અને મક્કામાં રોકાણ કરે. ત્યાર પછી આઠમી તારીખે મસ્જિદે હરામથી અથવા તો હરમથી હજનું એહરામ બાંધવું અને જે રીતે મુફરિદ હાજીઓ કરે

છે એ રીતના (તમામ અરકાનો) કરી હજ પૂરી કરે. સિવાય કે તવાફે કુદૂમ (તવાફે કુદૂમ કરવો નહીં).

**મસ્અલા** : જેના પર દમે તમત્તુઅ વાજિબ છે તો જ્યારે કુર્બાનીના દિવસે કુર્બાની કર્યા પછી માથુ મૂંડાવે અથવા બાલ કતરાવે. જો કુર્બાનીની શકિત ન હોય તો રોઝા રાખવા. જેવી રીતના કિરાનવાળાઓ માટે છે. *(જૌહરા, આલમગીરી, દુર્રે મુખ્તાર, બહાર)*

**મસ્અલા** : જો મુતમત્તેઅ કુર્બાનીનું જાનવર ન લાવ્યા હોય તો ઉમરહથી ફારિગ થયા બાદ હલાલ થઈ જશે અને જો કુર્બાનીનું જાનવર પોતાની સાથે લાવેલા છે તો જ્યાં સુધી હજના તમામ અરકાનો પૂરા ન થાય ત્યાં સુધી મેહરમ રહેશે. *(કાઝીખાન)*

**મસ્અલા** : જે જાનવર લાવ્યા અને જે ન લાવ્યા એ બન્નેમાં ફરક એટલો છે કે જો જાનવર ન લાવ્યા હોય અને ઉમરહ્ પછી એહરામ ખોલી નાખે અને પછી હજનો એહરામ બાંધો અને કોઈ પ્રસુતિ થઈ ગઈ તો મુફરિદના પ્રકારનો દંડ થશે અને જો ઉમરહનો એહરામ બાકી હતો તો કાહિનના પ્રકારનો દંડ થશે તેમજ જાનવર લાવ્યા હોય તો હર હાલતમાં કાહિનના પ્રકાર જેમ ગણાશે. *(રદ્દુલ્ મુહ્તાર, બહાર)*

**મસ્અલા** : તમત્તુમ કરવાવાળાએ જો હજ અને ઉમરહ ફાસિદ કર્યો તો એની કઝા કરવી તેમજ દંડમાં દમ આપે. તમત્તુઅની કુર્બાની એની જિમ્મેદારીમાં નથી. *(દુર્રે મુખ્તાર, બહાર)*

## ★ એહરામની હાલતમાં હરામ છે તે બાબતો ★

**(૧)** ઔરતથી સોહબત કરવી **(૨)** ચૂંબન કરવું **(3)** મસાસ કરવો (ઓરતના શરીરના કોઈ પણ ભાગને હાથથી મસળવું) **(૪)** ગળે લગાડવું **(૫)** તેના ગુપ્તાંગ પર નિગાહ કરવી, જ્યારે કે આ સર્વ વાતો વાસના સાથે હોય, **(૬)** ઔરતો સામે એવા કામની વાત કરવી **(૭)** ફહશ (બિભત્સ) **(૮)** ગુનાહ **(૯)** કોઈની સાથે લડાઈ–ઝઘડો કરવો **(૧૦)** શિકાર કરવો **(૧૧)** શિકાર કરવા માટેનો ઈશારો કરવો **(૧૨)** અથવા બીજી રીતે બતાવવું **(૧૩)** બંદૂક, દારૂગોળો (ગોળીઓ) અથવા ઝબહ કરવા માટે છરી આપવી **(૧૪)** ઈંડાં તોડવાં **(૧૫)** પીંછાં ઉખેડવાં **(૧૬)** પગ અથવા પાંખો તોડવી **(૧૭)** એનું દૂધ દોહવું **(૧૮)** એનો ગોશ્ત યા ઈંડાં રાંધવાં **(૧૯ થી ૨૨)** બાફવાં, વેચવાં, ખરીદવાં, ખાવાં **(૨૩)** પોતાના અથવા બીજાના નખ કાપવા અથવા બીજાની પાસે કપાવવા **(૨૪)** માથાથી પગ સુધીના ગમે તે ભાગમાંથી વાળ કાપવો **(૨૫–૨૬)** મોઢું અથવા માથું કોઈ કપડાથી ઢાંકવા **(૨૭)** બિસ્તર યા કપડાની પોટલી માથા પર રાખવી **(૨૮)** અમામો બાંધવો **(૨૯)** બુરખો પહેરવો **(૩૦)** હાથના મોજા પહેરવા **(૩૧)** અરબી બૂટની દોરી બાંધવાની જગ્યા હોય છે, બાંધવાની જગ્યા ન ઢંકાય. જો જૂતા ન હોય તો મોજા કાઢીને એ રીતના દોરી પહેરવી **(૩૨)** સીવેલું કપડુ પહેરવું **(૩૩ થી ૩૫)** વાળ, શરીર કે કપડાં પર ખૂશ્બૂ લગાડવી **(૩૬)** ખૂશ્બૂદાર રંગ, કેસર વગેરેથી કપડાં રંગીને પહેરવાં જ્યારે કે હજુ પણ સુગંધ આપતાં હોય (સુગંધીદાર કપડાં પહેરવાં) **(૩૭)** મુશ્ક, અંબર, જાફરાન, જાવંત્રી, લવીંગ, એલચી, સૂંઠ વગેરે ખાવાં, એવી સુગંધને પાલવમાં બાંધવી કે જેમાંથી સુંગંધ આવતી હોય. જેવી કે મુશ્ક, અંબર, જાફરાન વગેરે **(૩૮)** માથા અથવા **(૩૯)** દાઢીને કોઈ એવી સુગંધીદાર વસ્તુથી ધોવી કે જેના કારણે જૂઓ મરી જાય **(૪૦)** મહેંદીનો ખિજાબ લગાડવો **(૪૧)** ગુંદર વગેરેથી બાલ જમાવવા **(૪૨)** ઝૈતૂન અથવા તલનું તેલ (સુગંધીદાર ન હોય તો પણ) વાળ **(૪૩)** અથવા શરીર પર લગાડવું **(૪૪)** બીજાનું માથું મૂંડવું (ભલે તે

એહરામની હાલતમાં ન હોય) **(૪૫-૪૭)** જૂ મારવી, ફેંકવી અથવા બીજાને (જૂ) મારવાનો ઈશારો કરવો **(૪૮)** એને મારવા માટે કપડાને ધોવું, **(૪૯)** તડકામાં મૂકવું. **(૫૦)** એને મારવા માટે વાળમાં પારો નાંખવો. મતલબ કે જૂ ને મારવા માટેનું કોઈ પણ પગલું ભરવું.

## ★ એહરામની હાલતમાં મકરૂહ બાબતો ★

**(૧)** શરીર પરનો મેલ ઉખેડવો **(૨)** વાળ અથવા શરીરને ખળી યા સાબુ વગેરે ખૂશ્બૂ વગરની વસ્તુથી ધોવા **(૩)** કંગી કરવી **(૪)** એવી રીતે ખજવાળવું કે વાળ તૂટવા તેમજ જૂ પડી જવાનો અંદેશો હોય **(૫)** ચોગા (એક પ્રકારનો લિબાસ)ને ખભા પર નાંખવો **(૬)** જેમાંથી સુગંધ પ્રગટ થતી હોય તેવા પ્રકારનું કપડુ પહેરવું-ઓઢવું **(૭)** જાણી બુઝીને ખૂશ્બૂ સુંઘવી જેમ કે ખુશ્બુદાર ફળ યા પાન હોય. દા.ત. લીંબુ, નારંગી, અત્તરદાની વગેરે... **(૮)** અત્તર વેચનારની દુકાને એટલા માટે બેસવું કે ખૂશ્બૂથી દિમાગને તાજગી મળે **(૯)** માથા **(૧૦)** મોઢા પર પટ્ટી બાંધવી **(૧૧)** કે કા'બા શરીફના ગિલાફમાં એવી રીતે ભરાવું કે ગિલાફ શરીફ માથા કે મોઢા પર લાગે (ઓઢવું) **(૧૨)** નાક વગેરે મોઢાના કોઈ પણ ભાગને કપડાથી ઢાંકવો **(૧૩)** કોઈ એવી ચીજ ખાવી કે પીવી જેમાં ખૂશ્બૂ નાંખવામાં આવી હોય અને તે પકાવેલી ન હોય તેમજ તેમાંથી સુગંધ દૂર ન થઈ હોય **(૧૪)** સીવ્યા વગરનું રફૂ કરેલું કપડું અથવા થીંગડાં મારેલું કપડું પહેરવું **(૧૫)** તકિયા પર મોઢું રાખી ઊંધુ સૂવું **(૧૬)** મહેકતી ખૂશ્બૂને હાથથી અડકવું. જો કે હાથ પર ન લાગી જાય નહીંતર હરામ છે **(૧૭)** બાજુ (હાથ) તથા ગળામાં તાવીજ બાંધવું ભલે તે સીવ્યા વગરના કપડામાં બાંધેલું હોય **(૧૮)** કારણ વગર શરીર પર પટ્ટી બાંધવી **(૧૯)** શૃંગાર કરવો **(૨૦)** ચાદર ઓઢીને એના છેડા પર ગાંઠ મારવી જેવી રીતે કંઠી બાંધે છે એવી રીતે અથવા બીજી કોઈ પણ રીતે. જો કે માથું ખુલ્લું હોય બાકી હરામ છે **(૨૧)** તેહબંદના બન્ને છેડાને ગાંઠ મારવી **(૨૨)** તેહબંદ બાંધીને તેને કમરબંદ અથવા દોરીથી ફીટ બાંધવું.

**મસ્અલા** : જે વાતો (કામ) એહરામમાં નાજાઈઝ છે તેમાંથી જો કોઈ વાત ભૂલથી અથવા કોઈ કારણસર થઈ ગઈ તો ગુનોહ નથી પણ એના પર જે દંડ મુકર્રર કરેલ છે તે કોઈ પણ રીતે દેવો પડશે. ચાહે જાણી જોઈને હોય, ભૂલથી હોય અથવા કોઈની જબરદસ્તીથી કરવામાં આવ્યું હોય અથવા ઊંઘમાં (સૂવામાં) થયું હોય.

## પાયખાનાને સંદલ અને પેશાબને ગુલાબજળ બનાવ્યાં !

દેવબંદી મોલ્વી રશીદ અહમદ ગંગોહી સાહબ હજજનો સફર કરી પોતાના ભાઈથી વિશેષ મૌલાના અબુન્નસીર સાથે વતન ગંગોહ પાછા આવતા હતા. રસ્તામાં બિમાર થઈ ગયા. તો કેવી તકલીફ વેઠીને મૌલાના અબુન્નસીરે તેમની ખિદમત કરી તેનું વર્ણન કરી ખૂદ ગંગોહીજીની ઝબાનથી સાંભળો : "હઝરત ઈમામે રબ્બાની (રશીદ અહમદ ગંગોહી સાહબ)ની ઝબાનથી અવારનવાર સાંભળવામાં આવ્યું કે, આપ ફર્માવતા કે, "આવું સગો ભાઈ પણ ન કરી શકત જેવું અબુન્નસીરે મારી સાથે (વર્તન કર્યું). માની જેમ મહોબ્બતથી પોતાની ગોદમાં લઈ પેશાબ પાયખાનું (ગંગોહીજીને) કરાવતા હતા." મૌલ્વી અબુન્નસીર સાહેબનાં કપડાં હમેશાં ખુજલીના લોહી પરુમાં ભરાઈ જતાં અને અવારનવાર પાયખાના પેશાબમાં પણ ભરાઈ જતાં હતાં. પરંતુ મૌલ્વી (અબુન્નસીર) સાહેબ મર્દાનાવાર પોતાના કપડાં અને શરીર અને ખૂદ હઝરત (ગંગોહીજી)ના કપડાં અને શરીર દરરોજ ધોતા અને કંઈ જ ખચકાટ કરતા ન હતા. **જાણે કે પાયખાનાને સંદલ અને પેશાબને ગુલાબજળ બનાવી લીધાં હતાં.** *(તઝકેરતુર્રશીદ, ભાગ-૧, પેજ-૨૦૯)*

દેવબંદીઓ ! **પાયખાનાને સંદલ** અને **પેશાબને ગુલાબજળ** સમજવાનો સબક તમને મુબારક !!! ગંદકીના તળાવસમા તમારા પીરોના તબર્રુક **મળમૂત્રના દરિયામાં** તમે તર્યા કરો !! ખુદાના મહબૂબ બંદાઓથી અદાવતની આ સજા તમને દુનિયામાં મળી રહી છે, અને આ દુર્ગંધની આ પ્રેકટીસ જહન્નમમાં અતિ દુર્ગંધ વેઠવા કદાચ કામ આવશે !

# ગલતફહમીઓ તથા તેની સુધારણા

**શું જે લોકો ઈસ્લામી વાતો (એહકામ)ની જાણકારી ધરાવતા ન હોવાથી અમલ નથી કરતા તેઓની પકડ નહીં થાય ?**

આજકાલ ઘણા લોકો એવા છે જે દીની વાતો, ઈસ્લામી અક઼ીદાઓ, પાકી, નાપાકી, નમાઝ, રોઝા અને ઝકાત વગેરેના મસાઈલ જાણતા નથી અને શીખવાની કોશિશ પણ કરતા નથી. અને ખુદા વ રસૂલ عَزَّوَجَلَّ وَصَلَّى اللّٰهُ عَلَيْهِ وَسَلَّمَ કઈ વાતને હરામ ફર્માવી અને કોને હલાલ, કઈ વાતને જાઈઝ અને કોને નાજાઈઝ ફર્માવી તેઓને એની જાણકારી નથી અને ન તો ઈલ્મ શીખવાની પરવા કરે છે અને શરીઅતની વિરૂદ્ધનાં કાર્યો કરે છે, ખોટી સાચી નમાઝ પઢી લે છે, લેવડ દેવડ ખરીદ વેચાણ અને રહેણી કરણીમાં મઝહબે ઈસ્લામની વિરૂદ્ધ ચાલે છે અને તેઓને કોઈ વ્યક્તિ રોકે અથવા શરીઅતની વિરૂદ્ધ કરવા પર ટોકે તો તેઓ જવાબ આપી દે છે કે અમે જાણતા જ નથી (એહકામે શરીઅતને) એટલે ''અમારી કોઈ પૂછપરછ અથવા સવાલ જવાબ નહીં થાય અને ક઼યામતના દિવસે અમને છોડી દેવામાં આવશે.''

આ તે લોકોની મહાન ગેરસમજ (સખ્ત ગલતફહમી) છે. સાચી વાત તો એ છે કે આવા અજાણ ગલત કામો કરવાવાળાઓને બમણી સજા થશે. એક સજા તો ઈલ્મની જાણકારી ન મેળવવાની અને આલિમોને ન પૂછવાની અને બીજી સજા ખોટાં કાર્યો કરવાની, અને જે લોકો જાણે છે છતાં અમલ નથી કરતા તેઓને અમલ ન કરવા સબબ એક જ અઝાબ થશે, પરંતુ ઈલ્મ ન શીખવાનો ગુનાહ તેમને થશે નહીં.

આજકાલ માણસ જો કોઈ સામાન, ગાડીઓ, કપડાં, ઝવેરાત, ખાવા પીવાની વસ્તુઓ ખરીદે અને તેમાં તેને કોઈ વસ્તુ નુકસાનવાળી ખરાબ જણાય અથવા તેમાં ધોકાબાજીની શંકા ઉપજે તો તે વસ્તુની ઓળખ પરેડ કરાવશે, લોકોનું તે બાબત મંતવ્ય જાણશે, તેના જાણકારો (કારીગરો)ને બોલાવીને બતાવશે અને ઘણી જ પૂછપરછ કરશે, પરંતુ ઈસ્લામના મામલામાં મનમાની કરતો રહેશે ! આડી અવળી નમાઝો પઢતો રહેશે, વુઝૂ, ગુસ્લ, અને નહાવા ધોવામાં ઈસ્લામી તરીક઼ાનો ખયાલ રાખશે નહીં, લેવડ દેવડ અને વ્યવહારમાં હરામને હલાલ અને હલાલને હરામ સમજયા કરશે, પરંતુ આલિમો અને મોલ્વીઓને પૂછશે નહીં કે હું જે કાંઈ પણ કરૂં છું તે સાચું છે કે ખોટુ ?

આવું એટલા માટે થયું કે હવે ઈન્સાનને દુનિયવી નુકસાનની તો ચિંતા છે પરંતુ આખેરતના નુકસાનની કોઈ ચિંતા નથી. જો કે તે (ઈન્સાન) મોતની પકડથી કોઈ સંજોગોમાં બચી શકવાનો નથી અને ક઼બ્ર, હશ્ર તેમજ જહન્નમના અઝાબથી ભાગી નીકળવું એ તેના વશની વાત નહીં હોય.

દુનિયવી હુકૂમતો અને સલ્તનતોનો જ દાખલો લઈએ. જો કોઈ વ્યક્તિ કોઈ હુકૂમતના (ગર્વન્મેન્ટ)ના કોઈ કાયદાનું ઉલ્લંઘન કરે અને પછી કહી દે કે હું જાણતો જ નથી, તો અધિકારીઓ અને પોલીસ તેની વાત સાંભળશે નહીં અને તેને સજા ફટકારવામાં આવશે. દા.ત. કોઈ વ્યક્તિ લાયસન્સ વગર ડ્રાઈવિંગ કરે અથવા રોડ ટેક્ષ ભર્યા વગર ગાડીઓ અને મોટરો ચલાવે અને પકડાઈ ગયા પછી ખુલાસાઓ કરે કે મને ખબર જ નથી કે ગાડી ચલાવવા માટે આ બધું કામ કરવું પડે છે, પરંતુ કોઈ પણ સંજાગોમાં તેની આ દલીલ સ્વીકારવામાં આવશે નહીં. એ જ પ્રમાણે કોઈ વ્યક્તિ વગર ટિકિટે ટ્રેનમાં મુસાફરી કરવા લાગે અથવા લોકલ ટ્રેનની

ટિકિટ લઈને એક્ષપ્રેસ ટ્રેનમાં મુસાફરી કરે અથવા બીજા વર્ગની ટિકીટ લઈને ફર્સ્ટ કલાસમાં બેસી જાય, અને જ્યારે પકડાઈ જાય તો કહી આપે કે હું જાણતો જ નથી કે રેલ્વેમાં મુસાફરી કરવા માટે ટિકિટ લેવી જરૂરી છે, અથવા આ એકસપ્રેસ ટ્રેન છે તે હું ઓળખી શકતો નથી, અને આ ફર્સ્ટ કલાસ છે તે હું જાણતો નથી. તો શું ટિકિટ ચેકર તેને છોડી દેશે ? બિલ્કુલ છોડશે નહીં ?

આ જ પ્રમાણે દીનના મામલામાં જે પણ જે લોકો ગલત સલત (મન ફાવે તેમ) કરે છે તે લોકો પણ આ પ્રમાણે કહેવાથી છૂટી જવાના નથી કે "અમે જાણતા જ ન હતા" અને કયામતના દિવસે તેમને બેવડી સજા થશે. એક તો ઈલ્મને ન જાણવાની અને બીજી અમલ ન કરવાની.

આ બધા ઈલ્મની સવિસ્તર અને હકીકતપૂર્ણ જાણકારી મેળવવા માટે આ'લા હઝરતનાં ફર્માનો "અલ મલ્ફૂઝ", ભાગ–૧, પેજ–૨૭ ઉપર જુઓ.

## ઘરવાળાઓને તંગી અને તકલીફમાં છોડીને નફલ ઈબાદત કરવી

કેટલાક લોકોને જોવામાં આવ્યા છે કે તેઓ ઈબાદત અને રિયાઝતમાં લાગેલા રહે છે. ઈશરાક (તુલૂઅ આફતાબથી ૨૦ મિનિટ પછી) ચાશ્ત (સવારના ૧૦ વાગ્યાની આસપાસ), અવ્વાબીન (મગરિબની નમાઝ પછી) અને તહજ્જુદ (રાત્રે ઈશા અને ફજર વચ્ચે)ની નમાઝોને અદા કરે છે, તસ્બીહ અને વઝીફાઓ પઢે છે, અને તેમનાં બીવી બચ્ચાંઓ અથવા વૃદ્ધા અને ગરીબ મા બાપ રોટીના ટુકડાઓના મોહતાજ અને બીજાઓ પાસે માગતાં જોવા મળે છે. આવા લોકોની આ ભૂલ છે અને તેઓ જાણતા નથી કે ખુદાના બંદાઓમાંથી જે હક્કદારો છે તેઓના હક અદા કરવા એ પણ ખુદાએ તઆલાની ઈબાદત અને તેની ખુશી પ્રાપ્ત કરવાનો ઝરીયો છે. નફલ ઈબાદતની મશ્ગૂલિયતથી જો બીવી બચ્ચાંઓ અને ગરીબ મા બાપના ખર્ચાઓ માટે મુશ્કેલી થતી હોય તો પહેલાં બીવી બચ્ચાંઓનું ભરણ પોષણ કરે અને પછી સમય વધે તો નવાફિલ ઈબાદત કરે. જો કે પાંચેય સમયની ફર્ઝ નમાઝ કોઈ હાલતમાં માફ નથી અને તેને અદા કરવું દરેક હાલતમાં અને દરેક ઉપર ખૂબ જ લાઝિમ અને જરૂરી છે. (અવશ્ય અને અનિવાર્ય છે) ચાહે તે કેવી રીતે પણ (અદા) કરે અને કાંઈ પણ કરે.

અને આજકાલના આ સમયમાં જો કોઈ વ્યક્તિ ફક્ત ફર્ઝ નમાઝોને પાબંદીની સાથે બાજમાઅત અદા કરતો હોય, રમઝાન શરીફના રોઝા રાખતો હોય, જો ઝકાત ફર્ઝ હોય તો ઝકાત કાઢતો હોય, હજ ફર્ઝ હોય તો જિંદગીમાં ફક્ત એક વખત હજ કરી ચૂક્યો હોય અને હરામ કાર્યો જેવાં કે શરાબ, જૂગાર, ચોરી, ઝિનાકારી, વ્યાજખોરી, ગીબત અને બદકારી, ખયાનત, વિશ્વાસભંગ (વચન ન પાળવું), સિનેમા, ગાયન, ઢોલ તમાશા વગેરેથી બચતો હોય અને બને ત્યાં સુધી સુન્નતોની પાબંદી કરતો હોય અને તેની સાથે સાથે જાઈઝ (હલાલ) કમાણીથી બીવી બચ્ચાંઓનું ભરણ પોષણ કરતો હોય તેમજ ઈમાન અને અકીદા દુરસ્ત (સાચા) ધરાવતો હોય તો ખરેખર (હકીકતમાં) તે અલ્લાહવાળો છે, અલ્લાહને પ્યારો છે અને તેનો મુકદ્દસ (પવિત્ર) અને નેક બંદો છે, ભલે નફલી નમાઝ અને નફલી ઈબાદત અદા કરી શકતો ન હોય, વઝીફા અને તસ્બીહ, ઈશ્રાક, ચાશ્ત અને અવ્વાબીન વગેરે નફલી નમાઝોમાં મશ્ગૂલ રહેતો ન હોય. હદીષે પાકમાં રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું : طَلَبُ كَسْبِ الْحَلَالِ فَرِيْضَةٌ بَعْدَ الْفَرِيْضَةِ "ફર્ઝ ઈબાદત પછી હલાલ રોઝીની તલાશ ફર્ઝ છે." *(મિશ્કાત શરીફ, પેઈજ–૨૪૨)* અને ફર્માવે છે : اَفْضَلُ دِيْنَارٍ يُنْفِقُهُ الرَّجُلُ دِيْنَارٌ يُنْفِقُهُ عَلٰى عِيَالِهٖ "બધાથી વધારે સારો અને અફઝલ તે માલ (દોલત) છે જે તમે તમારા ઘરવાળાઓ ઉપર ખર્ચ કરો." *(મિશ્કાત શરીફ, પેજ–૧૭૦)*

સદરૂશ્શરીઅહ મૌલાના અમજદ અલી رحمۃ اللہ علیہ ફર્માવે છે, "એટલું કમાવું ફર્ઝ છે જે પોતાના માટે અને પરિવારજનો માટે અને જેનું ભરણ પોષણ તેના ઉપર વાજિબ છે તેઓના ભરણ પોષણ માટે અને કર્ઝ (દેવું) ભરી દેવા માટે પૂરતું થઈ શકે." અને ફર્માવે છે :

"ભરણ પોષણથી પણ વધુ એટલા માટે કમાય છે કે ગરીબ અને મિસ્કીનોને મદદ કરી શકે અથવા નજીકનાં સગાં વહાલાંઓની મદદ કરી શકે તો આ મુસ્તહબ છે અને આ નફલી ઈબાદત કરતાં અફઝલ છે" *(ફતાવા આલમગીરી, બહવાલાએ બહારે શરીઅત, ભાગ–૧૬, પેજ–૨૧૮)*

તેની આગળ પણ વધુમાં ફર્માવે છે :–

"જે લોકો મસ્જિદો અને ખાનકાહોમાં બેસી જાય છે અને જીવન નિર્વાહ માટે કોઈ કામ નથી કરતા અને પોતાની જાતને "મુતવક્કિલ" (અલ્લાહ ઉપર ભરોસો કરનાર) કહેવડાવે છે, પરંતુ તેમની નિગાહો એ માટે ઈચ્છામંદ રહે છે કે "તેમને કોઈ કાંઈ આપી જાય", આ મુતવક્કિલ નથી. આનાથી તો સારૂં એ છે કે તેઓ કોઈ કામ કરીને તેમાંથી જીવન નિર્વાહ કરે."

એ જ પ્રમાણે આજકાલ ઘણા લોકોએ પીરી મુરીદીને "ધંધો" બનાવી લીધો છે. વરસમાં મુરીદોની મુલાકાતે જાય છે અને મુરીદો પાસેથી જાત જાતની રકમો તફડાવે છે અને તેમાંના કેટલાક (પીરો) તો એવા છે કે જેઓ જૂઠ અને ધોકાબાજીથી કામ લે છે, આ (બધું) નાજાઈઝ છે. *(બહારે શરીઅત, ભાગ–૧૬, પેજ–૨૧૮)*

## શું સ્ત્રી જાનવરને ઝબહ નથી કરી શકતી ?

"સ્ત્રી પણ જાનવરને ઝબહ કરી શકે છે અને તેણીના હાથ વડે ઝબહ કરવામાં આવેલ જાનવર હલાલ છે અને પુરૂષ સ્ત્રી બધા જ એને ખાઈ શકે છે. "મિશ્કાત શરીફ, કિતાબુસ્સયદ વ ઝુબહ, પેજ–૩૫૭ પર બુખારી"ના હવાલાથી તેના જાઈઝ હોવાની સ્પષ્ટ હદીષ મૌજૂદ છે જેમાં છે કે રસૂલુલ્લાહ ﷺએ એક છોકરીના હાથે ઝબહ કરવામાં આવેલ બકરીના ગોશ્તને ખાવાની ઈજાઝત આપી."

વધુ વિગતની જાણકારી માટે જુઓ સૈયદી હુઝૂર મુફ્તીએ આ'ઝમે હિંદ قُدِّسَ سِرُّہُ الْعَزِیْز ની (કિતાબ) "ફતાવાએ મુસ્તફવિયહ" ભાગ–૩, પેજ–૧૫૩ અને "ફતાવાએ રઝવિય્યહ" ભાગ–૮, પેજ–૩૨૮ અને પેજ–૩૩૨.

ખુલાસો એ જ કે સ્ત્રીઓ માટે પણ પુરૂષોની જેમ જ હલાલ જાનવરો અને પક્ષીઓને કુર્બાન (ઝબહ) કરવું જાઈઝ છે. જે આને ગલત (ખોટુ) કહે છે તે પોતે જ ખોટો અને બિલ્કુલ અજ્ઞાની બલ્કે શરીઅત ઉપર તોહમત લગાડનાર છે. સમજદાર બાળકના હાથે કુર્બાન કરવામાં આવેલ જાનવર પણ હલાલ છે અને (જે) મુસલમાન જો કે બદકાર (ખરાબ કામ કરનાર) અને હરામકાર (હરામ કામો કરનાર) હોય, તો તેણે કરેલ કુર્બાની પણ જાઈઝ છે. નમાઝ, રોઝાનો પાબંદ ન હોય તો તેણે કરેલ કુર્બાની પણ જાઈઝ છે (તેના હાથે કરેલ કુર્બાનીનું જાનવર હલાલ છે.) હા, નમાઝ રોઝા છોડવા અને હરામ કામો કરવાં ઈસ્લામમાં ખૂબ જ ખરાબ કામ છે. દુર્રે મુખ્તારમાં છે : شرط کون الذّابح مسلما او کتبیا ولو امراۃ "કુર્બાની કરવાવાળા માટે મુસલમાન અને આસ્માની કિતાબો પર ઈમાન રાખવું પૂરતું છે, ભલે તે સ્ત્રી પણ હોય". *(દુર્રે મુખ્તાર, કિતાબુઝ્ઝબાઈહ, જિલ્દ–૨, પેજ–૨૧૮, પ્રકાશન મુજતબાઈ)*

આ'લા હઝરત મૌલાના શાહ એહમદ રઝાખાન قُدِّسَ سِرُّہُ الْعَزِیْز ફર્માવે છે, "કુર્બાની (ઝબહ) માટે દીને સમાવી (આસ્માની–મઝહબ) છે. આ'માલ શર્ત નથી. *(ફતાવા રઝવિય્યહ, જિલ્દ–૮, પેજ–૩૩૩)*



# ફિક્હે હનફીમાં સમય તથા સંજોગોનો લેહાઝ


અઝ : મુહક્કિકે મસાઈલે જદીદા (હપ્તો : ૪) :: અનુવાદક ::

હઝરત મુફ્તી મુહમ્મદનિઝામુદીન રઝવી (સદર મુફ્તી : જામિઆ અશરફિયા–મુબારકપુર)

હઝરત મૌલાના ગુલામયાસીન નૂરાની મિસ્બાહી (સદરુલ મુદર્રિસીન : દારુલ ઉલૂમ બરકાતે ખ્વાજા–આમોદ)


## :: બીજો પ્રકાર ::

**હન્ફી ફિક્હના હુકમો જે બાદમાં આવનારા હન્ફી મશાઈખના દૌરમાં ક્યારેક બદલાય ગયા**

આ પ્રકારના મસાઈલ ઘણા છે તેમાંથી અમુકનું વર્ણન કરવામાં આવે છે.

### ★ (૧) યહૂદીઓનો પોશાક તૈલ્સાન પહેલાં નાજાઈઝ હતો હવે જાઈઝ ★

તૈલ્સાન એક વિશેષ પ્રકારની ચાદર છે જેને એક જમાનામાં માત્ર યહૂદીઓ ઉપયોગ કરતા હતા. એટલા માટે ઓલમાએ મુસલમાનોને તેના વપરાશની મનાઈ ફર્માવી આપી હતી. ત્યારબાદ આ ચાદર યહૂદીઓનો વિશેષ પોષાક ન રહી તો તેની ઈજાઝત આપી દેવામાં આવી. ફતાવા રઝવિય્યહ કિતાબુલ હઝર વલ ઈબાહતમાં છે : ઈમામ કસ્તલાની رحمۃ اللہ علیہ મવાહિબુલ લદુન્નિયામાં ફર્માવે છે :–

**امّا ما ذکره ابن القيم من قصة اليهود فقال الحافظ ابن حجر: انما يصحُّ الا ستدلال به فی الوقت الذی تکون الطّيالسة من شعارهم وقدار تفع ذلك فی هذه الأزمنة فصار داخلاً فی عموم المباح وقد ذکره ابن عبد السلام رحمه اللّٰه تعالٰی فی امثلة البدعة المباحة اه۔**

"ઈબ્નુલ કય્યીમે યહૂદીઓના જે કિસ્સાનું વર્ણન કર્યું છે. તેના વિશે અલ્લામા હાફિઝ ઈબ્ને હજતર رحمۃ اللہ علیہ ફર્માવે છે કે તેને દલીલ બનાવવી તે જમાનામાં યોગ્ય હતી જ્યારે તૈલ્સાન ચાદરો યહૂદીઓનો વિશેષ પોશાક હતી અને હવે આ જમાનામાં તે ચાદરો તેમનો ખાસ પોશાક નથી રહ્યો જેથી તેનો ઈસ્તેમાલ (ઉપયોગ) મુબાહ તથા જાઈઝ છે. અને ઈમામ ઈબ્ને અબ્દુસ્સલામ رضی اللہ عنہએ તેને બિદઅતે મુબાહામાં ગણાવી છે." *(ફતાવા રઝવિય્યહ્, ૯/૯૧, મવાહિબુલ્લદુન્નિયા, ૬,૩૧૧)*

જે હુકમ ફિક્હે ઈસ્લામીમાં નાજાઈઝ તથા મનાઈનો હતો તે સંજોગોના પરિવર્તનથી બાદમાં જાઈઝ તથા મુબાહ થઈ ગયો.

### ★ (૨) એઅ્રાબ (ઝબર, ઝેર, પેશ)માં ભૂલ થવાના હુકમમાં પરિવર્તન ★

એઅ્રાબ (એટલે કે કુર્આને પાકની તિલાવતમાં ઝબર, ઝેર, પેશ)માં ભૂલ થવાના વિષયમાં આપણા મઝહબના ઈમામોનું મંતવ્ય એ છે કે જો ઝબર, ઝેર, પેશની ગલતીથી અર્થ તથા માઈનામાં ખરાબી આવી જાય તો નમાઝ પણ ફાસિદ થઈ જશે :–

**والُقَاعِدَةُ عِنُدَ الُمُتَقَدِّمِيُنَ أَنَّ مَا غَيَّرَ الُمَعُنٰى تَغُيِرًا يَّكُوُنُ اعُتِقَادُهٗ كُفُرًا يُفُسِدُ سَوَاءٌ كَانَ فِى الُقُرُاٰنِ أَوُلَا وَاِن لَّمُ يَكُنِ التَّغُيِيُرُ كَذٰلِكَ، فَاِنُ لَّمُ يَكُنُ مِثُلُهٗ فِى الُقُرُاٰنِ وَالُمَعُنٰى بَعِيُدٌ مُتَغَيِّرٌ تَغَيُّرًا فَاحِشًا يُفُسِدُ أَيُضًا وَإِنُ كَانَ مِثُلُهٗ فِى الُقُرُاٰنِ وَالُمَعُنٰى بَعِيُدٌ وَلَمُ يَكُنُ مُتَغَيِّرًا فَاحِشًا تفسد أَيُضًا عِنُدَ اَبِى حَنِيُفَةَ وَمُحَمَّدٍ۔ اه ملخصًا**

પહેલાંના (પ્રથમ કોટીના) ઈમામોનો નિયમ એ છે કે જે ભૂલથી અર્થ એવો બદલાય જાય કે જેનો અકીદો ધરાવવો કુફ્ર હોય તો પછી તે શબ્દ ભલે કુર્આનમાં હોય કે ન હોય નમાઝ ફાસિદ થઈ જશે. અને જો અર્થનું બદલાય જવું આ પ્રકારનું ન હોય પરંતુ જો તેના જેવો શબ્દ પણ કુર્આને પાકમાં ન હોય અને અર્થ ભાવાર્થથી અલગ થઈ જાય અને મોટી હદ સુધી બદલાય જાય તો આવી ભૂલ પણ નમાઝને ફાસિદ કરી દેશે. અને જો તે શબ્દ જેવો (બીજો શબ્દ) કુર્આને પાકમાં છે અને અર્થમાં પણ મોટુ પરિવર્તન ન થતુ હોય પરંતુ અર્થ ભાવાર્થથી દૂર થઈ જાય તો પણ નમાઝ ફાસિદ થઈ જશે. આ મઝહબ ઈમામે આ'ઝમ તથા ઈમામ મુહમ્મદ رحمۃ اللہ علیہما નો છે.

પરંતુ બાદના ફુકહાએ કિરામે જ્યારે પોતાના દોરના સંજોગો જોતાં એ મેહસૂસ કર્યું કે અવામ વધુ પડતા એઅ્રાબના પ્રકારોમાં ફરક કર્યા વિના કિર્અતમાં ભૂલ કરી બેસે છે તો તેમણે પોતાના ઈમામોના મઝહબ વિરૂધ્ધ આ વિષયમાં બિલ્કુલ નમાઝના જાઈઝ તથા સહી થઈ જવાનો ફેસલો સંભળાવ્યો કે "નમાઝના ફાસિદ થવાનો" મઝહબ અપનાવવામાં વધુ પડતી અવામે અહેલે ઈસ્લામની નમાઝોને બરબાદ કરવું તથા તેમને ફર્ઝના છોડનાર અને કબીરા ગુનાહ કરનારા ઠરાવવા જરૂરી થતા હતા, જે ઉમ્મત પર હરજ તથા તંગીનું કારણ બનતુ હતું જેથી સહૂલત આપવા તથા નમાઝની હિફાઝતના અઝીમ મક્સદ ખાતર ફુકહાએ કિરામે પોતાના મૂળ મઝહબથી હટીને આ ફત્વો જારી કર્યો કે "હવે ઝબર, ઝેર, પેશમાં ભૂલ થવાથી નમાઝ ફાસિદ થશે નહીં."

ફતાવા રઝવિય્યહમાં છે :–

"એઅરાબમાં ભૂલ થવી એટલે કે હરકત (ઝબર, ઝેર, પેશ) સાકિન (હોવામાં) તશ્દીદ, તખ્ફીફ (સરળ તાથી પઢવું), કસર (શબ્દને ખેંચ્યા વિના પઢવું), મદ (શબ્દને ખેંચીને પઢવું)ની ભૂલમાં બાદમાં આવનાર ઓલમા رضوان اللہ تعالٰی علیہم اجمعین નો ફત્વો તો એ છે કે કોઈ પણ રીતે તેનાથી નમાઝ જશે નહીં." (ફાસિદ થશે નહીં)

فی الدّر المختار: وزلّۃ القاری لو فی إعراب لا تفسد وإن غیر المعنٰی، بہ یفتٰی

તેમજ રદુલ મુહતારમાં છે :–

لا تفسد فی الکلّ، وبہٖ یفتٰی۔ بزازیۃ و خلاصۃ

કારી (કુર્આન પઢનાર)થી એઅ્રાબમાં ભૂલ થલ જાય તો નમાઝ ફાસિદ નહીં થાય, ભલે અર્થ બદલાય જાય. તેના પર જ ફત્વો છે. રદુલ્ મુહતારમાં છે કે એઅ્રાબમાં ભૂલોના તમામ પ્રકારોમાં નમાઝ ફાસિદ થશે નહીં. (બઝ્ઝાઝિયા વગેરેનો ખુલાસો) *(ફતાવા રઝવિય્યહ, ૩/૯૪, ૯૫)*

"કારીથી થતી ભૂલોના મસાઈલ"ના પ્રકરણ વિશે શામીમાં કેટલાયે એવા  મસાઈલનું વર્ણન છે જેમાં "ઉમૂમે બલ્વા" (અવામમાં કોઈ કામનું એટલુ સામાન્ય તથા પ્રચલિત થઈ જવું કે સાધારણ રીતે તેનાથી બચવું મુશ્કેલ હોય) અથવા "દફએ હરજ" (હરજ તથા મુશ્કેલી દૂર કરવી)ના કારણે મશાઈખોએ પહેલાના ફુકહાથી વિરૂધ્ધ જાઈઝ હોવાનો ફત્વો આપ્યો છે. *(ફતાવા રઝવિય્યહ્, ૧/૩૨૪,૩૨૫)*

ટૂંકમાં એ કે આ પ્રકારના મસાઈલથી એ વાત સ્પષ્ટપણે જાહેર તથા સાબિત થઈ ગઈ કે જે ગલતી (ભૂલ) હન્ફી મઝહબમાં નમાઝના ફાસિદ હોવાનું કારણ હતી. હાલાતે ઝમાના તથા સંજોગોના બદલવાથી તે બાદમાં નમાઝ ફાસિદ થવાનું કારણ ન રહી અને હવે ફતાવા રઝવિય્યહ મુજબ કોઈ પણ રીતે તેવી ભૂલથી નમાઝ જશે નહીં

### ★ (૩) બહાર (વૃક્ષો પર ફળો લાગવાની ઋતુ) પહેલાં જ ફળોની લે વેચ ★

બગીચાના અમુક ફળો વૃક્ષ પર લાગી ગયા હોય અને અમુક વૃક્ષ પર લાગ્યાં ન હોય, તો જાહેર મઝહબ મુજબ આવાં ફળોની લે વેચ નાજાઈઝ તથા

બાતિલ છે. પરંતુ બાદમાં ફુક્હાએ કિરામે "તઆમુલે નાસ" લોકોના અધિક તથા સાધારણ અમલના કારણે આ પ્રકારની લે વેચની ઈજાઝત આપી છે. જેમ કે ફતાવા રઝવિય્યહના રિસાલા "અલ્ મિના વદુરર"માં છે :–

બહરુર્રાઈકમાં ઈમામે જલીલ અબૂ બકર મુહમ્મદ બિન ફઝલ ફઝલીથી છે :–

**اَستحسن فيه لتعامل الناس فانّهم تعاطوا بيع ثمار الكرم بهذه الصفة ولهم فى ذلك عادةٌ ظاهرةٌ وفى نزع الناس عن عاداتهم حرج۔ اہ**

"હું તેને (ફળોની વૃક્ષો પર લાગતા પહેલાં જ લે વેચને) લોકોમાં અધિકતર પ્રચલિત હોવાના કારણે ઉચિત (સારુ) સમજુ છું કે લોકો દ્રાક્ષના ફળોની લે વેચ એ જ પ્રમાણે કરે છે. આ તેમની જાહેર આદત છે. અને લોકોની આદત છોડાવવામાં હરજ (નુકસાન) છે."

રદુલ મુહતારમાં છે :–

**قلتُ: لا يخفى تحقّقُ الضرورة فى زماننا لا سيما فى مثل دمشق كثيرة الأشجار والثّمار فانّه لغلبة الجهل على الناس لايمكن إلزامهم بالتخلّص بأيدى الطّرق المذكورة وان أمكن بالنّسبة الى بعض أفراد الناس لا يمكن بالنسبة الى عامّتهم وفى نزعهم عن عادتهم حرج كما علمت ويلزم تحريمُ اكل الثمارِ فى هذه البلدان اذ لا تباع إلّا كذلك۔ اہ۔**

"હું કહું છું કે આપણા જમાનામાં આ જરૂરત તથા અનિવાર્યતાનું હોવું કોઈ છુપી વાત નથી. ખાસ કરીને દમિશ્ક (દમાસ્કસ) જેવા પ્રાંતમાં જ્યાં વધુ પડતા ફળોના બગીચાઓ છે. કેમ કે લોકોમાં વધુ પડતી જહાલત તથા ન જાણવાના કારણે તેઓને ઉપરોક્ત (અસલ મઝહબના હુકમ મુજબના) તરીક઼ાઓના પાબંદ કરવા શક્ય નથી. હા ! અમુક લોકો તે (અસલ હુકમ મુજબના) તરીક઼ાઓ અપનાવી શકે છે. પરંતુ સર્વ (બધા જ) એ પ્રમાણે નહીં કરી શકે. અને તેમની આદત છોડાવવામાં હરજ તથા નુકસાન થશે, જેમ કે તમે જાણી ચૂક્યા છો. અને પછી એ પણ લાઝિમ આવશે કે આ ઈલાકાના લોકો હરામ ફળો ખાય કેમ કે ત્યાં બગીચાઓનાં ફળોને તે જ રીતે વેચવામાં આવે છે." *–(નિઝામ) (ફતાવા રઝવિય્યહ્–૮/૨૦૭,૨૦૮)*

આ ફિક઼્હે હન્ફીનો ઘણો મહત્વનો મસઅલો હતો કે બહાર (ફળો લાગવાની ઋતુ, ફસલ) આવતા પહેલાં ફળોની લે વેચ નાજાઈઝ તથા બાતિલ છે અને તેનું ખાવું હરામ છે. પરંતુ સમય તથા સંજોગોના અસરથી આ બાતિલ તથા હરામ કાર્ય પણ હલાલ તથા જાઈઝ થઈ ગયું તો પણ આ હનફી મઝહબથી ઈખ્તેલાફ તથા તેનાથી ફરી જવું નથી, બલ્કે સાહિબે મઝહબની પૈરવી છે.

### ★ (૪) સ્ત્રીનું પોતાની મરજીથી ગૈર કફૂની સાથે નિકાહ કરવું પહેલાં જાઈઝ, અને હવે નાજાઈઝ તથા બાતિલ ★

આઝાદ, આકિલ, પુખ્તવયની સ્ત્રી પોતાની મરજીથી પોતાનો નિકાહ ગૈર કફૂ (સમાન કુટુંબ અથવા સમાજ ધરાવતો ન હોય તેવા પુરૂષ) સાથે કરી લે તો ઈમામે આ'ઝમ અબૂહનીફા رضی اللہ عنہનો મઝહબ એ છે કે આવા નિકાહ જાઈઝ છે, નિકાહ થઈ જશે. હા ! સૌથી નજીકનો (સબંધ ધરાવનાર) વલીને તેવા નિકાહ વિરૂધ્ધ વાંધો ઉઠાવવાનો અધિકાર રહેશે કે તે (નજીકનો વાલી) ચાહે તો નિકાહ તોડી પડાવે અથવા બાકી રાખે. સામાન્ય ફિક઼્હની કિતાબોમાં આ પ્રમાણે જ છે. પરંતુ બાદમાં જમાનાના ફાસિદ થવાના કારણે હન્ફી મઝહબના મશાઈખોએ હઝરત ઈમામ હસન બિન ઝિયાદ رضی اللہ عنہની રિવાયત મુજબ ફત્વો આપ્યો કે (આ પ્રમાણે) નિકાહ થશે જ નહીં. ઈમામ કાઝીખાં તથા ઈમામ અહમદ રઝા رحمۃ اللہ علیہનો પણ આ જ ફત્વો છે.

શરહે વક઼ાયામાં છે :–

وأما مسألة الكفؤ ففى ظاهر الرواية: النكاحُ من غير كفؤ ينعقد لكن للولى الاعتراض ان شاء فسخ وان شاء اجاز۔ وفى رواية الحسن عن ابى حنيفة: لا ينعقد۔ اه وفيه ايضاً وعليه فتوىٰ قاضى خان۔

"જાહેર રિવાયત એ છે કે ઔરત ગૈર કફૂ સાથે (અસમાન કુટુંબ, સમાજ જાતિમાં) નિકાહ કરી લે તો નિકાહ થઈ જશે પરંતુ વાલીને (લાજ તથા શરમથી થતા નુકસાનને દૂર કરવા માટે) એતેરાઝ તથા વાંધો ઉઠાવવાનો હક્ક઼ (અધિકાર) રહેશે કે તે ચાહે તો નિકાહ તોડી પડાવે અથવા ચાહે તો બાકી રાખે અને ઈમામ અબૂ હનીફા رحمۃ اللہ علیہથી હસન બિન ઝિયાદની રિવાયત એ છે કે નિકાહ થશે નહીં. અને તેના પર જ ક઼ાઝીખાનો ફત્વો છે." *–(નિઝામ) (શરહે વકાયા, ૨/૨૪,૨૫, બાબુલ વલી)*

ફતાવા રઝવિય્યહ્‌માં છે : અને જેના પ્રમાણે ફત્વો આપવામાં આવે છે તે રિવાયત એ છે કે બાલિગા (પુખ્ત વયની) જેના વાલીઓ હોય તેવી ઔરત પોતાના નિકાહ ગૈરકફૂથી કરે તો આ નિકાહ ત્યારે જ સહીહ ગણવામાં આવશે (જ્યારે) કે શરઈ વાલી નિકાહ પહેલાં પોતાની રઝામંદી જાહરે કરે અને તે જાણતો પણ હોય કે આ વ્યક્તિ કફૂ નથી.

દુર્રે મુખ્તારમાં છે :–

ويُفتى فى غير الكفو بعدم جوازه اصلًا وهو المختار للفتوىٰ لفساد الزمان فلا تحل مطلقة ثلثا نكحت غير كفؤ بل رضا ولى بعد معرفته اياه فليحفظ۔

وفى ردالمحتار: هذه رواية الحسن عن ابى حنيفة وهذا اذا كان لها ولى لم يرض به قبل العقد فلا يفيد ارلضى بعده۔

"સ્ત્રીએ પોતાની રીતે ગૈર કફૂની સાથે (જે સ્ત્રીના સમાન કુટુંબ, સમાજ અથવા જાતિનો ન હોય તેની સાથે) નિકાહ કરી લે તો ફત્વો એ છે કે આવા નિકાહ થશે નહીં. જમાના (માહોલ)ના બગડવાના કારણે આ જ ક઼ૌલ (રિવાયત)ને ફત્વો આપવા માટે પસંદ કરવામાં આવે છે. જેથી જો ત્રણ તલાક઼ પામેલ સ્ત્રીએ કોઈ ગૈર કફૂની સાથે નિકાહ કરી લીધા અને વલી તે ગૈર કફૂથી આગાહ થઈને તેનાથી રાજી ન હોય તો તેવી સ્ત્રી પહેલા પતિ માટે હલાલ થશે નહીં. રદ્દુલ મુહ્‌તારમાં છે કે આ ઈમામ અબૂ હનીફા رحمۃ اللہ علیہથી હસન બિન ઝિયાદની રિવાયત છે. અને આ હુકમ ત્યારે છે જ્યારે તેણીનો કોઈ વલી હોય અને નિકાહથી પહેલાં તે રાજી ન હોય કેમ કે નિકાહ બાદ રાજી થવાનો કોઈ ફાયદો નથી. *–(નિઝામ) (ફતાવા રઝવિય્યહ–૫)*

ઉપરોક્ત મસ્અલામાં જમાનાના ફસાદ (બગડવા)ના કારણે ફુક઼ાહાએ કિરામની એક જમાઅતે અસલ (મૂળ) મઝહબથી અલગ હુકમ બયાન કર્યો છે. હવે જો હાલાત બદલાય જાય અને તે બદલાવના કારણે મોટી ખરાબી તથા ફસાદ અસલ હુકમથી વિરુદ્ધમાં પેદા થઈ જાય તો હુકમ એ થશે કે મૂળ મઝહબ (અસલ મઝહબ) તરફ રજૂ કરવામાં આવે. જેમ કે આ'લા હઝરત ઈમામ અહમદ રઝા رحمۃ اللہ علیہએ સ્પિ્રટ મિશ્રિત દવાઓના મસ્અલામાં સમય તથા સંજોગોના પરિવર્તનથી આમ જ કર્યું છે જેનું વર્ણન આગળ આવશે.

## ★ (૫) તળાવોને ભાડૂતી લેવું તથા આપવું પહેલાં નાજાઈઝ અને હવે જાઈઝ ★

તળાવોને ભાડૂતી (કિરાયા પર) આપવું અસલ મઝહબ મુજબ નાજાઈઝ છે. પરંતુ બાદમાં આવનાર ફુક઼હાએ કિરામે ઉમૂમે બલ્વાના (લોકોમાં પ્રચલિત અમલ, જેનાથી રોકવામાં મુશ્કેલી તથા નુકસાન થતુ હોય તેના) કારણે તેની ઈજાઝત આપી. આ'લા હઝરત ઈમામ અહમદ રઝા قُدِّسَ سِرَّہُ الْعَزِیْزએ એક સવાલના જવાબમાં વિસ્તારપૂર્વક આ વિષય પર ચર્ચા કરી છે. અહીંયાં સવાલની સાથે જવાબ ટૂંકમાં રજૂ કરવામાં આવે છે.

**સવાલ** : ઝૈદનું એક તળાવ છે. ઝૈદે તે તળાવને ૨૦ રૂપિયાના બદલામાં એક મહિનાની મર્યાદા નક્કી કરીને અમરને ઉપયોગ કરવા માટે આપ્યું અને કહ્યું

કે મર્યાદિત દિવસોમાં આ તળાવના પાણીને તું જે રીતે ચાહે ઉપયોગ કરી શકે છે. અને આ તળાવની માછલીઓ પકડી શકે છે. તો શું આ પ્રમાણે કરવું સહીહ છે કે નહીં ?!

**જવાબ** : સામાન્યતઃ કિતાબોમાં આ પ્રમાણે કિરાયા પર આપવાને હરામ તથા નાજાઈઝ તેમજ બાતિલ ઠરાવવામાં આવ્યું છે. અને એ જ મઝહબના નિયમો તથા કાયદાઓ મુજબ છે. અને જામિઉલ મુઝમરાતમાં જાઈઝ હોવાનો ફત્વો આપવામાં આવ્યો છે :–

**فی الدر المختار: جاز اجارة القناة والنهر مع الماء، به یفتی، لعموم البلویٰ۔ مضمرات۔ انتھی**

(દુર્રે મુખ્તાર)માં છે કે તળાવ તથા નદીને કિરાયા પર આપવું પાણી સાથે જાઈઝ છે. અને ઉમૂમે બલ્વાના કારણે તેના પર જ ફત્વો છે. મુઝમરાત. –*(નિઝામ)*

અને બેહતર એ છે કે તળાવના કિનારાની થોડીક જમીનને નક્કી કરીને હદ બનાવી તેને ભાડેથી આપે અને પાણી વગેરેના ઉપયોગને મુબાહ કરી આપે આમ કરવાથી આ (ભાડેથી આપનાર) વ્યક્તિને ભાડૂ મળી જશે અને તેને (ભાડેથી લેનારને) પાણી, માછલી, ઘાસ વગેરે જાઈઝ રીતે મળી જશે..... અથવા ખેતીને તેના કિનારાની જમીન તેમજ તળાવ જેનાથી તે જમીનને પાણી આપવામાં આવે આ તમામને મિલાવીને ભાડેથી આપે જેથી તળાવને કિરાયા પર આપવું પણ જાઈઝ થઈ જશે. *(ફતાવા રઝવિય્યહ્, ૮/૧૫૭)*

આગાહી : પહેલા પ્રકારમાં જે મસાઈલ બયાન કરવામાં આવ્યા છે તેમાંથી અમુકને અહીંયાં (બીજા પ્રકારમાં) પણ ઉદાહરણ તરીકે રજૂ કરી શકાય છે. કેમ કે તે મઝહબે હનફીના એવા મસાઈલ છે કે બાદમાં આવનારા ઈમામોએ જેનાથી વિરુદ્ધ ફત્વો આપ્યો છે.

ફિક્હે હનફીના આ પાંચ મસાઈલ થયાં :–

- ❑ યહૂદીઓનો વિશેષ પોશાક તૈલ્સાન નામની ચાદર ઓઢવું પહેલાં નાજાઈઝ હતું પછી જાઈઝ થઈ ગયું.
- ❑ તિલાવતે કુર્આનમાં એઅ્રાબની ભૂલો નમાઝમાં હોય તો પહેલાં નમાઝ ફાસિદ થઈ જતી હતી અને હવે નમાઝ સહી થઈ જશે, બિલ્કુલ નમાઝ ફાસિદ થવાનો હુકમ નહીં લાગે.
- ❑ ફળો લાગતાં પહેલાં તેની લે વેચ પહેલાં બાતિલ તથા હરામ હતી હવે જાઈઝ તથા સહીહ છે.
- ❑ ગૈર કફૂની સાથે ઔરતનું પોતે નિકાહ કરી લેવું પહેલાં જાઈઝ હતું અને હવે બાતિલ તથા નિકાહ થશે નહીં.
- ❑ તળાવની ભાડેથી લેવડ દેવડ પહેલાં નાજાઈઝ હતી અને હવે જાઈઝ ઠરાવવામાં આવી.

ઉપરોક્ત તમામ મસાઈલ એ સ્પષ્ટ હક઼ીક઼તને પુરવાર કરે છે કે શરીઅતના હુકમો, મસ્લહતો તથા સંજોગો પર આધારિત છે તેના પરિવર્તનથી હુકમોમાં પણ પરિવર્તન થતુ રહે છે. અને ક્યારેક ક્યારેક અસલ (મૂળ) મઝહબમાં પરિવર્તન થઈને નવો હુકમ સાબિત થાય છે અને ફરી તેમાં પરિવર્તન થઈને અસલ મઝહબ મુજબ હુકમ આપવામાં આવે છે. ટૂંકમાં જેમ જેમ આધારો બદલતા રહે છે તેમ તેમ હુકમો પણ બદલતા રહે છે.

**હુઝૂર ﷺના ઝભ્ભા મુબારકની બરકત : મુસ્લિમ** શરીફની હદીષ છે, (અર્થ) : હઝરત અસ્મા બિન્તે અબીબક્ર સિદ્દીક رضی اللہ عنہ એ એક **તિયાલિસ્યહ્ ઝભ્ભા શરીફ** (એક પ્રકારનો ઝભ્ભો) કાઢયો જેમાં ગરેવાનની જગ્યાએ એક રેશમી ટુકડો લાગેલો હતો. અને રેશમ વડે જ ચાક (ગરેવાન) બંધ કરેલ હતું. હઝરત અસ્માએ ફર્માવ્યું કે આં હુઝૂરે અનવર ﷺનો ઝભ્ભા શરીફ છે જે હઝરત ઉમ્મુલ મો'મિનીન આઈશા સિદ્દીકા رضی اللہ عنہا ની પાસે હતો. તેમની વફાત પછી મેં લઈ લીધો. હુઝૂર ﷺ તેને પહેરતા હતા. **અમે તેને બીમારોના માટે ધોઈએ છીએ અને તેની બરકતથી તંદુરસ્તી મેળવીએ છીએ.**

# યહૂદી વિશ્વ પર કેમ છવાયેલા છે ?

(કાર્યાલય)



તે પણ એક સમય હતો, જ્યારે વિશ્વના મહત્તમ દેશો ઉપર મુસલમાનોનું શાસન હતું. મુસ્લિમ શાસકોનો ડંકો વાગતો હતો. યૂરોપવાળાઓ મુસલમાનોના ઉદાહરણો આપ્યા કરતા હતા. તે મુસલમાનો જ હતા, જેમણે વિશ્વને સંસ્કાર શીખવ્યા. તબીબી અને અન્ય વિભાગોમાં મુસલમાન વૈજ્ઞાનિકોની સેવાઓને સમસ્ત વિશ્વે માન્ય રાખી છે. ઈબ્ને ખુલ્દૂન, બુઅલી સીના, ઈબ્ને બતુતા, જાબિર બિન હય્યાન સહિત અલી રાઝીના કારનામાઓને કોણ નથી જાણતું. પરંતુ પછી ભાગ્યે (તકદીરે) એવી નારાજગી કરી કે આજ સુધી નારાજ છે. એવું તો શું થયું કે વિશ્વ પર રાજ કરનારા પોતાનું મૂલ્ય અને મહાનતા ખોઈ બેઠા. આજે વિશ્વના સંશોધન અને વ્યવસ્થા ઉપર યહૂદીઓનો કબજો છે. આ લેખમાં વિસ્તારપૂર્વક વિશ્લેષણ કરીશું કે શા માટે યહૂદીઓ જીવનના બધા જ ક્ષેત્રોમાં મુસલમાનોથી ખૂબ જ આગળ છે ? તે કયા કારણો છે જેના લીધે મહામૂલ્ય મહાન દરજ્જાઓ મુસલમાનોથી નારાજ છે ? **આપણે હમેશાં એવી તો ટીકા કરીએ છીએ કે યહૂદી સમગ્ર વિશ્વનો વહીવટ વ્યવસ્થા ચલાવવામાં કાર્યરત છે, પરંતુ આપણે ક્યારેય ચિંતન નથી કરતા કે મુસલમાનો આવું કેમ નથી કરી શક્તા ?** વાસ્તવિક્તાની દષ્ટિએ વિશ્લેષણ કરવામાં આવે તો જણાશે કે મુસલમાનો પોતાની બેદરકારીઓના લીધે પ્રગતિના ઉચ્ચ શિખરોથી દૂર થતા જઈ રહ્યા છે.

*ગવાં દી હમને જો અસ્લાફ સે મીરાષ પાઈ થી*
*સુરૈયા સે ઝમીં પર આસ્માંને હમ કો દે મારા*

વિશ્વમાં યહૂદીઓની કુલ વસ્તી એક કરોડ અને ચાલીસ લાખ જેવી છે. આ સંખ્યા અમેરિકામાં ૭૦ લાખ, એશિયાઈ દેશોમાં ૫૦ લાખ, આફ્રિકામાં ૧ લાખ, અને યૂરોપમાં ૨૦ લાખ જેવી છે. જયારે કે વિશ્વમાં મુસલમાનોની કુલ વસ્તી એક અબજ ૫૦ લાખથી વધુ છે. જેમાંથી અમેરિકામાં ૬૦ લાખ, એશિયા અને મધ્યપૂર્વજ તથા અન્ય રાજ્યોમાં લગભગ એક અબજ, આફ્રિકી દેશોમાં ૪૦ કરોડ, યૂરોપમાં ૪ કરોડ ૪૦ લાખ છે. આજે વિશ્વની ૨૦ ટકા વસ્તી મુસલમાનો પર આધારિત છે. **વિશ્વમાં એક યહૂદી સામે એકસો સાત મુસલમાનો છે, પરંતુ તેમ છતાં ફક્ત એક કરોડ ચાલીસ લાખ યહૂદી દોઢ અબજ કરતાં વધુ મુસલમાનોથી શક્તિશાળી કેમ છે ?** વાસ્તવિક્તા બતાવે છે કે આ કોઈ ચમત્કાર કે જાદૂ નથી, બલ્કે મુસલમાનોની બેદરકારીનું પરિણામ છે. જો વિશ્વના ઝળહળતા નામો પરથી પડદો ઉંચકાય તો જણાશે કે યહૂદીઓ બહોળા પ્રમાણમાં સુચિમાં સામેલ છે.

આલ્બર્ટ આઈન્સ્ટાઈન, કાર્લ માર્કસ, મિલ્ટન ફ્રેડમેન, પૌલ સેમ્યુઅલ અને સેગનડ ફ્રાઈડ યહૂદી હતા. તબીબી વિભાગમાં જોઈએ તો પોલિયોના ઈલાજનો શોધક જુનાસ સાલિક, રકતના કેન્સરના ઈલાજનો શોધક જિર રૂદાયલોન, રસી મૂકવાની સીરીંજનો શોધક બન્જામીન રોબિન એક બીમારીના ઈલાજનો શોધક બારૂખ સેમ્યુઅલ, ગૃપ્ત રોગોના ઈલાજનો શોધક પોલ એહરીબ આના સિવાય સેન્ડરીવ શાલી, એરવીન બુક, જર્યોજ વર્લ્ડ, સ્ટેન્લી કોહીન સહિત ઘણા યહૂદી આ સૂચિમાં સામેલ છે.

કેટલીક એવી શોધો થઈ છે કે જેણે વિશ્વને બદલી નાખ્યું. એમાં પણ યહૂદી આગળ પડતા જણાય છે. કોમ્પ્યુટરના સીપીયુનો શોધક સ્ટેનલી મીજર, પરમાણુ રીએક્ટરનો શોધક લીવ ઝિલેન્ડ, ફાયબર ઓપ્ટિકલ લાઈટ કિરણોનો શોધક પીટર શેલ્ઝ, ટ્રાફિક સિગ્નલનો શોધક ચાર્લ્સ એડલર, સ્ટેનલેશ સ્ટીલનો શોધક બન્યુસ્ટ્રાસ, ચલચિત્રોમાં અવાજનો શોધક ઈસાદુર કીસી સહિત વીસીઆરનો શોધક પણ યહૂદી હતો. જો વિશ્વની પ્રસિદ્ધ બ્રાન્ડની વાત કરવામાં આવે તો ત્યાં પણ યહૂદીઓ છવાયેલા છે. પોલો જેનો માલિક રોલ્ફ લોરીન, સ્ટાર બુક જેનો માલિક હાવર્ડઝ શોલ્તજ, ગુગલનો માલિક સર્જીબ્રેન, ડેલ કંપનીનો માલિક માઈકલ ડેલ, આ ઉપરાંત ઘણા નામો સૂચિમાં મૌજૂદ છે.

રાજકરણમાં જોઈએ તો વૈશ્વિક રાજકરણમાં પણ યહૂદીઓ છવાયેલા છે. ભૂતપૂર્વ અમેરિકી વિદેશમંત્રીઓ હેનરી કિસીંજર, રિચર્ડ લીવીન, ઈલાન જેર્ઝ પોન, મેડલીન ઓલબ્રાઈટ, અમેરિકાનો પ્રસિદ્ધ રાજકરણી મેઝેફ

લેબરમેન, ઓસ્ટ્રેલિયાનો પ્રમુખ આઈકેક, સિંગાપુરનો વડાપ્રધાન વીડીવો માર્શલ, પાપુઆગીનીનો બ્રિમાકોફ, પૂર્વ રશિયન વડાપ્રધાન, બેરોગોલ્ડ અમેરિકી રાજકરણી જ્યોર્જ સેમ્પ્યુ પોર્ટુગીઝનો પ્રમુખ હર્બગીરે કેનેડિયન ઉપપ્રમુખ, માઈકલ હાર્વડ બ્રિટિશ મંત્રી, ઓસ્ટ્રેલિયન ચાન્સેલર બ્રુનો ક્રેસ્કી, અમેરિકી નાણામંત્રી રોબર્ટ રોબીન, મોક્ષિમ લ્યુટો, યુનોફ સહિત અસંખ્ય યહૂદીઓ વૈશ્વિક રાજકરણમાં ઝળહળતા જણાય છે.

વૈશ્વિક મીડિયા ઉપર દષ્ટિપાત કરીએ તો જણાશે કે સીએનએનમાં વુલ્ફ બેલેટઝર, વોશિંગ્ટન પોસ્ટમાં યુજિયન મેયર, ન્યૂયોર્ક ટાઈમ્સમાં જોઝેફ લેલીફીડઝ, એબીસી ન્યૂઝમાં બારબારા વોર્લ્ટઝ, વોશિંગ્ટન પોસ્ટમાં કેથરીન ગ્રેહામ, ન્યૂર્યોક ટાઈમ્સમાં મેક્સ ફ્રેન્કલ સહિત ઘણા બધા નામો છે જે વૈશ્વિક મીડિયા ઉપર છવાયેલા છે. સમસ્યા એ નથી કે યહૂદીઓ વિશ્વ પર શાસન કરી રહ્યા છે પરંતુ ચિંતન કરવા યોગ્ય છે કે મુસલમાન પાછળ કેમ છે ?

*મગર વો ઈલ્મ કે મોતી કિતાબેં અપને આબાકી*
*જો દેખા ઉન્કો યૂરોપ મેં તો દિલ હોતા હૈ સૈપારા*

**એક સમય હતો જ્યારે યૂરોપમાં મુસલમાનો લિખિત પુસ્તકોના ભાષાંતર કરાવડાવીને તેનાથી માર્ગદર્શન પ્રાપ્ત કરવામાં આવ્યું હતું.** તબીબી ક્ષેત્રના મુસલમાન વૈજ્ઞાનિકો લિખિત પુસ્તકો યૂરોપના લોકોની લાયબ્રેરીઓની શોભા બનતાં હતાં પરંતુ ધીમે ધીમે બધું જ જતું રહ્યું. *"મર્ઝ બઢતા ગયા, જું જું દવા કી"* પાછલા ૧૫૦ વર્ષોમાં મુઠ્ઠીભર યહૂદીઓએ ૧૮૦ જ્યારે કે મુસલમાનોએ ૪ નોબેલ ઈનામ પ્રાપ્ત કર્યા છે. આપણે તરત કહીએ છીએ કે નોબલ ઈનામની જ્યુરીમાં યહૂદીઓનું વર્ચસ્વ છે ! પરંતુ શું મુસલમાનોએ એવું કોઈ પગલું લીધું છે, જેથી સકારાત્મક પરિણામની આશા રાખી શકાય ? આ બધી નિષ્ફળતાઓના પરિબળો વિશે ચિંતન કરવાથી સ્પષ્ટ થાય છે કે શિક્ષણ પ્રાપ્તિથી દૂર અને બેદરકારીઓએ મુસલમાનોથી સત્તાની મહાનતાઓ છીનવી લીધી છે. શૈક્ષિણક સંસ્થાઓથી છેટા રહેવું મુસલમાનોની પડતીનું એક પરિબળ છે.

વાંચક મિત્રો ! આશ્ચર્યમાં પડી જશો કે બધા જ મુસ્લિમ દેશોમાં ૫૦૦ જ્યારે ફક્ત અમેરિકામાં ૫૭૫૮ અને ભારતમાં ૮૪૦૭ યુનિવર્સિટીઓ છે. જ્યારે કે એક નાનકડા ઈઝરાઈલમાં યુનિવર્સિટીઓ અને કોલેજોની સંખ્યા ૧૧૩૪ છે. કોઈપણ મુસ્લિમ યુનિવર્સિટીનું નામ વિશ્વની ૫૦૦ શ્રેષ્ઠ યુનિવર્સિટીઓની યાદીમાં સામેલ નથી, જ્યારે કે નાનકડા ઈઝરાઈલની ૬ યુનિવર્સિટીઓ વિશ્વની ૫૦૦ શ્રેષ્ઠ યુનિવર્સિટીઓની યાદીમાં સામેલ છે. અને જો સાક્ષરતાના પ્રમાણને જોઈએ તો યૂરોપીયન દેશોમાં ૯૦ ટકા લોકો શિક્ષિત છે, જ્યારે કે મુસ્લિમ દેશોમાં આ જ ટકાવારી ૪૦ ટકા છે. નાનકડા ઈઝરાઈલમાં શિક્ષિત લોકોની ટકાવારી ૯૫ ટકાથી વધુ છે. યૂરોપમાં ૧૫ દેશો એવા છે જ્યાં શિક્ષણનું પ્રમાણ ૧૦૦ ટકા છે, જ્યારે કે એક પણ મુસ્લિમ દેશો એવો નથી જ્યાં ૧૦૦ ટકા સાક્ષરતા હોય. પશ્ચિમી દેશોમાં પ્રાથમિક શિક્ષણ પ્રાપ્ત કરવાની ટકાવારી ૯૮ ટકા છે જ્યારે કે મુસ્લિમ દેશોમાં ૫૦ ટકા છે. યૂરોપમાં યુનિવર્સિટીઓમાં પ્રવેશ મેળવવાની ટકાવારી ૪૦ ટકા છે. જ્યારે કે મુસ્લિમ દેશોમાં ફક્ત ૨ ટકા છે. જ્યારે પરિસ્થિતિ આવી જ હશે તો પછી પરિણામો પણ સૌની સામે છે. મઝલૂમી અને છાજિયા વૃત્તિને પોતાની ઓળખ બનાવ્યા વગર સખત પરિશ્રમને પોતાની ઓળખ બનાવવી પડશે.

*જો બળ્હ કર ખૂદ ઉઠા લે, જામ ઉસી કા હૈ સાકી*

સારાંશ કે એ યહૂદી જેની કિંમત કોડીની થઈ ગઈ હતી. દુનિયામાં જેને બધેથી જ તડીપાર કરવામાં આવેલો તે આજે આટલો શક્તિવાન શાથી બન્યો ?! તેનું મુખ્ય કારણ એ જ છે કે ન દુનિયવી ઈલ્મ ન દીની ઈલ્મ, મુસલમાનો કેવળ નામના મુસલમાન રહી ગયા, ન અક઼ીદા સલામત રહ્યા ન અમલો બચ્યા, જેથી વર્તમાનકાળમાં મુસલમાનોના આટલા બધા દેશો આટલી બધી વસ્તી છતાં પાવરના નામે મીંડુ છે ! સહાબાએ કિરામ તથા તે પછી દૌરમાં મુઠ્ઠીભર કહી શકાય એટલા લાકો સામે યહૂદી ઈસાઈ સૌ પસ્ત હતા, બલ્કે દરેક ક્ષેત્રમાં મુસલમાનો જ આગળ હતા, એટલા માટે કે અલ્લાહ વ રસૂલ عَزَّوَجَلَّ وَصَلَّى اللّٰهُ عَلَيْهِ وَسَلَّمَ ના ફર્માનો પર મજબૂતીથી આપણે અડગ હતા, જ્યારે આજે અલ્લાહ વ રસૂલના ફર્માનોની વિરૂધ્ધ જીવન શૈલી, આચાર વિચાર, રહણી કરણી, પહેરવેશ... સર્વ ઈસ્લામી આદેશો વિરૂધ્ધ હોવાથી આજે મુસલમાન દુનિયાભરમાં પસ્ત છે અને યહૂદી મજબૂત છે. કાશ ! મુસલમાનો પોતાના જીવનમાં ઈસ્લામને અપનાવે, રસૂલે પાક ﷺ ની સાચી મહોબ્બત દિલોમાં ભરે તો ફરીથી તે સુવર્ણ યુગ આવી શકે છે જે અગાઉ હતો.

# તહ્કીક

## વિના કાંઈ પણ કહેવુ અક્લમંદી નથી

રજૂકર્તા : **હાફેઝ તલ્હા ઐયૂબ વોરાસમનીવાળા**
*(મુતઅલ્લિમ દારૂલ ઉલૂમ બરકાતે ખ્વાજા—આમોદ)*

અલ્લાહ તઆલા ઈર્શાદ ફર્માવે છે :—

**وَلَا تَقْفُ مَا لَيْسَ لَكَ بِهٖ عِلْمٌ اِنَّ السَّمْعَ وَ الْبَصَرَ وَالْفُؤَا دَ كُلُّ اُولٰٓئِكَ كَانَ عَنْهُ مَسْئُوْلًا**

"અને જેનો તમને ઈલ્મ નથી તેના પાછળ ન પડો. બેશક ! કાન, આંખ, દિલ દરેકના બારામાં સવાલ થશે." *(સૂ. ઈસ્રા, આ. ૩૬)*

આંખ, કાન અને દિલ અલ્લાહ તઆલાની આપેલી નેઅમતોમાંથી મોટી નેઅમત છે જેના થકી ઈન્સાન જાણકારી મેળવતો રહે છે. અલ્લાહ તઆલાએ આ નેઅમતના વર્ણન પછી બંદાઓથી શુક્રની માગણી કરી છે. ફર્માને ખુદાવંદી છે :—

**وَّ جَعَلَ لَكُمُ السَّمْعَ وَا لْاَبْصَارَ وَالْاَفْئِدَةَ لَعَلَّكُمْ تَشْكُرُوْنَ**

"અને અલ્લાહ તઆલાએ તમારા માટે કાન, આંખ અને દિલ બનાવ્યાં જેથી તમે તેનો શુક્ર અદા કરો" *(સૂ. નહલ, આ. ૭૮)*

દુનિયાની દરેક વસ્તુને બે ભાગોમાં વહેંચી શકાય છે : (૧) અનુભવેલુ : એટલે કે જેનો ઈલ્મ સાંભળીને જોઈને ચાખીને સૂંઘીને અને સ્પર્શીને થઈ શકે. (૨) બિન અનુભવેલું : એટલે કે જેનો ઈલ્મ જાહેરી અવયવો (કાન, આંખ વગેરે)થી ન થઈ શકે. અનુભવાતા ઈલ્મનો સૌથી મોટો ઝરીયો કાન અને આંખ છે. અને ગૈરમહ્સૂમ (ન અનુભવાતા) એટલે કે જેનો માત્ર વિચાર અને કલ્પના કરી શકાય છે એનો ઈલ્મ દિલથી કરવામાં આવે છે.

અલ્લાહ તઆલાએ અક્લી તથા નક્લી (બૌધ્ધિક રીતની તથા સાંભળેલી) અને હિસ્સી અને ગૈરહિસ્સી (અનુભવેલી વણ અનુભવેલી) બન્નેવ ચીજોને સમજવાના માધ્યમોથી આપણને નવાઝીને શુક્ર અદા કરવાનો હુકમ આપ્યો છે. આપણે આ નેઅમતોનો શુક્ર કેવી રીતે અદા કરીએ ? એની સ્પષ્ટતા પહેલાં તમે આયતે મુક્દસામાં વર્ણન થયેલ ત્રણેવ નેઅમતો પર નજર કરો અને તેની ગોઠવણી પર ધ્યાન કરો તો તમને જાણ થશે કે કાનથી ઈલ્મ તો હાંસલ થાય છે પરંતુ તેનો એ મર્તબો નથી જે જોવાથી હાંસલ થાય છે. પછી દિલથી જે યકીન હાંસલ થાય છે તે કેવળ જોવાથી હાંસલ નથી થતું. જેવી રીતે એક શખ્સ જે કોઈ રસ્તા પર મેહફિલ લગાડીને તમાશા દેખાડે, કદી છોકરાને છોકરી બનાવે અને છોકરીને છોકરો બનાવે. કદી ખાલી ડબ્બામાંથી ગરમ ગરમ જલેબી અને નોટોનું બંડલ કાઢે, તો તમે વારંવાર તે તમાશાગરને જોશો પણ દિલ તેને સ્વીકારશે નહીં.

હવે તમે ચાહો તો કાનથી થયેલ જાણકારીને ઈલ્મુલ યકીન, આંખથી થયેલ જાણકારીને અયનુલ યકીન અને દિલથી થયેલ જાણકારીને હક્કુલ યકીનનું નામ આપી શકો છો. જે વસ્તુની જાણકારી તમને સાંભળીને થાય તો સારું એ છે કે જેના બારામાં ખબર આપવામાં આવે જો તે હાજર હોય તો તમે ઈલ્મુલ યકીનના બદલે અયનુલ યકીન હાંસલ કરવાની કોશિશ કરો, અને જાતે જઈને સચ્ચાઈને જોઈ લો કેવળ સાંભળીને પોતાનું મંતવ્ય રજૂ કરવું અક્લમંદીનું કામ નથી.

રસૂલલ્લાહ ﷺએ ઈર્શાદ ફર્માવ્યું :—

"ઈન્સાનના જૂઠા હોવા માટે માત્ર એટલુ પૂરતુ છે કે તે દરેક સાંભળેલી સંભળાવેલી વાતને બયાન કરી દે. *(મુસ્લિમ)*

## કોઈ વાત માનવા તથા અમલને પાત્ર ક્યારે બને ?

જો અયનુલ યક઼ીન હાંસલ થઈ જાય તો હક્કુલ યક઼ીનની આપણે કોશિશ કરવી જોઈએ. અને એ પણ યાદ રાખવુ કે સાંભળેલું જે હોય તે માનવા તથા તેના પર અમલ કરવા પાત્ર ત્યારે જ થઈ શકશે જ્યારે ખબર આપનાર સાદિક઼ (સાચો) તથા અમીન હોય, અને ખબર આપનાર ત્યાં સુધી સાચો અને અમાનતદાર નથી થઈ શક્તો જ્યાં સુધી તે ઘટનાની સચ્ચાઈ ખૂબ સારી રીતે જોઈ ન લે. સારાંશ કે સાંભળવું જોવા પર અને જોવું બસીરત (દિલની દૃષ્ટિ) પર નિર્ભર છે.

રસૂલુલ્લાહ ﷺ ઈર્શાદ ફર્માવે છે :–

لَاتُصَدِّقُوا أَهْلَ اَلْكِتَابِ وَلَاتُكَذِّبُوهُمْ ''એહલે કિતાબને સાચા ન માનો અને ન તેમને જૂઠાડો.''

આ હદીષથી જાણ થાય છે કે એહલે કિતાબનો ફત્વો તે જ વખતે અમલના લાયક થશે જ્યારે કે તેના ઠીક હોવાનું અને સચ્ચાઈનું પૂરુ યક઼ીન થઈ જાય.

પણ આજે સંજોગો કાંઈક વિચિત્ર છે, દરેક સાંભળેલી સંભળાવેલી વાતો પર આપણે આંખો બંધ કરીને વિશ્વાસ કરી લીધો છે અને તેની જાણકારી નિશ્ચિત દલીલથી સાબિત છે, જેમ કે અલ્લાહનું મૌજૂદ હોવું, રસૂલલ્લાહ ﷺનું શાહિદ (ગવાહ) ખુશખબરી આપનારા, ડરાવવાવાળા હોવું, કુર્આનનું અલ્લાહનું કલામ હોવું, મૃત્યુ પછી હિસાબના દિવસ માટે બીજી વખત જીવંત થવું વગેરે. આનાથી પોતાને આપણે અલગ કરી લીધા છે. એથી ઉલ્ટુ જેના બારામાં ન નિશ્ચિત જ્ઞાન છે અને ન એના બારામાં નિશ્ચિતતાનો હુકમ લગાડવામાં આવી શકે છે, આપણે એની પાછળ પડી ગયા છીએ અને એ વહેમી ચીજના પ્રચાર પ્રસારને પોતાનો અમલી ફરીઝો જાણીએ છીએ.

જ્યારે કે અલ્લાહ તઆલા ફર્માવે છે :–

يٰاَيُّهَا الَّذِيْنَ اٰمَنُوا اجْتَنِبُوْا كَثِيْرًا مِّنَ الظَّنِّ اِنَّ بَعْضَ الظَّنِّ اِثْمٌ

''હે ઈમાનવાળાઓ ! વધારે ગુમાનથી બચો ! કારણ કે અમુક ગુમાન ગુનો હોય છે.'' *(હુજુરાત–૧૨)*

બીજી જગાએ ઈર્શાદ ફર્માવે છે :–

هَلْ عِنْدَكُمْ مِّنْ عِلْمٍ فَتُخْرِجُوْهُ لَنَا اِنْ تَتَّبِعُوْنَ اِلَّا الظَّنَّ---

''તમારી પાસે જો કોઈ દલીલ છે તો તેને જાહેર કરો ! હક઼ીક઼તમાં તમે ગુમાન પાછળ ભાગો છો.'' *(સૂરએ અન્આમ, આ. ૧૪૮)*

નબીએ કરીમ ﷺ ફર્માવે છે :–

إِيَّاكُمْ وَالظَّنَّ فَإِنَّ الظَّنَّ أَكْذَبُ الحَدِيثِ

''ગુમાનથી બચો, કારણ કે ગુમાન ઘણી જ જૂઠી વાત હોય છે.'' *(બુખારી, તઅલીમુલ ફરાઈઝ)*

વર્ણન થયેલ આયતો અને હ઼દીષોથી એ સ્પષ્ટ થઈ ચૂક્યું છે કે ખબર પર હુકમ લગાડતાં પહેલાં તેની તહક઼ીક઼ જરૂરી છે, જેથી ખબરના સહીહ હોવામાં થોડી પણ શંકા ન રહે. કુર્આને મજીદમાં પણ આ વાતની તરફ ઈશારો કરવામાં આવ્યો છે. અલ્લાહ તઆલાનું ફર્માન છે :– يٰٓاَيُّهَا الَّذِيْنَ اٰمَنُوْٓا اِنْ جَآءَكُمْ فَاسِقٌۢ بِنَبَاٍ فَتَبَيَّنُوْٓا ''હે ઈમાનવાળાઓ ! જો કોઈ ફાસિક઼ તમારી પાસે કોઈ ખબર લાવે તો તેની ખૂબ છાનબીન કરી લો.'' *(હુજુરાત–૬)*

હઝરત આમિર બિન અબદહ رضی اللہ عنہ બયાન કરે છે કે હઝરત અબ્દુલ્લાહ رضی اللہ عنہએ ઈર્શાદ ફર્માવ્યું : ''બેશક ! શૈતાન ઈન્સાનની શક઼લમાં લોકો પાસે આવે છે અને તેમની સાથે મનઘડત વાતો કરે છે. પછી લોકો એકબીજાથી અલગ થઈ જાય છે. જેમ કે તેમનામાંથી એક શખ્સ કહે છે કે મેં આ વાત પોતાના ઓળખીતાથી સાંભળી છે, પરંતુ જેણે મને આ વાત કહી છે તેનું નામ મને ખબર નથી.'' *(મુસ્લિમ શરીફ)*

## સાંભળેલી સંભળાવેલી વાતો પર ભરોસાનો અંજામ

આજે હાલાત એટલે સુધી બગડી ગયા છે કે માત્ર સાંભળીને કુફ્ર સુધીનો ફેંસલો સંભળાવી દેવામાં આવે છે ! ઈલ્લા માશાઅલ્લાહ ! જ્યારે કે ફત્વાનો આધાર તેહકીક અને યકીની ઈલ્મ પર છે.

રસૂલલ્લાહ ﷺનો ઈર્શાદ છે : ''અલ્લાહ તઆલા ઉલમાને ઉઠાવીને ઈલ્મને ખત્મ કરી દેશે, જ્યારે કોઈ આલિમ બાકી નહીં રહે તો લોકો જાહિલ સરદારોની પનાહ લેશે, એમને મસ્અલો પૂછવામાં આવશે, તો જાણકારી વગર તે જાહિલ સરદારો ફત્વા આપીને જાતે ગુમરાહ થશે અને બીજાઓને પણ ગુમરાહ કરશે.'' *(ઈબ્ને માજહ)*

મોટાભાગે જોવામાં આવ્યું છે કે સાંભળેલી સંભળાવેલી વાતો પર ભરોસો કરી લેવાથી પસ્તાવા સિવાય કશું જ મળતુ નથી. દોસ્તો અને સગાઓમાં દુશ્મની, બાપ બેટામાં જુદાઈ અને સાસુ વહુની લડાઈ, આ બધુ કેવળ સાંભળેલી વાતો પર ભરોસો કરી લેવાના પરિણામે છે. એક ખાલી અને બિલ્કુલ સાફ દિમાગવાળો શખ્સ બદગુમાન થઈ જાય છે અને પોતાના દિલમાં કીનો, અદાવત અને દુશ્મની જેવી અસંખ્ય બીમારીઓ પેદા કરી લે છે.

## નેઅમતોનો શુક્ર કેવી રીતે અદા કરીએ ?

અલ્લાહ તઆલાએ કુર્આને કરીમમાં બંદાઓને સંબોધન કરતાં ફર્માવ્યું કે કાલે કયામતમાં તમારાથી આંખ, કાન અને દિલના બારામાં સવાલ થશે કે તેમનો ઉપયોગ તમે કઈ રીતે કર્યો છે. શું તે નેઅમતોને અલ્લાહ તઆલાની ખુશી, તેની ફરમાંબરદારી અને તેની હલાલ કરેલી વસ્તુઓમાં લગાડી ? જો આપણે થોડુ પણ જૂઠથી કામ લીધું તો અલ્લાહ તઆલા આપણા મોઢા પર મહોર લગાડી દેશે અને જાતે આપણા શરીરનાં અંગો જ આપણા વિરુધ્ધ ગવાહી આપશે.

અલ્લાહ તઆલાએ ઈર્શાદ ફર્માવ્યું :–

شَهِدَ عَلَيْهِمْ سَمْعُهُمْ وَ اَبْصَارُهُمْ وَجُلُوْدُهُمْ بِمَا كَانُوْا يَعْمَلُوْنَ

''તેમના કાન, આંખ અને તેમની ચામડી જાતે તેમના વિરુધ્ધ તેમના અમલની ગવાહી આપશે.'' *(હા–મીમી–સજદહ, આ. ૨૧)*

બીજી જગાએ ઈર્શાદ ફર્માવ્યું :–

فَمَا اَغْنٰى عَنْهُمْ سَمْعُهُمْ وَلَا اَبْصَارُهُمْ وَلَا اَفْئِدَتُهُمْ مِّنْ شَىْءٍ

''તેમના કાન, આંખ અને દિલે તેમને કાંઈ જ ફાયદો ન પહોંચાડયો.'' *(અહકાફ–૨૬)*

જેથી આપણે જોઈએ કે કાનને બયાન અને સારી વાતો સાંભળવામાં, આંખને અલ્લાહની આયતો અને કુદરતી નિશાનીઓ જોવામાં અને દિલને અલ્લાહની મા'રેફત મેળવવામાં લગાડીએ, નહીં તો કાલે કયામતમાં આ જ અંગો આપણા માટે મુસીબત બની જશે.

## તબર્રુકાતની તા'ઝીમ અને સહાબાએ કિરામ

''નૂરુલ ઈમાન''માં છે, (અર્થ) : હઝરત ઉમર ઈબ્ને અબ્દુલ અઝીઝ رضی اللہ عنہ ની પાસે હુઝૂરે અનવર સૈયદે આલમ صلی اللہ تعالیٰ علیہ وسلمના કેટલાંયે તબર્રુકો હતાં. તેમાં **બે મોજા શરીફ, એક ચાદર મુબારક, એક કમંડલ શરીફ** હતાં. હઝરત ઉમર ઈબ્ને અબ્દુલ અઝીઝ رضی اللہ عنہ તેની હિફાઝત કરતા હતા, તેના માટે કાળજીથી વ્યવસ્થા કરતા અને દરરોજ તે મહાન તબર્રુકોની ઝિયારત કરવાની ખુશનસીબી પ્રાપ્ત કરતા. અને જ્યારે તેમની પાસે ''સાદાત'' માંથી કોઈ સહાબા તશરીફ લાવતા તેમને ત્યાં લઈ જતા અને કહેતા કે આ તે જનાબે પાકનો વારસો છે જેમના લીધે અલ્લાહ તઆલાએ તમને ઈજ્જતદાર અને બુઝુર્ગ બનાવ્યા.

આ પરથી તબર્રૂકાતને હિફાઝતની સાથે રાખવાં, તેની ઝિયારત કરવી અને અન્યોને ઝિયારત કરાવવાનું સાબિત થયું, જેને બદઅકીદા વહાબી તમાશો કહે છે. (નઊઝુબિલ્લાહ !)

# દુનિયાની આફત તથા આખેરતની મુસીબત સંબંધે

## આપણો અભિગમ

લેખક : ડૉ. ગુલામ ઝુર્કાની

અનુવાદક : યૂનુસ મિસ્બાહી–ટુંડજ
(મુતઅલ્લિમ : જામિઆ અશરફિયા–મુબારકપુર)

ગઈ કાલે હું મારી સંસ્થા તરફ જઈ રહ્યો હતો ત્યારે રસ્તામાં અસામાન્ય ભીડે મને હેરાન કરી દીધો. લાઈનબંધ વાહનોની લાઈન લાગી હતી અને બધા એક એક ઈંચ આગળ વધી રહ્યા હતા. પેટ્રોલ પંપ, રેસ્ટોરન્ટ અને હોટલોમાં ગ્રાહકોની ભીડ લાગી હતી. અનાજ વગેરેના મોટા મોટા ગોડાઉનોમાં જ્યાં સુધી નજર પહોંચે ત્યાં સુધી વાહનો જ વાહનો જોવા મળતાં હતાં. એક અજીબો ગરીબ હલચલ, હોશ ખોવાયેલ અને અજંપાનો માહોલ ચોતરફ હતો. જેમ જેમ હું આગળ વધતો તેમ તેમ મને આશ્ચર્ય થતું કે આખરે આ બધાનું કારણ શું છે ?! ક્યારેક લાગતું કે હું મારા શહેરમાં નહીં કોઈ બીજા જ શહેરમાં આવી ગયો છું, ક્યારેક થતું કે હું કોઈ નવા જ રસ્તે આવી ચઢયો છું, અને કદીક થતું કે હું ઉઘાડી આંખોએ સ્વપ્ન જોઈ રહ્યો છું, તેમ છતાંય જ્યારે સંસ્થાની ગગનચુંબી ઈમારતની સામે મારી કાર ઉભી રહી તો વહેમ અને વિચારોનાં બધાય વાદળો હટી ગયાં અને ફરી એકવાર હું આશ્ચર્ય તથા અચંબાના ગહરા દરિયામાં ડૂબી ગયો.

ભારે ભરખમ પગ વડે જેવો પગથિયા પર પગ મૂક્યો તો જનાબ હુસૈન સોમાલી સાથે મારી મુલાકાત થઈ. મેં સલામ કર્યા બાદ પૂછયું કે આજે શહેરમાં શું થઈ ગયું છે ? આ ચોતરફ શાની ભીડ (ટ્રાફિક) છે ?! તો એ મારી તરફ જોઈને હસ્યા અને કહેવા લાગ્યા કે કદાચ તમને ખબર નથી કે આજે સવારથી જ મીડિયા દ્વારા આ ખબર ફેલાઈ રહી છે કે "બિલ" નામનું સમુદ્રી તોફાન આવી રહ્યું છે જેના કારણે શહેરના જિમ્મેદારો અપીલ કરી રહ્યા છે કે દરિયા કિનારે રહેતા લોકો પોતાનું રહેઠાણ છોડીને સલામત જગાએ ચાલ્યા જાય. સાથોસાથ એ પણ કહેવાય છે કે હવાના સખત ઝોકાંઓના કારણે વીજળીના તાર પર પણ અસર પડી છે જેના કારણે શક્ય છે કે પાવર સપ્લાય લાંબા કાળ સુધી નહીં આવે અને લોકો લાંબો સમય અંધારામાં રહેવા માટે મજબૂર થઈ જાય. અને એવું પણ બની શકે છે કે વધારે પાણીનું પુર આવવાના કારણે બધુ જ પાણી ખરાબ થઈ જાય અને પાઈપ લાઈન થકી ઘરોમાં આવતુ પાણી પીવા લાયક ન રહે. અને એ પણ શક્ય છે કે બધા રસ્તાઓ પાણીમાં ડૂબી જાય અને અવર જવર મુશ્કેલ થઈ જાય. આ કારણે ભલાઈ એમાં જ છે કે લોકો પોતાના ઘરમાં રહે અને બહાર ન નીકળે. હુસૈન સોમાલીએ પોતાની વાત લંબાવતાં કહ્યું કે આજ કારણે બધા લોકો ખાવા પીવાની વસ્તુઓ એટલી વધારે માત્રામાં ખરીદી રહ્યા છે કે મોટા મોટા સ્ટોરો પર પાણી ખાલી થતું જાય છે અને ઈમરજન્સી ફુડ પણ મુશ્કેલીથી મળી રહ્યું છે, લાઈટ જવાની સંભાવનાના કારણે મીણબત્તીઓ ખરીદવામાં આવી રહી છે, અને તોફાન આવવાની સ્થિતિમાં અચાનક શહેરની બહાર જવા માટે લોકો પેટ્રોલ પુરાવી રહ્યા છે. મતલબ કે બધા જ લોકો આવનારી મુસીબતનો સામનો કરવા માટે પોતાની રીતે પૂરેપૂરી તૈયારી કરી રહ્યા છે.

હુસૈન સુમાલી ધીરે ધીરે વાત કરી રહ્યા હતા અને હું ધીરે ધીરે વિચારોના સમુદ્રમાં ડૂબકી લગાડીને ઘણે દૂર જઈ ચૂક્યો હતો અને હવે મારી નાઝુક આંગળીઓ કુર્આને પાકના પાનાંઓ ફેરવી રહી હતી, અને હું મારા માથાની આંખોએ આખેરતના ખતરાઓ, તકલીફો અને મુસીબતો વિશે અલ્લાહ તઆલાના બયાન ફર્માવેલાં સ્પષ્ટ બયાનો જોઈ રહ્યો હતો. અને આ વિચાર આવતાં જ મારી આંખોમાં પાણી આવી ગયું કે બદલાતા વાતાવરણ (હવામાન) પર તીવ્ર દ્રષ્ટિ રાખવાવાળા એક

નાનકડા તોફાનની ખબર આપે તો આપણી તૈયારીઓનો આ હાલ છે, જ્યારે કે અલ્લાહ તઆલાએ તો એનાથી પણ ઘણા મોટા તોફાનની ખબર આપણને આપી છે તોય આપણા માથામાં જૂ પણ નથી ખસતી ! અલ્લાહ તઆલાએ તદ્દન સ્પષ્ટ શબ્દોમાં ખબર આપી છે કે એ મહાન બર્બાદી એવી છે કે ગગનચુંબી પહાડો ટુકડે ટુકડા થઈ જશે, સમુદ્રો સૂકાઈ જશે, તારાઓ વિખેરાય જશે, જમીન પલ્ટાવી દેવામાં આવશે, બધી વસ્તીઓ નાશ પામશે, ઊંચા ઊંચા મહેલોથી લઈને નાનકડી ઝુપડી સુધ્ધાં સર્વનું નામો નિશાન પણ નહીં રહે, સૂરજ આગ વરસાવવા લાગશે અને ચાંદની રોશની ઝાંખી થઈ જશે. જરા વિચારો તો ખરા કે આપણી વિચારધારાની દુનિયામાં કેટલો તફાવત છે ?

અને એ પણ સાંભળો કે કહેવાવાળાએ તો એટલું જ કહ્યું હતું કે એક તોફાન આવી રહ્યું છે જે થોડા સમય સુધી મુસીબતો લાવશે અને અમુક મુદ્દત માટે નુકસાન પહોંચાડશે. પણ અલ્લાહ તઆલાએ જે તોફાનની ખબર આપી છે એ તો હમેશાંના માટે મુશ્કેલીઓ અને સખત પરેશાનીઓ લઈને આવશે. તેમ છતાંય થોડા સમયની મુસીબતોથી બચવા માટે આટલી બધી તૈયારીઓ અને હમેશાંની તકલીફોથી બચવા માટે કોઈ તૈયારી નહીં ?! અને ન તો કપાળ પર કોઈ ચિંતાની કરચલી જણાય છે !

સાથોસાથ એ પણ સાંભળી લો કે હવામાન ખાતાના નિષ્ણાતો જે આગહીઓ કરે છે તે મોટાભાગે સાચી પણ નથી પડતી. જેમ કે મારા શહેર હયુટનનો જ દાખલો લઈ લો કે છેલ્લા દસ વરસમાં ચાર પાંચ નાનાં મોટાં તોફાનોની ખબર આપવામાં આવી, અને વળી એકવાર તો દરિયા કિનારે વસતા લોકોનાં મકાનો જબરદસ્તી ખાલી કરાવી દીધાં, અને ડેલાસ તથા હયુટનની વચ્ચે આવવા જવાના બંનેવ મોટા માર્ગો ભીડભાડના કારણે શહેરથી બહાર જવા માટે ખાસ કરી દીધા. પણ તદ્દન છેલ્લા સમયે ખબર આવી કે તોફાન દરિયા કિનારેથી ફંટાઈને અન્ય અજાણી જગ્યા તરફ વળી ગયું ! અને આ રીતે આવનારી મુશ્કેલીઓ દૂર થઈ ગઈ. જ્યારે કે **અલ્લાહ તઆલાએ જે બર્બાદીથી સાવધાન કર્યા છે એની તબાહીના વિશે ન કોઈ શંકા છે ન તેના ટળી જવાનો કે ફંટાવાનો કોઈ અવકાશ છે, એટલે યક઼ીનન ! એ તોફાન (ક઼યામતનું) આવનારું જ છે છતાં તેનાથી રક્ષણની તૈયારીની કોઈને પરવા નથી ! ઈલ્લા માશાઅલ્લાહ !**

અને એ વાત તો મારે જરૂરથી કહેવી છે કે આધુનિક યુગમાં લોકો વાંધાઓ ઉઠાવવાથી નથી થાકતા કે ઉલમાએ કિરામ, મુક઼ર્રિરો ક઼યામતના અઝાબથી હમેશાં ડરાવ્યા કરે છે ! તો જરા ઈન્સાફથી જુઓ કે હવામાન ખાતાના નિષ્ણાતો ભવિષ્યમાં આવનારા તોફાનથી સૌને ડરાવે છે અને સમાજમાં ભય ફેલાવી દે છે છતાંય લોકો એમની પ્રશંસા કરતાં નથી થાકતા કે એમણે એક આવનારી મોટી આફતની જાણ કરીને આપણને નુકસાનથી બચાવ્યા છે. હવે, મને કહી લેવા દો કે દીની ઉલમાએ કિરામ તો એનાથી પણ અતિ મહાન આફત, બર્બાદી તથા પૂરી દુનિયાનો વિનાશ કરનારી મુસીબત (ક઼યામત)ની ખબરો આપી રહ્યા છે તો પણ સમાજમાં એને બુરુ કેમ સમજવામાં આવે છે ? બલ્કે ઈન્સાફની વાત તો એ છે કે હવામાન ખાતાના નિષ્ણાતો તો એક નાની તબાહી અને નાના તોફાનની ખબર આપે છે, તો એમની પ્રશંસા ઓછી, અને ઉલમાએ કિરામ તો મહાન તબાહી તથા મહા ભયંકર તોફાનની ખબર આપે છે તો એમની પ્રશંસા તો વધારે થવી જોઈએ.

ભાઈઓ ! વિચારધારાના તફાવતની એક ઝલક તમારી સમક્ષ છે. બની શકે તો રાત્રે એકાંતમાં પોતાના દિલથી પૂછજો કે આ કલ્પના કેટલા અંશે આપણા એહસાસનું પ્રદર્શન કરી રહી છે. યાદ રાખશો કે દિલની ગહરાઈમાંથી આવતા કમજોર અવાજને પોતાની શક્તિ વડે દબાવવાનો પ્રયાસ ન કરશો, નહીં તો સાચા પરિણામ સુધી પહોંચવામાં તમને સફળતા નહીં મળે. ઉઠો ! અને કુર્આને પાકની તાલીમાતનું વાંચન કરો અને ગંભીરતાપૂર્વક આવનારી મહાન તબાહી તથા બર્બાદી (ક઼યામત)થી બચવા માટે યોગ્ય વ્યવસ્થા કરો, ક઼યામતના ખતરાઓથી બચવાનો સામાન એકત્ર કરો, એટલે ઈમાન અક઼ીદાને મજબૂત કરો અને અમલોમાંથી ગુનાહોને ત્યજીને નેકીઓ તરફ વળો ! અને એ રીતે ક઼યામતની ખતરનાક ગરમીમાં અર્શનો સાયો પામવા કોશિશ કરો ! અને એ જ ઈમાનનો તકાઝો છે.

*–(અશ્રફિયા–મુબારકપુર, ઓગસ્ટ–૨૦૧૫)*

# ઈસ્લામમાં સિફારિશનું શું સ્થાન છે ?

રજૂકર્તા : **મૌલાના ઈમરાન રઝા મિસ્બાહી** (મુદર્રિસ : દારુલ ઉલૂમ બરકાતે ખ્વાજા–આમોદ)

***વર્તમાનકાળમાં ગુનેહગારો બેબાક બની ગયા છે, ખૂન ખરાબાના પ્રસંગો, બળાત્કારના બનાવો, ચોરી ડાકૂગીરીના બનાવો, ગેંગવોરના બનાવો, અપહરણના બનાવો બેધડક થઈ રહ્યા છે. તો સમાજમાં ગુનાહોનું પ્રમાણ, જુલ્મ તથા અત્યાચાર અને બળાત્કારનું પ્રમાણ શાથી વધે છે તે સમજવા આ લેખનો જરૂર અભ્યાસ કરશો. આજે મોટા મોટા જાલિમ ગુનેહગારો બલ્કે જેમને આજીવન સજા થઈ ચૂકી તેઓ કોઈક મોટા માથાની સિફારિશથી જેલની બહાર નીકળી જઈને મજાથી જીવવા લાગે છે. મહા જાલિમો, ભ્રષ્ટાચારીઓને ક્લિનચીટ મળી જાય છે. જેથી જ સમાજમાં જુલ્મ, ભ્રષ્ટાચાર, બળાત્કારની ખરાબી વધતી જઈ રહી છે. કાશ ! કે એ બાબતે ઈસ્લામી સિદ્ધાંતો અપનાવી લેવામાં આવે તો જગતમાં અમ્નો શાંતિ તથા સભ્યતાનો માહોલ જીવંત થઈ શકે છે.*** *–તંત્રી : બરકાતે ખ્વાજા (માસિક)*

જે મુસલમાન જાઈઝ અને નેક કામોની સિફારિશ (ભલામણ) કરે અથવા કોઈને સારો મશ્વરો આપે તો તેને સારી સિફારિશ (ભલામણ) અને નેક મશ્વરો આપવાના લીધે તેની નેકી અથવા તેના સવાબમાંથી હિસ્સો મળશે. અને જે બુરી વાતની ભલામણ કરે અથવા કોઈને બુરો મશ્વરો આપે અથવા ફસાદ ફેલાવવાની કોશિશ કરે તો તેને બુરાઈનો અઝાબ મળશે. આજે દુનિયામાં અનેક બગાડ અને ફસાદ થવાનું કારણ બુરી ભલામણ જ છે. ઘર, મહોલ્લા, સમાજથી લઈને હુકૂમતો અને હદ તો એ છે અદાલતો સુધી આ બીમારી ફેલાઈ ગઈ છે, એનાથી જુલ્મ તથા અત્યાચારો વધી રહ્યા છે. ઈસ્લામે ભલામણની જેટલી તાકીદ કરી છે એટલી અન્ય કોઈ ધર્મમાં નથી કરવામાં આવી અને ઈસ્લામે બુરી ભલામણ પર મના ફર્માવ્યું છે, જે સારી વાતની ભલામણ કરે તેને પણ સવાબનો હિસ્સો મળશે.

ઈર્શાદે નબવી ﷺ છે : ''ભલામણ કરો, સવાબ મળશે.''

અલ્લાહ તબારક વ તઆલાનું ફર્માન છે :–

مَنْ يَّشْفَعْ شَفَاعَةً يَّكُنْ لَّهٗ نَصِيْبٌ مِّنْهَا وَمَنْ يَّشْفَعْ شَفَاعَةً سَيِّئَةً يَّكُنْ لَّه كِفْلٌ مِّنْهَا وَكَانَ اللّٰهُ عَلٰى كُلِّ شَیْءٍ مُّقِيْتاً

''જે સારી ભલામણ કરે તેના માટે તેમાં હિસ્સો છે અને જે બુરી ભલામણ કરે તેના માટે તેમાં હિસ્સો છે, અને અલ્લાહ દરેક ચીજ પર કુદરતવાળો છે.'' *(સૂરએ નિસાઅ્, આ. ૮૪)*

## ★ બુરી ભલામણ ગુનોહ છે ★

કોઈને મુસીબતથી છોડાવવા માટે સિફારિશ (ભલામણ) કરવું સવાબ છે અને કોઈ અત્યાચારીને છોડાવવા માટે અથવા અત્યાચાર કરાવવા માટે

ભલામણ કરવું હરામ છે. આનાથી જાણવા મળ્યું કે ગુનોહ કરવો પણ હરામ છે અને ગુનાહનો મશ્વરો આપવું પણ હરામ છે. (એ પણ) જાણવા મળ્યું કે સારી સિફારિશ (ભલામણ) કરવું સવાબ છે અને બુરી ભલામણ કરવું ગુનોહ છે. એ જ હાલ નેકીનો છે, નેકની ભલામણ (માં પણ) સવાબ છે, નેકી કરવું (પણ) સવાબ છે. *(તફસીરે નૂરુલ ઈર્ફાન, ૧/૧૪૩)*

આ આયતનો એ મતલબ પણ વર્ણવામાં આવ્યો છે કે મુશ્કેલીમાં કોઈ ભાઈની મદદ કરવી, તેના હક્ક્ પાછા અપાવવાની કોશિશ કરવી, તેને ફાયદો પહોંચાડવો, અને તેનાથી કોઈ તકલીફ દૂર કરવામાં કોશિશ કરવી એ શર્તે કે તેનાથી કોઈ અન્યનો હક્ક્ ન માર્યો જાય તો એ સારી ભલામણ છે અને તેના પર ભલામણ કરનારને સવાબ મળશે. અને જો એવી ભલામણ કરી જેનાથી કોઈનો હક્ક્ પડાવી લેવામાં આવે અથવા કોઈના પર જુલ્મ થયો તો બુરી ભલામણ છે, અને આવી ભલામણ કરનાર ગુનેહગાર થશે. સરકારે મદીના ﷺનું ફર્માન છે : "ભલામણ કરો સવાબ મળશે." પરંતુ આ જ ઈસ્લામ સજાઓના મામલામાં સિફારિશ (ભલામણ)ને બિલકુલ માન્ય નથી રાખતો.

હુઝૂર ﷺના મુબારક જમાનામાં કુરૈશના ઉચ્ચ ખાનદાનની મખ્ઝૂમી ઔરતે ચોરી કરી. નબીએ પાક ﷺની અદાલતમાં મામલો આવ્યો, ગુનોહ સાબિત થઈ ગયો તો નબી ﷺની અદાલતે હાથ કાપવાની સજા સંભળાવી. તે ખાનદાનના લોકો કોશિશમાં લાગી ગયા કે કાંઈ કરો નહીં ખાનદાનની નાક કપાઈ જશે ! લોકો કહેવા લાગ્યા કે કોઈ એવા માણસને શોધો જે હુઝૂર ﷺને પ્રિય હોય જેથી હુઝૂર ﷺ તેની વાત માન્ય રાખે અને સજા માફ કરી દે. સૌની ઝબાન પર હઝરત ઉસામા બિન ઝૈદ رضی اللہ عنہનું નામ આવ્યું. તેઓ ખુશ થઈ ગયા, મામલો હલ થાય એમ દેખાવા લાગ્યું. હઝરત ઉસામા બિન ઝૈદ رضی اللہ عنہ હુઝૂર ﷺને ખૂબ પ્રિય હતા. આપ ﷺ એક પડખે એમને બેસાડતા અને બીજા પડખે પ્યારા નવાસા હઝરત હુસૈન رضی اللہ عنہماને બેસાડતા અને ફર્માવતા, "હે અલ્લાહ ! આ બંનેવ મને ખૂબ પ્રિય છે, તું એમને તારા બનાવી લે." હઝરત ઉસામા رضی اللہ عنہને સૌએ પોતાના વકીલ બનાવ્યા. તેમણે હુઝૂર ﷺથી એ બાબતે વાત કરી તો આપ ﷺએ ફર્માવ્યું, أَتَشْفَعُ فِي حُدُودِ اللهِ "શું તમે અલ્લાહની હદો (નિશ્ચિત સજાઓ)માં ભલામણ કરો છો ?!" આપ ગુસ્સે થયા અને ખુત્બો દેવા માટે ઊભા થયા અને ફર્માવ્યું, "તમારાથી પહેલાંના લોકો એટલા માટે હલાક્ થયા કે જ્યારે એમનામાંથી કોઈ પ્રતિષ્ઠિત વ્યક્તિ ચોરી કરતો તો તેને છોડી દેતા અને જ્યારે કોઈ કમજોર ચોરી કરતો તો તેને સજા આપતા. અલ્લાહની ક્સમ ! જો મુહમ્મદ (ﷺ)ની બેટી ફાતિમા (رضی اللہ عنہا) પણ ચોરી કરત તો હું એમનો પણ હાથ કાપતો !" *–(તિર્મિઝી, ૧/૭૧૫)*

દુનિયામાં ઉત્પન્ન થતા નિત નવા બગાડને નવા નવા ક઼ાનૂનો વડે ખત્મ કરવાની કોશિશો કરવામાં આવે છે, પરંતુ ક઼ાનૂન વડે બગાડને નાબૂદ નહીં કરી શકાય. ક઼ાનૂન મહોબ્બત, હમદર્દી અને એખ્લાસ પેદા નથી કરી શક્તો, તેનાથી દિલ જોડી નથી શકાતાં, ઉત્તમથી ઉત્તમ ક઼ાનૂન ઈન્સાનના હક્કોની એક હદ સુધી જ રક્ષા કરી શકે છે. તે હદથી આગળ તે બેબસ થઈ જાય છે. ક઼ાનૂન દ્વારા ન્યાય સ્થાપિત કરવામાં મદદ જરૂર મળી શકે છે, પરંતુ તેનાથી જુલ્મ અને અત્યાચારનો ખાત્મો શક્ય નથી. સાચી વાત તો એ છે કે દુનિયાના બગાડ અને ફસાદનું નિવારણ એના સિવાય અન્ય કાંઈ નથી કે ઈન્સાનમાં આખેરતનું પાકુ યક઼ીન સમાયેલું રહે, તે એ હક઼ીક઼તને સ્વીકારે કે તે ખુદાનો બંદો છે અને તેની ફર્માંબરદારી તેના માટે અનિવાર્ય છે. જો તેણે તેના હુકમ અનુસાર જીવન પસાર કર્યું તો અલ્લાહની રહ્મતનો હક્ક઼દાર થશે

અને તેની નેઅમતોથી નવાઝવામાં આવશે, અને જો નાફર્માની કરી તો ભલે તે દુનિયામાં અલ્લાહની પકડથી બચી જાય આખેરતમાં તેની પકડથી નથી બચી શકતો. આ અક઼ીદાની જે અસર થાય છે તેનાથી ઈન્સાનના વર્તનમાં મોટો ઈન્કે઼લાબ આવે છે. આખેરતમાં જવાબ દેવાના ખૌફથી મનુષ્યમાં પરિવર્તન નિશ્રિત છે. ઈસ્લામી ઈતિહાસમાં આવા ઈન્કે઼લાબ અને પરિવર્તનની આશ્ચર્યજનક અસંખ્ય ઘટનાઓ જોઈ શકાય છે. બોધ માટે એક ઘટના હદીષ પાકના હવાલાથી જોતા ચાલીએ :–

"અમ્ર બિન સમુરહ બિન જુંદુબ رضی اللہ عنہ હુઝૂર ﷺની ખિદમતમાં હાજર થયા અને અર્ઝ કરી, યા રસૂલલ્લાહ ! ﷺ મેં ફલાણાનું ઊંટ ચોરી કર્યુ છે, મને પવિત્ર કરી દો ! હુઝૂર ﷺએ તેમની પાસે જાણકારી અને ગવાહ માટે માણસ મોકલ્યો. જ્યારે ગવાહી પૂર્ણ થઈ ગઈ તો ઊંટના માલિકે કહ્યું, અમારું ઊંટ ગુમ થઈ ગયું છે. ત્યારે હુઝૂર ﷺએ અમ્રનો હાથ કાપવાનો હુકમ આપ્યો. તેમનો હાથ કાપવામાં આવ્યો. હદીષના રાવી હઝરત ષઅ્લબા رضی اللہ عنہ ફર્માવે છે કે જ્યારે તેમનો હાથ કપાઈને પડયો તો હું તેમને જોઈ રહ્યો હતો. તે કહી રહ્યા હતા, ખુદાનો શુક્ર છે કે તેણે મને તારાથી પાક કરી દીધો ! તું ચાહતો હતો કે તું મારા આખા શરીરને જહન્નમમાં લઈ જાય." *(સુનને ઈબ્ને માજહ, ૧/૧૧૫)*

દિલથી તૌબા કરનાર અને પોતે પોતાના પર ઈસ્લામી સજા લાગુ કરાવીને આખેરતની કામયાબી પામનારાઓના આ ઈમાન અફરોઝ બનાવો એ વાતની ગવાહી આપે છે કે નબ્વી યુગના મુસલમાનો ઈસ્લામી સજાઓને ગુનાહોનો કફ્ફારો સમજતા હતા. આ પ્રકારના અનેક બનાવો હદીષની કિતાબો અને ઈસ્લામી તારીખમાં જોઈ શકાય છે જે એ સાબિત કરે છે કે આખેરતના હિસાબ કિતાબ અને ત્યાંના બદલાની કલ્પના જ ઈન્સાનમાં કા઼નૂનના સન્માનનો જઝબો પેદા કરે છે અને તેનો પાબંદ બનાવે છે.

## ★ ગુનાહમાં મદદ કરવી પણ ગુનોહ છે ★

કુર્આને કરીમમાં છે :–

وَتَعَا وَ نُوْ عَلَىٰ الْبِرِّ وَالتَّقْوَىٰ وَلَا تَعَاوَ نُوْ عَلَىٰ الْاِثْمِ وَ الْعُدْوَانِ

"નેકી અને પરહેઝગારીમાં એકબીજાની મદદ કરો અને ગુનાહ અને ઝયાદતી પર એકબીજાની મદદ ન કરો." *(સૂરએ માઈદહ્, આ. ૨)*

આનાથી જાણવા મળ્યું કે ગુનેહગારની મદદ કરવી પણ ગુનોહ છે, ચોરી કરવી, ચોરની મદદ કરવી, ચોરીનો માલ ઘરમાં રાખવો સૌ અપરાધ છે. એ જ રીતે નેકી કરવી, કરાવવી અને નેકીમાં મદદ કરવી સૌ સવાબ છે.

## ★ ઈસ્લામી શરીઅતમાં સજાઓ વિશે ભલામણ જાઈઝ નથી ★

સજાઓ જ્યારે રહમત રૂપી છે તો એને લાગુ કરવામાં કોઈ રુકાવટ સ્વભાવિક રીતે નાપસંદીદા હોવી જોઈએ. ઈસ્લામી શરીઅતમાં એટલા જ માટે સજાને હટાવવા બાબતે ભલામણને બહુ મોટો અપરાધ ઠરાવવામાં આવ્યો છે. શાહ વલીયુલ્લાહ મુહદ્દિષ દહેલ્વી رحمۃ اللہ علیہ લખે છે કે, જે શખ્સની સિફારિશ (ભલામણ) અલ્લાહની હદો (નિશ્ચિત સજાઓ)માંથી કોઈ સજાની વિરુદ્ધ જોવામાં આવી તો તે શખ્સે ખુદા તઆલાનો વિરોધ કર્યો. આપ ફર્માવે છે કે લોકોની ઈજ્જત સલામત રાખવી અને તેમની સાથે દરગુઝરનો વર્તાવ કરવો હમેશાંથી ઉમ્મતોમાં ચાલ્યું આવ્યું છે, અને તમામ અવ્વલીન તથા આખરીન એનું અનુસરણ કરનારા છે. જેથી હુઝૂરે ખૂબ જ કાળજી રાખી. કેમ કે શરીફોની સિફારિશ અને તેમનાથી દરગુઝર કરવું તે હદો (સજાઓ)નો વિરોધ કરવું છે જેમને અલ્લાહ તઆલાએ નિશ્ચિત કરેલી છે. *(હુજ્જતુલ્લાહુલ બાલિગા, પેજ : ૬૨૯)*

ઈસ્લામ સજાઓ સામે ભલામણોને અત્યંત બુરું અને મહાન ગુનોહ ઠરાવે છે. *–(હવાલો : સુન્ની દા'વતે ઈસ્લામી મંથલી, મુંબઈ, નવેમ્બર–૨૦૧૫)*

## બરકાતે ખ્વાજાની ટપાલ...→→→ કાર્યાલય

**જંબુસર** : ૨૮/૧૦/૨૦૧૫ મંગળવાર બાદ નમાઝે ઈશા જંબુસર ઘાંચીવાડ મેં મૌલાના સદ્દામહુસૈન ઔર ઉન્કી બહન કી શાદી કે મૌક઼ે પર હઝરત અલ્લામા મૌલાના હબીબુલ્લાહ વસોવાલે તશરીફ લાયે થે. ઉન્હોંને બતાયા કે શાદી કૈસે કરના ચાહિએ ઔર ખુરાફાત કો દૂર કરકે સુન્નત કે મુતાબિક઼ નિક઼ાહ, ખાના, પીના સારી રસ્મેં હમારે આક઼ા વ મૌલા ﷺને બતાઈ હૈ ઉસી પર ચલ કર કરના ચાહિએ. પ્રોગ્રામ બહોત કામ્યાબ રહા.

*–રજૂકર્તા : અલ્લારખા ફુટવાલા*

### ★ જશ્ને શહીદે આ'ઝમ ★

**બોડેલી** : મસ્જિદે અહમદી અલીપુરા ખાતે "જશ્ને શહીદે આ'ઝમ" ૧૦ દિવસ સુધી મનાવવામાં આવ્યો. દરરોજ બાદ નમાઝે ઈશા કુર્આનખ્વાની અને દુરૂદે પાકનો વિર્દ રાખવામાં આવ્યો અને "જશ્ને શહીદે આ'ઝમ" ઉપર પાંચ દિવસ તકરીરનું આયોજન હાફિઝ શબ્બીર અલી દ્વારા કરવામાં આવ્યું. *–મુહમ્મદ આઈ. ખત્રી વડદલાવાળા (બોડેલી)*

### ★ પેટલાદમાં જશ્ને મશાઈખે બરકાતિયહ ★

**પેટલાદ** : તા. ૨–૧૧–૨૦૧૫, ૧૯ મુહર્રમ શરીફ હિ.સ. ૧૪૩૭ સોમવારે ઈશા બાદ રઝા ચોક ખાતે "જશ્ને મશાઈખે બરકાતિયહ"નું આયોજન હઝરત સૈયદ મુહમ્મદતાહિર બાપુ હાશમીમિયાં (નૂરાનીબાવા પેટલાદીના ભત્રીજા) તથા પીરઝાદા સૈયદ મક઼સૂદ આલમ સાહબ વગેરેની નિગરાનીમાં જનાબ "આક઼િબ" બરકાતીની નિઝામત હેઠળ શાનદાર આયોજન થયું હતું. જેમાં ઔલાદે ગૌષે આ'ઝમ મુક઼ર્રિરે ઝીશાન **હઝરત મૌલાના સૈયદ અમીન અલી ક઼ાદરી** (નિગરાં : સુન્ની દા'વતે ઈસ્લામી–માલેગાંવ)એ બરકાતી સિલસિલા મારેહરા શરીફના બુઝુર્ગોની તારીખ તથા ફઝીલતો બયાન કરી હતી. હઝરત શાહ બરકાતુલ્લાહ, શાહ હમ્ઝા અયની તથા વિશેષતઃ હઝરત આલે રસૂલ હસ્નૈનમિયાં "નઝમી" رحمۃ اللہ علیہم اجمعین ના, કમાલો કરામતો યાદ કરી હતી. પોતાના અનોખા અંદાઝમાં બદાયૂં, બરેલી શરીફનાં બુઝુર્ગો વિશેષતઃ આ'લા હઝરત ઈમામ અહમદ રઝા رحمۃ اللہ علیہ ની શાન પણ વર્ણવી હતી. બહોળી સંખ્યામાં અવામે હાજરી આપી હતી. સુન્ની દા'વતે ઈસ્લામીના મુબલ્લિગો સુલ્તાન રઝા, ઈમરાનભાઈ, યૂસુફભાઈ પાલેજવાલા, હાફિઝ અ. રહીમ બરકાતી, પટેલ શબ્બીર અલી રઝવી (તંત્રી : બરકાતે ખ્વાજા–માસિક) વગેરેએ પણ હાજરી આપી હતી.

**જુનાગઢ** : ખાતે ૧૩–મુહર્રમ હિ.સ. ૧૪૩૭ તા. ૨૭–૧૦–૨૦૧૫ના રોજ ઈશા બાદ ખાનક઼ાહે રઝવિય્યહ નૂરીય્યહના સજ્જાદાનશીન હઝરત ગુલઝાર અહમદ નૂરીના એહતેમામ હેઠળ "મોહસિને આ'ઝમ કોન્ફ્રન્સ" હઝરત સૈયદ મુખ્તાર અહમદ ક઼ાદરી બગદાદી (દેવાસ, એમ.પી.)ની સદારતમાં તથા હઝરત અલ્લામા નૂર મુહમ્મદ મારફાની رحمۃ اللہ علیہ ની રૂહાની સરપરસ્તીમાં હઝરત અલ્લામા ગુફરાન રઝા ક઼ાદરી સાહબ (મોરિસિયસ–આફ્રિકા) તથા હઝરત અલ્લામા મુફતી ગુલામ અહમદ જીલાની (મુફતીએ મેવાડ, એમ.પી.)ના શાનદાર ખિતાબો થયા. જેમાં હઝરત સૈયદ ઝયનુલ આબિદીન (એમ.પી.), સુલ્તાન રઝા–વડોદરા, સૈયદ હાજી અ. ખાલિદબાપુ (રાજકોટ), મુફતી મુનવ્વર રઝા–ધોરાજી, ઉષ્માન ગની બાપુ–ધ્રોલ ઉપરાંત રાજકોટ, જુનાગઢ, અમદાવાદ, પ્ર.પાટણ, મુંબઈ, જોધપુર વગેરેની મશ્હૂર શખ્સિયતોએ હાજરી આપી હતી. દિવસ દરમ્યાન ખત્મે ક઼ાદરિયા, ઝિક્ર શરીફ, શજરા શરીફ, ફાતેહા, ચાદરપોશી વગેરે પ્રોગ્રામ થયા.

### ★ ઉર્સે અઝીઝી ★

**દયાદરા** : ખાતે ૯ મુહર્રમના રોજ ઝહોરની નમાઝ બાદ નાના ચકલા ભટાના ઘરેથી "જુલૂસે અઝીઝી" હઝરત મૌલાના સૈયદ અઝીઝ અહમદ

બડા સાહબ رحمۃ اللہ علیہના ઉર્સ નિમિત્તે નીકળ્યું હતું જે દરગાહ શરીફે પહોંચ્યું. જ્યાં હઝરત સૈયદ નૂરાનીબાવા, હઝરત સૈયદ ફરીદબાવાની સદારતમાં સંદલ વિધિ, ગુલપોશી, ફાતેહાખ્વાની કરવામાં આવી. પછી ન્યાઝ શરીફ હાજર મજમાને જમાડવામાં આવી હતી. રાત્રે ઈશા બાદ મહેફિલે સમાએ નઅતનો શાનદાર પ્રોગ્રામ થયો હતો.

## ★ યાદે શોહદાએ કર્બલાના તથા અન્ય ઉર્સોના પ્રોગ્રામો ★

**દયાદરા** : ખાતે ૧ મુહર્રમથી ૮ મુહર્રમ શરીફ સુધી હઝરત મૌલાના તૌસીફ રઝા હાફિઝ હસન (હલદરવી)એ શહીદની, અહલે બયતની, ખુલફાએ રાશિદીનની ફઝીલત પર જામા મસ્જિદમાં ઈશા બાદ મહેફિલે દુરૂદ તથા યાસીન શરીફના ખત્મ બાદ ઈમાન અફરોઝ બયાનો કર્યા. ૯ મુહર્રમની રાત્રે કારી મક્સૂદ સાહબ કાવીવાલા (પેશ ઈમામ–દયાદરા) થકી નઅતો મન્કબતનો શાનદાર પ્રોગ્રામ મોટા ચકલા પર થયો જેમાં પણ મૌલાના તૌસીફ સાહબે મુખ્તસર બયાન કર્યું હતું. ૧૦ મુહર્રમની રાત્રે મોટા ચકલા પર વાકિઆતે કર્બલા પર હઝરત મૌલાના મુહમ્મદ ઝહીર મિસ્બાહી સાહબે ઈમાન અફરોઝ બયાન કર્યું તથા ૧૦ મુહર્રમની સવારમાં ૮ વાગે મસ્જિદમાં પણ એ જ બયાન જારી રાખી પૂર્ણ કર્યું. નફલ નમાઝો વ્યક્તિગત પઢાઈ તથા દુઆએ આશૂરા પઢાવવામાં આવી ત્યાર બાદ દુઆ સલાતો સલામ થઈ. હુસૈની કમિટી તરફથી શરબતની વ્યવસ્થા થયેલ તે હાજરજનોને પાદરમાં તથા ગામમાં પણ વહેંચવામાં આવ્યું. તેમજ મૌલાના ઝહીર મિસ્બાહી થકી ૧૪ મુહર્રમની રાત્રે ઈશા બાદ **"જશ્ને મુફતીએ આ'ઝમ"** ઉર્સે હુઝૂર મુફતીએ આ'ઝમ رحمۃ اللہ علیہના મોકા પર મોટા ચકલા પર તથા **"ઉર્સે મખ્દૂમ સિમ્નાની"** رحمۃ اللہ علیہ નિમિત્તે રવિવાર તા. ૨–૧–૨૦૧૫ના અસર બાદ મસ્જિદમાં આપની શાનમાં શાનદાર બયાન કરવામાં આવ્યું. હઝરત સૈયદ અલી મિરાંદાતર, હઝરત શાહ વજીહુદ્દીન અલ્વી ગુજરાતી, હઝરત મખ્દૂમ સિમ્નાની તેમજ હઝરત અલ્લામા સિબ્તૈન રઝા رحمۃ اللہ علیہم اجمعین (કે જેમનો હાલમાં જ ઈન્તેકાલ થયો) તેમના ઈસાલે સવાબ અર્થે તા. ૧૩–૧૧–૨૦૧૫ જુમ્આની નમાઝ બાદ મસ્જિદમાં યાસીન શરીફનો ખત્મ રાખ્યો હતો.

**સુરત** : તા. ૨૭–૧૦–૨૦૧૫ મંગળવાર ઈશા બાદ મસ્જિદે રઝા–અમન સોસાયટી ખાતે "જશ્ને શહીદે આ'ઝમ વ ઉર્સે મખ્દૂમે સિમ્નાં વ ઉર્સે મુફતીએ આ'ઝમ" અલ બરકાત એકેડમી થકી મનાવાયો જેમાં બુલબુલે બાગે મદીના અલ્હાજ કારી રિઝવાન સાહબ (મુબલ્લિગે સુન્ની દા'વતે ઈસ્લામી–મુંબઈ)એ હાજરી આપી પોતાની આગવી અદામાં શાને અવલિયામાં બયાન સાથે નઅતો મન્કબત પેશ કરી હતી. હઝરત મુફતી નસીમ રઝા રઝવી સાહબ, જનાબ હાફિઝ અમીન સાહબ (નિગરાં : સુન્ની દા'વતે ઈસ્લામી–સૂરત) તેમજ મૌલાના મુહમ્મદ રફીક સાહબ, હાફિઝો કારી મુહમ્મદ સરફરાઝ..... વગેરેએ હાજરી આપી હતી.

**પ્ર. પાટણ** : (જિ. ગીર–સોમનાથ) ખાતે સરકાર ચાંદ કત્તાલ બાવાના ઉર્સ નિમિત્તે ૧૬ મુહર્રમ હિ.સ. ૧૪૩૭, તા. ૩૦–૧૦–૨૦૧૫ના રોજ હઝરત મૌલાના સૈયદ અમીનઅલી કાદરી (નિગરાં : સુન્ની દા'વતે ઈસ્લામી–માલેગાંવ)એ ખૂબ જ શાનદાર બયાન કરી હાજરજનોનાં ઈમાન તાજાં કરી દીધાં હતાં.

**જંબુસર** : થી જનાબ અલ્લારખા ફુટવાળા જણાવે છે કે ઘાંચીવાડમાં તા. ૨૬–૧૦–૨૦૧૫ સોમવારે ઈશા બાદ અમારા મર્હૂમ સુન્નિયતના હમદર્દ સાથી જનાબ હાજી દાઉદ અશરફીના પૌત્ર મુહમ્મદસુફયાનની શાદીના મોકા પર મુબલ્લિગે સુન્ની દા'વતે ઈસ્લામી જનાબ હાફિઝ અબ્દુર્રહીમ (નાઝિમે આ'લા : દારુલ ઉલૂમ બરકાતે ખ્વાજા–આમોદ)એ તશરીફ લાવી કસીદએ બુર્દા શરીફથી શરૂઆત કરી, ત્યારબાદ નિકાહ વિશે બોધદાયક બયાન કર્યું હતું.

**ન્યૂયોર્ક** : અમીરે સુન્ની દા'વતે ઈસ્લામી હઝરત મૌલાના મુહમ્મદશાકિર નૂરી હાલ યુ.એસ. પહોંચ્યા છે. ઓસન સાઈડ ન્યૂયોર્ક ખાતે તા.

૬–૧૧–૨૦૧૫ના રોજ આપે ''સુકૂન'' (Peace of Life)ના વિષયે ઈમાન અફરોઝ સુકૂનબખ્શ બયાન કર્યું હતું. ઉપરાંત અન્ય દઅવતી પ્રોગ્રામો ચાલી રહ્યા છે.

**વઢવાણસીટી** : ખાતે ૧૩–મુહર્રમ હિ.સ. ૧૪૩૭, તા. ૨૭–૧૦–૨૦૧૫ના રોજ ઈશા બાદ હઝરત સૈયદ તસ્નીમુલ કાદરી મહબૂબની સદારતમાં ''જશ્ને શહીદે આ'ઝમ વ મુફતીએ આ'ઝમ'' મનાવાયો જેમાં મુકર્રિરે ખાસ ડો. હસન રઝાખાં Phd. સાહબ તશરીફ લાવ્યા હતા. દારુલ ઉલૂમ ફૈઝે મુફતીએ આ'ઝમની નવી બિલ્ડિંગનું ઉદ્‌ઘાટન પણ કરવામાં આવ્યું. જેમાં નિઝામત હઝરત અલ્લામા મુખ્લિસ રઝાએ સંભાળેલી, ઉપરાંત જામનગરના હઝરત સૈયદ મહબૂબ રઝા કાદરી નૂરી, સૈયદ હસ્નૈન રઝા કાદરી નૂરી, સૈયદ અબ્દુર્રઝ્ઝાક હસ્સાન નૂરી તથા રાજકોટથી હઝરત સૈયદ હશ્મત રઝા, સૈયદ તેહસીન રઝા તથા અન્ય નઅતખ્વાં હઝરાત, સ્થાનિક ઉલમાએ હાજરી આપી હતી.

*–રજૂકર્તા : અ. સત્તાર રઝવી (વઢવાણ)*

## :: શાદી મુબારક ::

**ચાંચવેલ** : નિવાસી મહેબૂબ ઈબ્રાહીમ અલી બાપુના નેક ફરઝંદ ''મૌલાના મુહમ્મદ અશ્ફાક''ના નિકાહ ૨૫–મુહર્રમુલ હરામ, હિ.સ. ૧૪૩૭, તા. ૮–૧૧–૨૦૧૫ રવિવારે મુહમ્મદ ઈસ્માઈલ બાપુ (બાબર)ની નેક દુખ્તર ''બેનઝીર'' સાથે વોરાસમની મુકામે થયા. બીજા દિવસે વલીમો વાગરા હોલમાં રાખવામાં આવ્યો હતો. દુલ્હા દુલ્હન કુટુંબીજનોને ખૂબ ખૂબ મુબારકબાદ ! *–તંત્રી*

## અમો આપના આભારી છીએ (અલ્લાહ બેહતરીન જઝા આપે)

**જનાબ મહેબૂબભાઈ શેખ (એગ્રીકલ્ચરવાળા)** પોતે પોતાના ઘરમાં સ્પેશ્યલ રૂમ ફાળવી ''ફયઝાને મુસ્તફા લાયબ્રેરી'' ૧૦ વરસથી ચલાવે છે ૮૦૦૦ કિતાબો હાલ ધરાવે છે. તેમણે નેક ઈરાદા સાથે કમર કસીને ''બરકાતે ખ્વાજા (માસિક)''ના ગ્રાહકો વધારવાની ઝુંબેશ શરૂ કરી છે. **૩૦ નવા ગ્રાહકો**ની યાદી રકમ સાથે કાર્યાલયને પહોંચાડી છે. હજી વધુ ગ્રાહકોની નોંધણી ચાલુ જ છે. અલ્લાહ તેના પ્યારા હબીબ ﷺના સદકામાં તેમને આ નેક કાર્યનો બેહતરીન બદલો બંને જહાનમાં આપે.

એમણે એક વિનંતિ પત્ર થકી કરી છે કે ''ફયઝાને મુસ્તફા લાયબ્રેરી'' માટે જેમની પાસે નવી જૂની એકસ્ટ્રા કિતાબો હોય તો મઝકૂર લાયબ્રેરી પર નીચેના સરનામે પહોંચાડશો જેથી અધિક લોકો ફયઝ ઉઠાવી શકે. *–તંત્રી*

**સંપર્ક કરો** :– ફયઝાને મુસ્તફા લાયબ્રેરી, C/o. મહેબૂબભાઈ શેખ (એગ્રીકલ્ચરવાળા), હિના એપાર્ટમેન્ટવાળી ગલીમાં, સૈયદવાડા, બગદાદી આશિયાના–જૂનાગઢ, પિન : ૩૬૨ ૦૦૧, મો. ૯૮૨૪૮ ૮૩૭૯૬

## :: એક અનુકરણીય કદમ ! ::

**અમદાવાદ** : મિર્ઝાપુર ખાતે કુરૈશી મુહમ્મદ ઈદરીસ અબ્દુર્રહમાન (શેરભાઈવાલા)ના વાલિદા માજિદા મર્હૂમા કુરૈશી સુગરા બીબીનો તા. ૫–૧૦–૨૦૧૫ના સોમવારે ૯૬ વરસની વયે ઈન્તેકાલ થયો છે. રબ્બે કરીમ મર્હૂમાની કરવટ કરવટ મગફિરત ફર્માવે, જન્નતમાં આ'લા મકામ અતા કરે. કુટુંબીજનોને સબ્રે જમીલ અતા કરે. (આમીન) *–તંત્રી : બરકાતે ખ્વાજા માસિક–(દયાદરા)*

**નોંધનીય વાત** તથા સર્વેએ **અનુસરવા જેવી વાત** એ છે કે જનાબ કુરૈશી મુહમ્મદ ઈદરીસ સાહબે પોતાના વાલિદા મર્હૂમાના સવાબ અર્થે ૧૭ ગ્રાહકોનાં ૧–વરસ માટે ''બરકાતે ખ્વાજા (માસિક)''નાં પોતાના તરફથી રકમ આપી પોતાનાં સગાંઓને પહોંચાડવા સરનામાં નોંધાવ્યાં છે. આ રીતે ઈલ્મે દીનનો પ્રચાર કરી પોતાનાં વાલિદાને સવાબનું નઝરાણુ પેશ કર્યું છે. રબ્બે કરીમ તેના હબીબ ﷺના સદકામાં તેમની કોશિશ કબૂલ ફર્માવે અને તેનો બેહતરીન બદલો એમને બંને જહાનમાં અતા ફર્માવે. (આમીન) *–તંત્રી*

## ઈન્તેકાલ પુરમલાલ !

**બોડેલી :** ખત્રી નિસાર અહમદ હાજી ઉસ્માનજી (ઉર્ફે ભુરાભાઈનો) લગભગ ૪૮ વર્ષની વયે તા. ૧૬/૧૦/૨૦૧૫ના રોજ લીવરની તકલીફના કારણે ઈન્તેકાલ કરી ગયા. મર્હૂમે મસ્જિદે અહમદી–અલીપુરામાં ખૂબ જ અગત્યનો ફાળો અપાવ્યો હતો.

**કુરચણ :** મુકામે "બરકાતે ખ્વાજા" (માસિક)ના ચાહક હાફેઝ યૂસુફ રઝવી સાહબ કડવાડી ઉર્ફે અંગુઠીના વાલિદા માજીદા હજયાણી રુકૈયા બહેન આદમ અંગુઠીનો તા. ૨૩–૧૦–૨૦૧૫ અને ૯ મુર્હરમુલ હરામ હિ.સ. ૧૪૩૭ને જુમ્આના રોજ અચાનક દુ:ખદ ઈન્તેકાલ થતાં અલ્લાહ તઆલાની રહમતમાં પહોંચી ગયાં છે. મર્હૂમા સોમો સલાતનાં પાબંદ તેમજ નવાફિલ રોઝા નમાઝોનાં પણ ઘણા પાબંદ, કમ ગો, નેક સ્વભાવનાં હતાં.

**અજમેર શરીફ :** દરબારે ખ્વાજામાં અકબરી મસ્જિદના માજી ઈમામ તથા હાલ સંદલી મસ્જિદના પેશ ઈમામ હઝરત મૌલાના જાન મુહમ્મદ બાડમેરી ૪–મુહર્રમ હિ.સ. ૧૪૩૭, ૧૮–૧૦–૨૦૧૫ના રોજ અજમેર શરીફમાં અચાનક ઈન્તેકાલ કરી ગયા. અજમેર શરીફમાં રહીને આસપાસમાં કેટલાયે મદ્રસા–મસ્જિદો સ્થાપિત કરાવી અને દારુલ ઉલૂમ મોઈનિયા ઉસ્માનિયામાં મુદર્રિસ પણ રહ્યા.

**જામજોધપુર :** ખાતે આશૂરાના દિવસે (તા. ૨૪–૧૦–૨૦૧૫)ના જનાબ વિલાયત રઝાખાં જન્નતનશીન થયા છે. તેમના ઈન્તેકાલના સમાચાર સાંભળી અને તેમના અઝીઝો અકારિબ મોટી સંખ્યામાં જનાઝામાં સામેલ થયા હતા. મર્હૂમ વિલાયત રઝાખાં મોહસિને કાઠિયાવાડ ખલીફએ આ'લા હઝરત મૌલાના મહમૂદ જાન જોધપુરી رحمۃ اللہ علیہના પૌત્ર હતા. મુફતીએ આ'ઝમે હિંદના મુરીદ હતા તથા જામજોધપુર સુન્ની મુસ્લિમ જમાતના પ્રમુખ હતા.

**બદલપુર :** મર્હૂમા હજીયાણી ઝીનતબીબી હાજી સઆદતઅલીનો ઈન્તેકાલ ૪–રમઝાન–૧૪૩૬, તા. ૨૦–૬–૨૦૧૫ સોમવારના રોજ થયો હતો જેમની નમાઝે જનાઝા કણભાવાળા હસન અલી બાપુએ પઢાવી હતી. મર્હૂમાના સવાબ અર્થે રૂા. ૨૦૦/– સૈયદ હાજી શબ્બીર અલી સઆદતઅલી તરફથી મળ્યા છે.

**પારખેત :** થી "બરકાતે ખ્વાજા" (માસિક)ના ચાહક તથા "સુન્ની દા'વતે ઈસ્લામી"ના હમદર્દ જનાબ અઝહરુદ્દીનભાઈ રોકડ જણાવે છે કે અમારા પિત્રાઈ ભાઈ સીરાજ ઈબ્રાહીમ રોકડ ૪૬ વરસની વયે હાર્ટ એટેકથી તા. ૧૭–૮–૨૦૧૫ના રોજ સોમવારના ઈન્તેકાલ કરી ગયા.

**કોઠી :** (વાંકાનેર) થી બરકાતે ખ્વાજા (માસિક) તથા ઈસ્લામિક વેલ્ફેર મિશન–દયાદરાના ચાહક તથા હમદર્દ જનાબ અ. ગફફાર એસ. કાઝી જણાવે છે કે ૨૧–શવ્વાલ હિ.સ. ૧૪૩૬ તા. ૭–૮–૨૦૧૫ જુમ્આના રોજ તેમની ચહીતી એકની એક પુત્રી શબનમબાનુ અલ્લાહની રહમતમાં પહોંચી ગયાં.

**રાજગઢ (પંચમહાલ) :** ખાતે "બરકાતે ખ્વાજા"માસિકના ખાસ ચાહક, સુન્ની આગેવાન જનાબ રફીકભાઈ એડવોકેટ સાહબનો ૩–મુહર્રમુલ હરામ, હિ.સ. ૧૪૩૭, તા. ૧૬–૧૦–૨૦૧૫ જુમ્આના રોજ અચાનક હાર્ટ એટેકમાં દુ:ખદ ઈન્તેકાલ થયો છે.

રબ્બે કરીમ તેના પ્યારા મહબૂબ ﷺના સદકામાં સર્વ મર્હૂમોની કરવટ કરવટ મગફેરત ફર્માવે, જન્નતમાં આ'લા મકામ અતા કરે, કુટુંબીજનોને, સ્નહીઓને, ચાહકોને સબ્રે જમીલ અતા કરે. (આમીન) સર્વ મર્હૂમોના માટે **દારુલ ઉલૂમ બરકાતે ખ્વાજા–આમોદ** તથા **દારુલ ઉલૂમ ગુલશને અજમેર–ભરૂચ** ખાતે કુર્આનખ્વાની કરાવીને ઈસાલે સવાબ કરી મગફેરતની દુઆ કરવામાં આવી હતી.

*–તંત્રી : બરકાતે ખ્વાજા માસિક–(દયાદરા)*